પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

**સુવિચાર**

દુનિયાનો સૌથી સુંદર સબંધ એ જ છે, જ્યાં એક નાની મુસ્કાન અને નાની માફીથી જીંદગી પહેલા જેવી થઈ જાય છે.

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૩૧-૧૨-૨૦૨૫, બુધવાર
વર્ષ: ૧૪, અંક : ૨૫૧

**અમદાવાદની સિવિલે ગત વર્ષમાં ૫૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરીને ડંકો વગાડ્યો**

(વાંચો છેલ્લા પાને)

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

# પોરબંદર, દ્વારકા અને ભુજ સહિત દરિયાકાંઠા વિસ્તારમાં ઠંડી વચ્ચે 'માવઠાં'ની મોકાણ!

## વહેલી સવારથી પોરબંદરના સુદામાચોક, એરપોર્ટ, કમળાબાગ, છાયા વિસ્તારમાં તેમજ દ્વારકા, કલ્યાણપુર અને આસપાસના ગામોમાં માવઠું વરસ્યું


તસવીર: અશોક થાનકી, પોરબંદર

**અબતક, રાજકોટ**

પોરબંદરમાં ભરશિયાળે વહેલી સવારથી હવામાનમાં પલટો આવ્યો હતો. સવારથી માવઠાં વરસ્યા હતા. પોરબંદરના સુદામાચોક, એરપોર્ટ, કમળાબાગ, છાયા સહિતના વિસ્તારોમાં માવઠું થયું હતું. વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ છવાયેલું હતું. દ્વારકા, કલ્યાણપુર અને આસપાસના ગામોમાં પણ ઝરમર વરસાદ નોંધાયો છે.માવઠાના કારણે ખેડૂતોની ચિંતા વધી હતી. તે સિવાય બનાસકાંઠાના વાતાવરણમાં પલટો આવ્યો હતો. અમીરગઢ, દાંતા, અંબાજીમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. પાલનપુર, વડગામમાં પણ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. બનાસકાંઠામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં વર્ષના અંતે ફરી

(અનુ. આઠમા પાને)

### માવઠાને કારણે શિયાળુ પાક ઘઉં, જીરું અને રાયડાને નુકસાન પહોંચવાની ભીતિ: વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને તળે સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં બે દિવસ કમોસમી વરસાદની આગાહી

### શુક્રવારથી કાતિલ ઠંડીનો રાઉન્ડ શરૂ થશે

શુક્રવારથી રાજ્યમાં ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થશે. કોલ્ડ વેવ આવવાની અને તીવ્ર ઠંડી પડવાની પણ શક્યતા છે. ક્લાઈમેટ ચેન્જ અને વાતાવરણમાં થતા ફેરફારોને કારણે આ વર્ષે ઠંડીમાં ઘટાડો અને માવઠાંના વરસાદમાં વધારો જોવા મળી રહ્યો છે. ખેડૂતોને આ વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને જરૂરી તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.કચ્છના તમામ વિસ્તારોમાં માવઠાની છે. સૌરાષ્ટ્રમાં મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, પોરબંદર, દ્વારકા અને જામનગરના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથમાં સામાન્ય ઝાપટાં પડી શકે છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં માવઠું થઈ શકે છે. દક્ષિણ ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને અમુક જગ્યાએ સામાન્ય ઝાપટાં પડી શકે છે.

# સ્વિગી-ઝોમેટો જેવા ઈ-કોમર્સના લોકો આજે ડિલિવરી નહિ કરે!


## નવા વર્ષની પૂર્વ સંધ્યાના ચમક-ધમક વચ્ચે આજે ઝોમેટો, સ્વિગી, બ્લિંકિટ, ઝેપ્ટો, ફ્લિપકાર્ટ, બિગબાસ્કેટ અને એમેઝોન જેવા મુખ્ય પ્લેટફોર્મ સાથે સંકળાયેલા ગિગ વર્કર્સની દેશવ્યાપી હડતાળ

**અબતક, નવી દિલ્હી**

દેશ અને દુનિયા ૨૦૨૬ ને આવકારવામાં વ્યસ્ત છે, ત્યારે ઓનલાઈન ડિલિવરી પાર્ટનર્સ તેમની ઘટતી કમાણી, અસુરક્ષિત ૧૦-મિનિટ ડિલિવરી મોડેલ, સામાજિક સુરક્ષાનો અભાવ અને અલ્ગોરિધમના દબાણ સામે અવાજ ઉઠાવી રહ્યા છે.

નવા વર્ષની પૂર્વ સંધ્યાના ચમક-ધમક અને ગ્લેમર વચ્ચે આજે ઝોમેટો, સ્વિગી, બ્લિંકિટ, ઝેપ્ટો, ફ્લિપકાર્ટ, બિગબાસ્કેટ અને એમેઝોન જેવા મુખ્ય પ્લેટફોર્મ સાથે સંકળાયેલા ગિગ વર્કર્સે દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. આ હડતાળ નવા વર્ષની પૂર્વ સંધ્યાની ઉજવણીમાં ખલેલ પાડી શકે છે, કારણ કે ફૂડ, ગ્રોસરી અને અન્ય ઓનલાઈન ડિલિવરીની માંગ સામાન્ય કરતા ઘણી વધારે છે.

યુનિયનના નિવેદનમાં જણાવાયું છે કે ડિલિવરી કામદારો પ્લેટફોર્મની




કરોડરજ્જુ તરીકે સેવા આપે છે, ખાસ કરીને સપ્તાહના અંતે, પીક અવર્સ અને તહેવારો દરમિયાન છતાં તેઓ કામના વધુ કલાકો, અસુરક્ષિત ડિલિવરીની સમયમર્યાદા અને સતત ઘટતી કમાણી જેવા પડકારોનો સામનો કરે છે. ગિગ કામદારો કહે છે કે જ્યાં સુધી કામ કરવાની પરિસ્થિતિઓ, વેતન અને સામાજિક સુરક્ષા સંબંધિત તેમની માંગણીઓ પર ગંભીરતાથી વિચાર કરવામાં નહીં આવે ત્યાં સુધી તેમનો વિરોધ ચાલુ રહેશે.

સ્વિગી દેશની મોટી ડિલિવરી કંપની છે. તેની વાર્ષિક કમાણી આશરે ૧૫,૨૨૭ કરોડ રૂપિયા છે. એટલે કે દરરોજ સરેરાશ ૪૧.૭ કરોડ રૂપિયાનું વેચાણ થાય છે.

### ગિગ વર્કર્સની મુખ્ય માંગણીઓ

૧. લઘુત્તમ વેતન જેટલી ઓછામાં ઓછી ગેરંટીકૃત આવક

૨. કેબ ડ્રાઈવરો માટે પ્રતિ કિલોમીટર ૨૦ રૂપિયાની લઘુત્તમ ચુકવણી સહિત સ્પષ્ટ અને પારદર્શક વેતન વ્યવસ્થા

૩. દિવસના આઠ કલાક કે તેથી વધુ કામ કરવા બદલ ઓવરટાઈમ પગાર


૪. અકસ્માત, બીમારી અને ઈમરજન્સી માટે વીમો અને સામાજિક સુરક્ષા

૫. ''૧૦-મિનિટ ડિલિવરી'' મોડેલને નાબૂદ કરવું, કારણ કે તે ઉતાવળ અને અસુરક્ષિત ડ્રાઈવિંગને પ્રોત્સાહન આપે છે

૬. કામદારોએ સલામત કાર્યકારી વાતાવરણની માંગ કરી છે. તેઓ કહે છે કે શિયાળામાં ગાઢ ધુમ્મસને કારણે મોડી રાત્રે વાહન ચલાવવું જોખમી છે, તેથી ધુમ્મસવાળા હવામાનમાં રાત્રે ૧૧ વાગ્યા પછી ડિલિવરી બંધ કરવી જોઈએ.

# ૧૫ ઓગસ્ટથી શરૂ કરાયેલી પીએમ વિકસિત ભારત રોજગાર યોજનાનો ૨૦ લાખથી વધુ કર્મચારીઓને લાભ મળ્યો

## યોજના હેઠળ આગામી બે વર્ષમાં ૩.૫ કરોડથી વધુ નોકરીઓ ઉભી કરવાનો લક્ષ્ય: અત્યાર સુધીમાં ૧.૬૩ લાખથી વધુ નોકરી દાતાઓએ પણ લીધો યોજનાનો લાભ



**અબતક, નવી દિલ્હી**

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયે જાહેર કર્યું છે કે પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજનાની શરૂઆત ૧૫ ઓગસ્ટથી થઈ છે અને તેનાથી અત્યાર સુધીમાં ૨૦ લાખથી વધુ નવા કર્મચારીઓને લાભ મળ્યો છે. આ યોજના દેશમાં રોજગારી વધારવા, કુશળતા વધારવા અને સામાજિક સુરક્ષા મજબૂત કરવા માટે શરૂ કરવામાં આવી છે, જેમાં વિશેષ ધ્યાન ઉત્પાદન ક્ષેત્ર પર છે.

મંત્રાલયના વર્ષાંત અવલોકન ૨૦૨૫ અનુસાર, આ યોજનાનો લાભ લીધેલા ૨૦,૭૦,૧૩૫ પ્રથમ વખત નોકરી કરતા કર્મચારીઓ છે. આ ઉપરાંત, ૧,૬૩,૯૯૪ નોકરીદાતાઓને પણ લાભ મળ્યો છે, જ્યારે પ્રધાનમંત્રી

(અનુ. આઠમા પાને)

### કર્મચારીઓ અને નોકરીદાતાઓને કેવી રીતે મળે છે લાભ?

આ યોજના હેઠળ, પ્રથમ વખત નોકરી કરતા કર્મચારીઓને એક મહિનાનું વેતન (મહત્તમ ૧૫,૦૦૦ રૂપિયા) મળે છે. આ તેમને નવી નોકરીમાં પગ મળતા તરત જ આર્થિક મદદ આપે છે, જેથી તેઓ આત્મવિશ્વાસથી કામ કરી શકે. બીજી તરફ, નોકરીદાતાઓને વધારાના રોજગાર આપવા માટે બે વર્ષ સુધી પ્રોત્સાહન મળે છે. યોજનાના નિયમો અનુસાર, જો કોઈ કંપની નવા કર્મચારીઓને ભરતી કરે, તો તેને આર્થિક સહાય મળે છે. ઉત્પાદન ક્ષેત્રના નોકરીદાતાઓને વધારાના બે વર્ષ માટે આ લાભ મળે છે, જેથી તેઓ વધુ રોકાણ કરીને કારખાનાઓ વધારી શકે. ઉદાહરણ તરીકે, જો કોઈ યુવાન પહેલી વખત ફેક્ટરીમાં કામ કરવા જાય, તો તેને તરત જ ૧૫,૦૦૦ રૂપિયા મળે છે. અને તેના માલિકને પણ સરકાર તરફથી પૈસા મળે છે, જેથી તે વધુ લોકોને નોકરી આપી શકે. આ રીતે, યોજના બંને પક્ષોને ફાયદો કરે છે અને દેશની અર્થવ્યવસ્થા મજબૂત બને છે.

### ગીગ અને પ્લેટફોર્મ વર્કર્સ માટે નવી તૈયારીઓ

મંત્રાલય વર્ષાંત અવલોકનમાં જણાવ્યું છે કે, ગીગ ઈકોનોમી અને પ્લેટફોર્મ વર્કર્સ (જેમ કે ઓલા, ઉબર ડ્રાઈવર્સ, ફૂડ ડિલિવરી બોય્ઝ) માટે સામાજિક સુરક્ષાનું ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ કામગારોને પણ પેન્શન, આરોગ્ય વીમો અને અન્ય લાભો મળે તે માટે કામ ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં ૧૨ મોટા એગ્રિગેટર્સ (પ્લેટફોર્મ કંપનીઓ)ને યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે. આથી, આ કામગારોને પણ ભવિષ્યમાં વધુ સુરક્ષા મળશે.

# ખોટનો વેપલો કરતી ઈ-કોમર્સ કંપનીઓના આઈપીઓ રોકવા એફએમસીજીની સેબીને આજીજી

## આઈપીઓથી મોટા રોકાણકારો નફો કમાઈ જાય અને નુકસાનનો બોજ નાના રોકાણકારો પર પડતો હોવાની રાવ

**અબતક, નવી દિલ્હી**

ભારતના વિતરણકારો અને કિરાણા વેપારીઓનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા એઆઈસીપીડીએફએ બજાર નિયામક સેબીને ભલામણ કરી છે કે, નુકસાનીમાં ચાલતી ઝડપી વેપાર (ક્વિક-કોમર્સ) અને ઈ-કોમર્સ કંપનીઓના ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ પર તાત્કાલિક અસ્થાયી રોક મૂકવામાં આવે. આ વિનંતી કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયામાં ચાલી રહેલી તપાસ પૂરી થયા પછી જ આઈપીઓને મંજૂરી આપવાની છે.

એઆઈસીપીડીએફ, જે ૪.૫ લાખથી વધુ વિતરણકારો અને ૧.૩ કરોડથી વધુ કિરાણા અને રિટેલની દુકાનોનું પ્રતિનિધિત્વ કરે છે, તેમણે કહ્યું કે આ કંપનીઓમાં મોટું નુકસાન ચાલુ છે, કેશ ફ્લો નેગેટિવ છે અને તેમના વ્યવસાયની વાસ્તવિક કમાણી સાબિત થઈ નથી. આ કંપનીઓ વિદેશી રોકાણકારોના પૈસા પર ચાલે છે, જેનો ઉપયોગ ગ્રાહકોને ડિસ્કાઉન્ટ, સબસિડી અને મોટા વેરહાઉસ (ડાર્ક સ્ટોર) બનાવવા માટે થાય છે.

સંસ્થાએ કહ્યું કે, ઝોમેટો અને સ્વીગી જેવી કંપનીઓએ વર્ષોના

(અનુ. આઠમા પાને)

# થ્રી વ્હિલરવાળા ઈલેક્ટ્રિકલ વ્હીકલ ઉપર સબસીડી બંધ કરાઈ

### ઈલેક્ટ્રિક બસ અને ટ્રકમાં હજુ પ્રારંભિક તબક્કો

પીએમ ઈ-ડ્રાઈવ યોજના હેઠળ ઈલેક્ટ્રિક બસ અને ટ્રકના ક્ષેત્રમાં હજુ કોઈ માંગ જોવા નથી મળી. આ વાહનો હાલમાં પરીક્ષણ (ટેસ્ટિંગ)ના તબક્કામાં છે. સરકારના ગણતરી મુજબ, આ યોજનામાં ૧૪,૦૦૦ ઈલેક્ટ્રિક બસ અને ૫,૬૪૩ ટ્રક માટે સહાયની વ્યવસ્થા કરી છે. જો કે, આ ક્ષેત્રમાં વધુ પ્રગતિ માટે સમય જરૂરી છે.

### ચાર્જિંગ સ્ટેશનો ઉભા કરવા જરૂરી

ઓટો ઉદ્યોગના વડાઓએ કહ્યું કે, વીજળીથી ચાલતા વાહનોના વિસ્તાર માટે ચાર્જિંગની સુવિધા (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) પર વધુ ધ્યાન આપવું પડશે. આ માટે સર્વિસ પ્રોવાઈડર્સ (સેવા આપનારી કંપનીઓ)ને આગળ આવવું પડશે. જો ચાર્જિંગ સ્ટેશનો વધુ વધે તો જ આ વાહનોનો ઉપયોગ વધશે.

## યોજનાના લક્ષ્ય પ્રમાણે ૨.૯ લાખ વાહનોનું પૂર્ણ થયું: ઈ ઓટો રીક્ષાનો ઉપયોગ હાલ ૩૨% એ પહોંચ્યો

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે પીએમ ઈ-ડ્રાઈવ યોજના હેઠળ ઈલેક્ટ્રિક ઓટો-રિક્ષા પરની સબસિડીને અંત લાવવાનો નિર્ણય લીધો છે. આ યોજનાના લક્ષ્ય પ્રમાણે ૨.૯ લાખ વાહનોનું પૂર્ણ થયું છે. ઓટો રીક્ષા જેવા વીજળી વાહનોનો ઉપયોગ હાલ ૩૨% છે, જે કેન્દ્રના લક્ષ્ય સાથે મેળ ખાઈ રહ્યો છે. હવે આ ક્ષેત્રે પ્રોત્સાહન આપવાનું રાજ્યો પર ઉતારી દેવામાં આવ્યું છે. એક અધિકારીએ કહ્યું, ''આપણું ધ્યેય ૨૦-૩૦% સુધી પહોંચવાનું હતું, જે પૂરું થયું છે. ઉદ્યોગને પણ આમાં કોઈ આક્ષેપ નથી.'' બે પગલાં વાહનો (સ્કૂટર-બાઈક) માટે હાલ પેનેટ્રેશન ૭.૫% છે. અહીં સબસિડી આગામી નાણાકીય વર્ષમાં પણ ચાલુ રહી શકે છે. નવા વર્ષની શરૂઆતમાં આ અંગે અંતિમ નિર્ણય લેવાશે. ટુ વ્હીલર વાહનો માટે લક્ષ્ય ૨૫ લાખ યુનિટનું હતું,

(અનુ. આઠમા પાને)

# લ્યો કરો વાત...ભારત-પાકિસ્તાન યુદ્ધ અટકાવ્યાનો ટ્રમ્પ પછી ચીને પણ દાવો ઠોક્યો

## ઉત્તરી મ્યાનમાર, ઈરાની પરમાણુ મુદ્દો, પાકિસ્તાન-ભારત વચ્ચેનો તણાવ, પેલેસ્ટાઈન અને ઈઝરાયલના મુદ્દાઓ અને કંબોડિયા- થાઈલેન્ડ વચ્ચેના સંઘર્ષમાં મધ્યસ્થી કરાવી હોવાનો ચીનના વિદેશ પ્રધાનનો બાંગો

**અબતક, નવી દિલ્હી**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પછી, ચીને હવે ભારત-પાકિસ્તાન સંઘર્ષ અંગે મોટો દાવો કર્યો છે. ચીન કહે છે કે તેણે ભારત-પાકિસ્તાન યુદ્ધમાં મધ્યસ્થી કરી હતી. ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ મંગળવારે દાવો કર્યો હતો કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ આ વર્ષે ચીને ''મધ્યસ્થી'' કરેલા મુખ્ય સંવેદનશીલ મુદ્દાઓમાંનો એક હતો.



બેઈજિંગમાં આયોજિત આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને ચીનના વિદેશી સંબંધો પરના એક પરિસંવાદમાં વાંગે કહ્યું, ''આ વર્ષે, સ્થાનિક યુદ્ધો અને સરહદ પારના સંઘર્ષો બીજા વિશ્વયુદ્ધના અંત પછી કોઈપણ સમય કરતાં વધુ વખત ફાટી નીકળ્યા. ભૂ-રાજકીય ઉથલપાથલ સતત ફેલાઈ રહી છે.'' તેમણે ઉમેર્યું, ''સ્થાયી શાંતિ સ્થાપિત કરવા માટે, અમે ઉદ્દેશ્ય અને તર્કસંગત અભિગમ અપનાવ્યો છે અને લક્ષણો અને મૂળ કારણો બંનેને સંબોધવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.''

ચીનના વિદેશ પ્રધાને કહ્યું, ''મડામારીના મુદ્દાઓને ઉકેલવા

(અનુ. આઠમા પાને)

### એક 'આઈડિયા' દુનિયા બદલ દે...

# વોડફોન-આઈડિયાને સરકારની મોટી રાહત: રૂ.૮૭,૬૯૫ કરોડનો એજીઆર તાત્કાલિક નહિ ચૂકવવો પડે

## આ ચુકવણી હવે નાણાકીય વર્ષ ૨૦૩૨ અને ૨૦૪૧ વચ્ચે ૧૦ વર્ષની મુદતમાં કરવાની રહેશે

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્રીય મંત્રીમંડળે દેવા હેઠળ દબાયેલી ટેલિકોમ કંપની વોડાફોન-આઈડિયા માટે એક મોટા રાહત પેકેજને મંજૂરી આપી. આ નિર્ણય હેઠળ, કંપનીના રૂ.૮૭,૬૯૫ કરોડના એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ (એજીઆર) બાકી રકમને અસ્થાયી રૂપે ફ્રીઝ કરવામાં આવી છે. આનો અર્થ એ થયો કે કંપનીએ હવે આ મોટી રકમ તાત્કાલિક ચૂકવવાની રહેશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ચુકવણી હવે નાણાકીય વર્ષ ૨૦૩૨ અને ૨૦૪૧ વચ્ચે ૧૦ વર્ષની મુદતમાં કરવાની રહેશે.

કેબિનેટે વોડાફોન-આઈડિયાને પાંચ વર્ષની મુદત

(અનુ. આઠમા પાને)

હમકો મન કી શક્તિ દેના, મન વિજય કરે

# એક ઊંડો શ્વાસ+એક મક્કમ નિર્ણય=મનની સૌથી મોટી જીત

## મનની તાકાત એ દરેક ''ના'' કહેવાની હિંમતમાં છુપાયેલી છેઃ મજબૂત મન એટલે એવું નહીં કે દુઃખ ન આવે, પણ દુઃખ આવે ત્યારે પણ અડીખમ ઊભું રહી શકેઃ મનની મજબૂતી એ શારીરિક તાકાત કરતાં પણ વધુ મહત્વની છેઃ આધ્યાત્મિક દૃષ્ટિએ મનને પાર કરીને ચેતના સુધી પહોંચવું એ ધ્યાનનો ઉદ્દેશ છે


નોલેજ કોર્નર




ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

જીવનમાં સૌથી મોટી લડાઈ મનની અંદર જ થાય છે. જે વ્યક્તિ પોતાના વિચારો અને લાગણીઓ પર નિયંત્રણ રાખી શકે છે, એ જ વ્યક્તિ મુશ્કેલ સમયમાં પણ ટકી રહે છે. આજે વિશ્વમાં અમેરિકા જેવા ઘણા દેશોમાં મેક યોર માઈન્ડ દિવસ ઉજવાય રહ્યો છે, ત્યારે સોશિયલ મીડિયાના માધ્યમથી મોટાભાગના દેશમાં આ દિવસ ઉજવાય રહ્યો છે.સકારાત્મક આત્મ-વાતચીત એ મનની સૌથી મોટી દવા છે. હું નહીં કરી શકુંને બદલે હું હજુ સુધી નથી શીખ્યો કે હું આ કરી શકું છું એવું બોલવાની આદત બનાવો. તમારું મન તમને જે કહે છે, તેના પર જ વિશ્વાસ કરો છે.

તમારા જીવનનો અંદાજ લગાવો અને તમારે ક્યાંથી શરૂઆત કરવી જોઈએ? સત્ય એ છે કે આ પ્રશ્નનો જવાબ ફક્ત તમે જ જાણો છો. વર્ષનો આ છેલ્લો દિવસ તમારા અત્યાર સુધીના જીવન વિશે વિચારવા માટે થોડો સમય કાઢવાનો, તમે તેનાથી કેટલા સંતુષ્ટ છો, તમે શું બદલાવ લાવશો, અને સૌથી અગત્યનું, તે ફેરફારો થાય તે માટે તમારે કયા નિર્ણયો લેવા પડશે અને તેમને વળગી રહેવું પડશે તે માટે યોગ્ય છે. જીવનમાં દરેક મોટું પગલું ઘણા નાના નિર્ણયોની શ્રેણીથી બનેલું હોય છે, અને તમારે તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તેમાંથી દરેક લેવા પડશે.




અસ્વીકારને સ્વીકારવાની ક્ષમતા મનને અજેય બનાવે છે. દરેક વ્યક્તિને ના સાંભળવી પડે છે, નિષ્ફળતા આવે છે. જે લોકો ના-ને આજની ના માને છે નહીં કે હંમેશાની ''ના'' તેઓ માનસિક રીતે વધુ મજબૂત બને છે.રોજ થોડી અસહજતા સહન કરવાની પ્રેક્ટિસ કરો જેમકે ઠંડા પાણીથી નાહવું, વહેલા ઉઠવું, ના કહેવાનું શીખવું, ભૂખ સહન કરવી આ બધી નાની-નાની અસહજતાઓ જ મનની સહનશક્તિ વધારે છે.ધ્યાન અને શ્વાસની કસરત મનનું જિમ છે. દરરોજ ૧૦-૧૫ મિનિટ પણ શાંત બેસીને શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી મનની અસ્થિરતા ઘટે છે અને એકાગ્રતા ખૂબ વધે છે. તમે જે વાંચો છો અને જુઓ છો તે તમારું મન બનાવે છે. સોશિયલ મીડિયાની નકારાત્મકતા, ઝેરી સમાચાર, નીચા સ્તરનું મનોરંજન છોડી દો. સારા પુસ્તકો, પ્રેરણાદાયી વાતો અને જ્ઞાનવર્ધક સામગ્રીથી મનને ભરો. એક સમયે એક જ વસ્તુ પર ધ્યાન આપવાનું શીખો કારણકે મલ્ટીટાસ્કિંગ મનને નબળું બનાવે છે. એક કામ પૂરું કર્યા પછી જ બીજું શરૂ કરવાની ટેવ જ મનની શક્તિ અને આત્મવિશ્વાસ બંને વધારે છે. શરીરને મજબૂત કરો, મન આપ મેળે મજબૂત બનશે. શરીર અને મન એક બીજાના પૂરક છે. નિયમિત નિષ્ફળતા લેવાની હિંમત રાખો જેટલી વખત તમે નિષ્ફળ થશો અને ફરી ઉભા થશો, એટલું તમારું મન મજબૂત થશે. આજથી જ નાનું પગલું ઉપાડો કારણકે મજબૂત મન એક દિવસમાં નથી બનતું, પણ દરરોજ થોડું થોડું બનાવવાથી બને છે. આપણું જાણીતું વાક્ય છે કે, ''મન હોય તો માળવે જવાય.'' આ કહેવત જ સ્પષ્ટ કરે છે કે ગમે તેટલું બળવાન શરીર હોય, પણ જો મન હારી જાય તો સફળતા મળવી મુશ્કેલ છે. મનની મજબૂતી શારીરિક તાકાત કરતા વધુ મહત્વની છે.વિપરીત પરિસ્થિતિમાં ટકી રહેવાની ક્ષમતા શારીરિક તાકાત તમને વજન



ઉપાડવામાં કે દોડવામાં મદદ કરી શકે છે, પરંતુ જ્યારે જીવનમાં મુશ્કેલીઓ, નિષ્ફળતા કે માનસિક તણાવ આવે છે, ત્યારે માત્ર મનની મજબૂતી જ કામ લાગે છે. મક્કમ મન ધરાવતી વ્યક્તિ હાર માન્યા વગર ફરીથી ઊભી થઈ શકે છે.

શરીરનું સંચાલન મન દ્વારા થાય છે. આપણું શરીર એ એક મશીન જેવું છે અને મન તેનો ડ્રાઈવર છે. જો ડ્રાઈવર જ નબળો હોય, તો મશીન ગમે તેટલું શક્તિશાળી હોય તો પણ તે સાચી દિશામાં જઈ શકતું નથી. વૈજ્ઞાનિક રીતે પણ સાબિત થયું છે કે મન મજબૂત હોય તો તે બીમાર શરીરને પણ સાજું કરવાની શક્તિ ધરાવે છે, જેને આપણે વિલપાવર કહીએ છીએ. જીવનના મહત્વના નિર્ણયો લેવા માટે બાવડાના બળની નહીં, પણ મનની સ્થિરતાની જરૂર હોય છે. મનથી મજબૂત વ્યક્તિ દબાણ હેઠળ પણ શાંત રહીને યોગ્ય નિર્ણય લઈ શકે છે, જ્યારે નબળા મનવાળી વ્યક્તિ ગભરાટમાં ભૂલો કરી બેસે છે. મનની મજબૂતી કેળવવાના ઉપાયોમાં નકારાત્મકતાથી દૂર રહો અને હંમેશા હકારાત્મક વિચારો ધરાવતા લોકોના સંપર્કમાં રહો. મનને શાંત અને કેન્દ્રિત રાખવા માટે રોજ ૧૦-૧૫ મિનિટ ધ્યાન કરો.જે પરિસ્થિતિ તમારા હાથમાં નથી, તેનો સ્વીકાર કરતા શીખો. નાના લક્ષ્યો પૂરા કરવાથી આત્મવિશ્વાસ વધે છે, જે મનને મજબૂત બનાવે છે. શારીરિક તાકાત તમને ભીડ માંથી અલગ પાડી શકે છે, પણ મનની મજબૂતી તમને વિજેતા બનાવી શકે છે. ઈતિહાસ ગવાહ છે કે દુનિયામાં જેટલા પણ મહાન પરિવર્તનો આવ્યા છે, તે સ્નાયુઓના જોરે નહીં પણ મક્કમ મનોબળ ધરાવતા વ્યક્તિઓના વિચાર દ્વારા આવ્યા છે. આજના ઝડપી અને તણાવભર્યા જીવનમાં મનની મજબૂતી એ લગભગ ''સુપરપાવર'' જેવું છે. જે વ્યક્તિનું મન મજબૂત હોય છે, તે હાર નથી માનતો, નાની-મોટી મુશ્કેલીઓમાં ટકી રહે છે અને જીવનના દરેક તબક્કે આગળ વધી શકે છે. પરંતુ સવાલ એ છે કે આ મનને મજબૂત બનાવવા નાની-નાની અસહજતાઓને સ્વીકારવાની આદત બનાવો,

મન ત્યારે જ મજબૂત બને જ્યારે આપણે અસહજતા, નિષ્ફળતા, ટીકા, રિજેક્શન જેવી લાગણીઓને આવવા દો, રહેવા દો એમ કહીને સહન કરવાનું શીખીએ. મન ત્યારે મજબૂત થાય છે, જ્યારે આપણે વિચારોને નિયંત્રણમાં લઈએ, નહીં કે વિચારો આપણને નિયંત્રિત કરે. મનના રહસ્યો માનવ મનના અજ્ઞાત ભાગો, જેમ કે અચેતન અને અવચેતન મન, તેમજ ચેતનાની ઉત્પત્તિ વિશેના વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો છે. આ રહસ્યો ફ્રોઈડ જેવા મનોવિજ્ઞાનીઓથી લઈને આધુનિક ન્યુરોસાયન્સ સુધી વિસ્તરે છે. ફ્રોઈડના મતે મન ત્રણ સ્તરોમાં વહેંચાયેલું છે, જેમાં ચેતન મન (જેમાંથી આપણે સભાન છીએ), પૂર્વચેતન (યાદ કરી શકાય તેવું) અને અચેતન મન (ગહન ભય, ઈચ્છાઓ). અવચેતન મન યાદો, આદતો અને વિશ્વાસોને સંગ્રહિત કરે છે, જે અજ્ઞાત રીતે વર્તનને પ્રભાવિત કરે છે. આ ભાગો આપણા નિર્ણયોને નિયંત્રિત કરે છે, જેમ કે ભૂતકાળના આઘાતો હાલના ડર તરીકે પ્રગટ થાય છે.

### આધ્યાત્મિક દૃષ્ટિએ ''મન'' વિચારોનો સ્રોત ગણાય

મનના પાંચ મુખ્ય રહસ્યોમાં ચેતના, સ્વૈચ્છિક નિયંત્રણ, એકીકૃત અનુભવ અને સ્મૃતિનો સમાવેશ થાય છે. ન્યુરોસાયન્સમાં ચેતના મગજની ચોક્કસ કોષ વ્યવસ્થાથી ઉત્પન્ન થાય છે, પરંતુ તે કેવી રીતે થાય છે તે અજ્ઞાત છે. ડોપામાઈન જેવા ન્યુરોકેમિકલ્સ નિર્ણયોને પ્રભાવિત કરે છે, જે મગજના કામના રહસ્યને ખોલે છે. ન્યુરોસાયન્સ મગજ-શરીરના જોડાણથી ચેતનાને સમજાવે છે, જેમાં હૃદય-મગજના સંબંધો મહત્વના છે. આધ્યાત્મિક દૃષ્ટિએ મનને વિચારોના સ્રોત તરીકે જુએ છે, જ્યાં તેને કાબૂમાં લઈ જીવન બદલી શકાય. આ રહસ્યો હજુ અકબંધ છે, જે માનવ વર્તનની જટિલતા દર્શાવે છે.

# જીવનમાં સફળતા, શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે સત્ત્વ, રજસ અને તમસ ગુણોનું સંતુલન અતિ મહત્વ

ચિંતનની પાંખે



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

ભારતીય તત્વજ્ઞાનમાં, ખાસ કરીને સાંખ્ય અને ભગવદ્ ગીતા જેવા ગ્રંથોમાં, સમગ્ર જગતને ત્રણ મૂળભૂત ગુણો વિશે સમજાવવામાં આવ્યું છેઃ સત્ત્વ (સતો ગુણ), રજસ (રજો ગુણ) અને તમસ (તમો ગુણ). આ ત્રણેય ગુણો કુદરતી, માનસિક અને આધ્યાત્મિક સ્તરે દરેક મનુષ્યમાં રહેલા છે. દરેકની અંદર આ ત્રણેય ગુણો છે, પરંતુ કયા ગુણનો પ્રભાવ વધુ છે તેના આધાર પર મનુષ્યનું વર્તન, વિચારધારા અને જીવનદૃષ્ટિ નક્કી થાય છે. આ ગુણો અગ્નિની ત્રણ અવસ્થાઓની જેમ છે - પ્રકાશ, શક્તિ અને અંધકાર. એમાંથી કોઈ એકને દૂર કરી શકાય તેમ નથી, પરંતુ એને જાણીને સંતુલિત કરવું એ જ જીવનનું મૂલ્ય છે.

**૧. સત્ત્વ ગુણ (સતો ગુણ):** સત્ત્વ ગુણ શાંતિ, શુદ્ધિ અને પ્રકાશનું સ્વરૂપ છે. સત્ત્વ ગુણનું મુખ્ય લક્ષણ શાંતિ, સ્પષ્ટતા, પવિત્રતા, જ્ઞાન અને સંતુલન છે. સત્ત્વ ગુણ વ્યક્તિને સાચા માર્ગે, સત્ય તરફ અને માનવતાવાદી વિચારધારા તરફ દોરી જાય છે. આ ગુણ ધરાવતી વ્યક્તિના વિચાર સ્વચ્છ, ભાષા મૃદુ, અને વર્તન શિસ્તબદ્ધ હોય છે. સત્ત્વ ગુણ ધરાવતી વ્યક્તિ સકારાત્મક વિચારે છે. અજ્ઞાન કરતાં જ્ઞાનને પ્રાથમિકતા આપે છે. હાનિકારક અથવા હઠીલા નિર્ણયો લેતી નથી. આવી વ્યક્તિ સૌમ્ય, મૃદુ અને સમાધાન પ્રિય હોય છે. અન્યના સુખ માટે જીવતી હોય છે.

**સત્ત્વ ગુણના લક્ષણો:** સત્ત્વ ગુણ ધરાવતી વ્યક્તિ પૂજા, જપ-તપ, યોગ-ધ્યાનમાં રસ ધરાવે છે. સેવા, દયા, ક્ષમાના ગુણ ધરાવે છે. દૂધ, ફળ, તાજાં શાકભાજી, અનાજ જેવો તેમનો સાત્વિક આહાર હોય છે.

**સત્ત્વગુણ જીવનમાં કેવો પ્રભાવ પાડે છે?**

સત્ત્વ ગુણ વધે ત્યારે મનુષ્ય આત્મજ્ઞાન તરફ આગળ વધે છે. જીવનમાં સંતોષ, સ્થિરતા આવે છે. ઓરા મંડળ તેજ બને છે. વસ્તુઓનું યથાર્થ જ્ઞાન થવા લાગે છે. સ્વ-કલ્યાણની સાથે સાથે જગતકલ્યાણ કરવા પ્રેરાય છે.

**૨. રજસ ગુણ (રજો ગુણ):** ચંચળતા, ઈચ્છા અને પ્રવૃત્તિનું સ્વરૂપ છે. રજસ ગુણ ગતિ અને ઈચ્છાનું પ્રતિનિધિ છે. આ ગુણ વ્યક્તિને કાર્યશીલ બનાવે છે, પરંતુ સાથે સાથે અતિ ઈચ્છાઓ, લાલસા, મહત્વાકાંક્ષા અને અશાંતિ પણ પેદા કરે છે. રજોગુણી વ્યક્તિ હંમેશા કાંઈક હાંસલ કરવા, નામ મેળવવા, મોખરાનું સ્થાન મેળવવા માટે પ્રયત્ન કરતી રહે છે. રજસ ગુણ ધરાવતી વ્યક્તિ સખત મહેનત કરે છે, પણ ઘણીવાર અશાંત જોવા મળે છે. પ્રતિષ્ઠા અને પ્રશંસાની ઈચ્છા વધુ હોય છે. સફળતા-અસફળતા એને માનસિક રીતે વધુ અસર કરે છે. ક્રોધ અને ઉત્સાહ વચ્ચે સતત ફેરફાર રહ્યા કરે છે.

**રજસ ગુણના લક્ષણો:** રજસ ગુણ ધરાવતી મોટે ભાગે વ્યક્તિ વેપાર અને સ્પર્ધામાં જોવા મળે છે. રાજકારણ તેમને ગમતી વાત છે. સત્તાની લાલસા રહ્યા કરે છે. દેખાવ અને નામ માટે કાર્ય. રજો ગુણી લોકોના આહારમમાં તીખાં, તેલવાળાં, મસાલેદાર અને ગરમ તેજાના યુક્ત વ્યંજનો વધુ હોય છે.

**રજસ માણસને શું આપે છે?** રજસ માણસને પ્રગતિ તરફ પ્રેરિત કરે છે, નવા કાર્યો કરવા ઉત્સાહિત કરે છે. પરંતુ જો રજસ ગુણનો અતિરેક થાય તો મનુષ્ય તણાવ, ચિંતાઓ, હિંસા, અહંકાર અને અશાંતિમાં ફસાઈ જાય છે. એટલે રજસ જરૂરી છે, તેમ છતાં નિયંત્રિત રહેવું જરૂરી છે.

**૩. તમસ ગુણ (તમો ગુણ):** તમો ગુણ એ અજ્ઞાન, આળસ અને અંધકારનું સ્વરૂપ છે. તમસ ગુણનું મૂળ સ્વરૂપ અંધકાર, આળસ, મોહ, ભય, અને સ્થિરતા છે. આ ગુણ શરીરને આરામ આપે છે, પરંતુ તે વધુ વધે ત્યારે મનુષ્યમાં નિષ્ક્રિયતા, અજ્ઞાન, તર્કહિનતા અને નૈતિક મૂલ્યોની અવગણના જોવા મળે છે. તમસ ગુણ ધરાવતી વ્યક્તિ નિર્ણય લેવામાં ધીમી હોય છે. જવાબદારીથી દૂર ભાગે છે.વિચારોમાં ગૂંચવાયેલી રહે છે. તેમનામાં આળસ અને ઉદાસીનતા વધારે હોય છે. નકારાત્મકતા અને અંધવિશ્વાસ તરફ વળે છે.

**તમસના ઉદાહરણોઃ** તમસ ગુણ ધરાવનાર વ્યક્તિ દારૂ, તમાકુ, ડ્રગ્સ જેવાં વ્યસનની ટેવ ધરાવે છે. આવી વ્યક્તિમાં અતિ નિંદ્રા હોય છે અને આળસુ હોય છે. અંધવિશ્વાસ ધરાવનાર હોય છે. નબળા સંસ્કાર ધરાવે છે. તામસિક લોકોના આહારની વાત કરીએ તો તે વાસી અને પચવામાં ભારે ખોરાક ખાય છે.

**તમસનું પરિણામ શું થાય છે?** તમસ વધવાથી જીવનમાં નૈતિક મૂલ્યનો હ્રાસ થાય છે, સતત કંટાળો અનુભવે છે. તેમનામાં અનુશાસનનો અભાવ જોવાં મળે છે, અર્થહીનતા વધે છે. પરંતુ તમસને સંપૂર્ણ રીતે દૂર કરવો શક્ય નથી, કેમ કે શરીરને આરામ અને નિંદ્રા પણ તમસના કારણે જ મળે છે. એટલે તમસનું પ્રમાણ નિયંત્રિત અને સ્વસ્થ માત્રામાં જરૂરી છે.

**ત્રણેય ગુણો વચ્ચેનું સંતુલનઃ** જીવનમાં સફળતા, શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે આ ગુણોનું સંતુલન જ અત્યંત મહત્વનું છે. વ્યક્તિએ રજસનો ઉપયોગ કર્મ માટે, સત્ત્વનો ઉપયોગ જ્ઞાન અને દિશા માટે તેમજ તમસનો ઉપયોગ શારીરિક આરામ માટે કરવો જોઈએ.

**આ ગુણોમાં વધારો કે ઘટાડો કેવી રીતે કરી શકાય?**

**સત્ત્વ ગુણ વધારવોઃ** ધ્યાન, યોગ, સાત્વિક આહાર, સદ્ગ્રંથ વાચન અને સારા સંગ દ્વારા સત્વ ગુણ વધારી શકાય.

**રજસ ગુણ વધારવોઃ** લક્ષ્યાંક નક્કી કરવો અને સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરવો, કાર્યક્ષમતામાં વધારો કરવાથી રજસ ગુણમાં વધારો કરી શકાય છે.

**રજસ ઘટાડવોઃ** જરૂરી આરામ, મનને શાંત રાખવાથી અને ઈર્ષ્યા, ક્રોધ ઘટાડવાથી રજસ ગુણમાં ઘટાડો કરી શકાય છે.

**તમસ વધારવોઃ** રાત્રે નિંદ્રા, શરીરને આરામ આપવાથી તમસ ગુણમાં વધારો કરી શકાય છે.

**તમસ ઘટાડવોઃ** સવારનો સૂર્યપ્રકાશ લેવાથી, જરૂરી વ્યાયામ કરવાથી અને સકારાત્મક કાર્ય કરવાથી તમસ ગુણમાં ઘટાડો કરી શકાય છે.

**નિષ્કર્ષઃ** સત્ત્વ, રજસ અને તમસ - એ ત્રણેય ગુણો જગત અને મનુષ્ય સ્વભાવના આધારસ્તંભો છે. કોઈપણ ગુણ સારો કે ખરાબ નથી; તેનું અસંતુલન જ સમસ્યા છે. જીવનમાં સત્ત્વનું પ્રમાણ વધુ, રજસનું નિયંત્રણપૂર્વક અને તમસનું જરૂરી માત્રામાં રહેવુ જ સર્વોત્તમ છે. જો માણસ સત્ત્વને પોતાનું માર્ગદર્શક બનાવે, રજસને કાર્ય માટે વાપરે અને તમસને આરામ માટે નિયંત્રિત રાખે, તો તેનું જીવન સુંદર, સંતુલિત અને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બની શકે છે

## આવતીકાલનું રાશિફળ

**તા.૧.૧.૨૦૨૬, ગુરુવાર, સંવંત ૨૦૮૨, પોષ સુદ તેરસ, રોહિણી નક્ષત્ર, શુભ યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) હેશે**

**મેષ (અ,લ,ઈ) :** આર્થિક બાબતોમાં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય લેવડ દેવડમાં લાભ થાય પરંતુ યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બનશે.

**વૃષભ (બ,વ,ઉ) :** સવારથી તમારા મનમાં અનેક નવા કાર્યની સૂચિ આવી શકે છે અને તમે તમારા પ્રયત્નથી તમામ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**મિથુન (ક,છ,ઘ) :** ગોચર ગ્રહો મુજબ જોઈએ તો બારમે ચંદ્રમા મનને થોડું દ્વિધામાં રાખે છે વળી ખર્ચ પર અંકુશ રાખવો હિતાવહ છે, આવક જાવકનો હિસાબ રાખવો જરૂરી બને.

**કર્ક (ડ,હ) :** થોડા સમયથી તમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હશો પરંતુ હવે ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ લાભદાયક રહે.

**સિંહ (મ,ટ) :** જે મિત્રો વ્યવસાય બાબતે પરેશાન થાય છે તેમને રસ્તો મળતો જોવા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો અવસર આવી શકે છે, દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** આજના દિવસે તમારે મન પાસેથી ઘણું કામ લેવાનું રહેશે, પોઝિટિવ વિચારોથી ખુબ લાભ મળે, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત) :** પ્રણયમાર્ગે ચાલનારા માટે સારા સમાચાર આવી શકે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, દિવસ ખુશનુમા વીતે.

**વૃશ્ચિક (ન,ય) :** નવા અભ્યાસ કે જ્ઞાનને લગતી બાબતોમાં સારું રહે, ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો માટે સારી તક આવે, પ્રગતિ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** અંગત વ્યક્તિ સાથે મતભેદ થઈ શકે છે વળી હિતશત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે.

**મકર (ખ,જ) :** વિદ્યાર્થીવર્ગ ને ઉચ્ચ અભ્યાસમાં સફળતા અપાવતો શુભ દિન, યાદશક્તિ અને એકાગ્રતા વધારવા માટે ધ્યાન કરવું જરૂરી બનશે.

**કુંભ (ગ,સ,શ) :** આજના દિવસે તમારા રસના વિષયોમાં આગળ વધી શકો વળી નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદમાં પસાર થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** આજના દિવસે તમે બનાવેલા સબંધો તમને કામ લાગશે, ભાઈ ભાંડુ સુખ સારું રહે, અંગત મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

# વિવેકાનંદ યુથ કલબ દ્વારા થેલેસેમીયા પીડીત બાળકો માટે રવિવારે 'આનંદોત્સવ'

**અબતક, રાજકોટ**

નવા વર્ષ નું આગમન થઈ રહ્યું છે ત્યારે ''વેલકમ ન્યુ યર-૨૦૨૬'' ને વધાવવા માટે લોહીની વારસાગત, જીવલેણ બિમારી થેલેસેમીયાનો ભોગ બનેલા કુમળા ફુલ જેવા થેલેસેમીયા પીડીત બાળકો તેમજ તેમના સમગ્ર પરિવાર માટે સ્વ. ડો. મનોરમાબેન મહેતા પરીવાર તથા ગં.સ્વ. રંજનબેન મનસુખભાઈ લાલ પરીવાર દ્વારા તા. ૪, જાન્યુઆરી, રવીવારે સાંજે ૪ કલાકે થી (સમયસર), મોઢ વણિક બોર્ડિંગ, ૫-રજપુતપરા, રાજકોટ ખાતે આનંદોત્સવ તથા તમામ થેલેસેમીયા પીડીત બાળકો તથા તેમના પરીવારજનો માટે ભોજન સમારોહનું પણ આયોજન કરાયું છે. તમામ બાળકોને સંગીતમય શૈલીમાં વિવિધ ગેમ્સ રમાડવામાં આવશે અને વિવિધ આકર્ષક ગીફટો પણ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં સૌ થેલેસેમીક બાળકોને પરીવાર સહ સમયસર ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ અપાયું છે.

સમગ્ર આયોજન અંગે અનુપમ દોશી, મિતલ ખેતાણી, સુરેશભાઈ બાટવીયા, ઉપેનભાઈ મોદી, પંકજ રૂપારેલિયા, હસુભાઈ શાહ, જયેન્દ્રભાઈ મહેતા, હિરેનભાઈ લાલ, મિતુલભાઈ લાલ, કિરીટભાઈ પાંધી, વર્ષાબેન પાંધી, નૈષધભાઈ વોરા સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે. વિવેકાનંદ યુથ કલબ દ્વારા થેલેસેમીયા પીડીત બાળકો તેમજ તેમના પરીવાર માટે ''વેલકમ ન્યુ યર-૨૦૨૬'' ''આનંદોત્સવ' અને ભોજન સમારોહ કાર્યક્રમ વિશેષ માહિતી માટે વિવેકાનંદ યુથ કલબનાં અનુપમ દોશી (મો. ૯૪૨૮૨ ૩૩૭૯૬), મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯), સુરેશભાઈ બાટવીયા (મો. ૯૪૨૮૨ ૫૬૨૬૨) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## કાર્યક્રમોની યાદી


અબ તક CHANNEL

**તારીખ ૩૧-૧૨-૨૦૨૫ બુધવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી શંખ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૬:૦૦ લોયાધામઃ મુક્તમુનિ મહોત્સવ (લાઈવ)
day-11 - session -02
૦૬:૦૦ થી ૦૮:૦૦ ગુજરાતી નાટક (કાર્બન કોપી)
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૩૦ શ્રી હનુમાન ચાલીસા યુવા કથા (લાઈવ)
૧૧:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૧-૦૧-૨૦૨૬ ગુરુવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ




**તા. ૧-૧ -૨૦૨૬ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** પોષ શુદ તેરશ ઈ.સ.૨૦૨૬નો પ્રારંભ
**નક્ષત્ર** રોહિણી
**યોગ** શુભ **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૭.૨૬ **સુર્યાસ્તઃ** ૬.૧૪
**ચંદ્ર રાશી** વૃષભ
**રાશિ અક્ષર** બ.વ.ઉ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૮ થી ૧.૧૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૪ | | | | ૧ | ૫ | |
| | ૧ | | | | ૫ | | ૩ | |
| ૨ | | | ૯ | | | | ૪ | |
| ૪ | | | | | ૭ | | ૧ | |
| ૩ | | | ૫ | | ૯ | | ૮ | ૨ |
| | | | ૧ | ૩ | | | ૬ | ૭ |
| ૧ | ૨ | | | | ૮ | | | |
| | ૫ | | | | | ૬ | | |
| ૬ | ૪ | | ૨ | | | | ૯ | ૫ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૨૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૨ | ૪ | ૬ | ૩ | ૧ | ૫ | ૭ |
| ૭ | ૫ | ૪ | ૯ | ૧ | ૮ | ૨ | ૩ | ૬ |
| ૧ | ૬ | ૩ | ૭ | ૨ | ૫ | ૯ | ૮ | ૪ |
| ૪ | ૩ | ૭ | ૬ | ૮ | ૨ | ૫ | ૯ | ૧ |
| ૬ | ૧ | ૯ | ૫ | ૩ | ૭ | ૮ | ૪ | ૨ |
| ૨ | ૮ | ૫ | ૧ | ૯ | ૪ | ૬ | ૭ | ૩ |
| ૩ | ૭ | ૧ | ૮ | ૫ | ૬ | ૪ | ૨ | ૯ |
| ૫ | ૪ | ૬ | ૨ | ૭ | ૯ | ૩ | ૧ | ૮ |
| ૯ | ૨ | ૮ | ૩ | ૪ | ૧ | ૭ | ૬ | ૫ |

# વહેલી સવારે ખુલ્લામાં ચાલી સૂર્યની ઉર્જા લેશો તો વર્ષ ૨૦૨૬ તમારૂં જ છે!!!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

નવું વર્ષ ૨૦૨૬ શરુ થઈ રહ્યું છે જે સૂર્યનું વર્ષ રહેશે ચાઈનીસ વર્ષ મુજબ ફાયર હોર્સનું આ વર્ષ નવા સંકલ્પથી શરુ કરવાનું વર્ષ છે જેમાં ૧લી જાન્યુઆરી ૨૦૨૬ એ ૧:૧:૧ પોર્ટલ ખોલી આપે છે ત્યારે નવા સંકલ્પ લેતા પહેલા ૧:૧:૧ પોર્ટલની ઉર્જા સમજવી જરૂરી છે જેથી આપણે યોગ્ય દિશામાં કામ કરી શકીએ. ૨૦૨૬ નો ટોટલ પણ ૧ થાય છે માટે ૧:૧:૧ પોર્ટલ ખુલે છે ત્યારે બ્લેન્ક પેપર પર ઓરેન્જ સ્કેચપેનથી ૨૮ વખત એનર્જી વર્ડ્સ TO-GETHER-DIVINE-FIRE HORSE-PHOENIX લખવા અને ત્યારબાદ એ જ પેપર પણ નવા વર્ષ માટેની તમારી ઈચ્છાઓ અને સંકલ્પ લખવા જોઈએ. આ વર્ષમાં તમે ગુમાવેલા પદ અને પ્રતિસ્થા પરત મળી શકે એમ છે એ માટે આપણે ફિનિક્સ પક્ષીને યાદ કરી એની ઉર્જા પણ લેવાની છે માટે એનર્જી વર્ડ્સમાં તેનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે અને દરરોજ આ પેપરમાં લખેલા એનર્જી વર્ડ્સ તમારી ઈચ્છાઓ અને સંકલ્પો રાત્રે સુતા પહેલા તમારે વાંચી લેવા એવું કરવાથી આ ઉર્જા તમને વર્ષ ૨૦૨૬માં પ્રગતિ માં મદદ કરશે અને તમારા પદ પ્રતિષ્ઠા અને ઈચછિત વસ્તુઓ સામે થી આવતા જોવા મળશે ત્યારબાદ દ્રઢ સંકલ્પ સાથે મહેનતમાં લાગી જાઓ સફળતા તમારી જ છે!!! વર્ષ ૨૦૨૬ તમને બધું આપવા તૈયાર છે બસ તમારે સૂર્યની ઉર્જા લેવા તૈયાર રહેવું પડશે.

ડિસ્કો નહીં, દાદાનો દરબાર

# આજે હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી સાથે કથા મંડપ બનશે 'વાનર સેના'નું ધામ

## હનુમાન જન્મોત્સવના ભાગરૂપે દાદાને ૧૫૧ કિલોની કેક ધરી, ૫૧ કિલો ચોકલેટ અને કેડબરીનો પ્રસાદ વહેંચાશે



તસવીરઃ શૈલેષ વાડોલિયા



**અબતક, રાજકોટ**

રાજકોટના આંગણે ચાલી રહેલી શ્રી હનુમાન કથાના ચોથા દિવસે શ્રદ્ધાનો ઘોડાપૂર ઉમટ્યો હતો. ચોથા દિવસે ૫૦ હજારથી વધુ ભાવિકોએ કથાશ્રવણનો લાભ લીધો હતો. આ કથા માત્ર ધાર્મિક જ નહીં, પણ સામાજિક સેવાનું કેન્દ્ર બની છે, જ્યાં એક જ દિવસમાં ૩૦૦થી વધુ રકતની બોટલ એકત્ર કરી માનવતા મહેકાવવામાં આવી હતી.આ આયોજન પાછળનો હેતુ યુવાધનને પશ્ચિમી સંસ્કૃતિના બદલે આધ્યાત્મિકતા તરફ વાળવાનો છે, હરિપ્રકાશદાસ સ્વામીજીએ યુવાનોને ટકોર કરતા જણાવ્યું કે, "જો તમે તમારા માટે વ્યસન ન છોડી શકતા હોવ તો કાંઈ નહીં, પણ તમારા નાના બાળકો અને પત્નીના ભવિષ્ય માટે તો વ્યસન છોડો." તેમણે કડવી વાસ્તવિકતા રજૂ કરતા કહ્યું કે જ્યારે વ્યસનને કારણે ઘરનો મોભી અકાળે વિદાય લે છે, ત્યારે પાછળ રહી ગયેલી સ્ત્રીની મજબૂરીનો ફાયદો આખો સમાજ ઉઠાવતો હોય છે.આજે ૩૧મી ડિસેમ્બરની રાત્રે જ્યારે વિશ્વ પાર્ટીઓમાં મશગૂલ હશે, ત્યારે કથા મંડપમાં હનુમાનજી દાદાનો જન્મોત્સવ અતિ ભવ્ય રીતે ઉજવાશે. આ અવસરે દાદાને ૧૫૧ કિલોની કેક ધરવામાં આવશે ,૫૧ કિલો ચોકલેટ અને કેડબરીનો પ્રસાદ વહેંચાશે.૧૦૮ કિલો પુષ્પો દ્વારા દાદા અને સંતો પર પુષ્પવર્ષા થશે.સમગ્ર મંડપને ફુગ્ગા અને ફૂલોથી શણગારી 'વાનર સેના'ના દર્શન કરાવવામાં આવશે.આગામી ઉત્સવ અને અન્નકૂટ માટે હરિપ્રકાશદાસજી સ્વામીએ રાજકોટની માતાઓ-બહેનોને વિશેષ અપીલ કરી છે કે, તેઓ પોતપોતાના ઘરેથી શ્રદ્ધાપૂર્વક વાનગી કે પ્રસાદ બનાવીને લાવે, જેથી દાદાનો અન્નકૂટ દિવ્ય બની રહે.કથામાં ૨૭ અલગ-અલગ સમિતિઓ અને સેંકડો સ્વયંસેવકો ટ્રાફિક, પ્રસાદ, અને પાણીની વ્યવસ્થામાં દિવસ-રાત જોતરાયેલા છે.

### તમારા માટે નહીં, તો તમારા માસૂમ બાળકો અને પત્ની માટે વ્યસન છોડોઃ હરિપ્રકાશદાસ સ્વામીજી

### ભલે મારે મારું ઘર વેચવું પડે, ભક્તોને હું ચા પીવડાવવાનું ચાલુ જ રાખીશઃ સેવક

રાજકોટના એક સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતા ભરવાડ દાદાનો પરિચય કરાવતા કહ્યું કે, "ગયા વર્ષે જ્યારે હું તેમના કાચા માટીના ઝૂંપડે ગયો ત્યારે મારી આંખોમાં આસું આવી ગયા હતા. પરંતુ એ બાપાની હિંમત જુઓ, તેમણે મને કહ્યું કે - સ્વામી, ભલે મારે મારું ઘર વેચવું પડે, પણ કથામાં આવતા ભક્તોને હું ચા પીવડાવવાનું ચાલુ જ રાખીશ." છેલ્લા ત્રણ વર્ષથી આ ગરીબ દાદા પોતાની ગરીબીને બાજુએ મૂકીને સેવાની અવિરત સરવાણી વહાવી રહ્યા છે.



ઘર સજાવટના શોખીનો માટે નવું ડેસ્ટિનેશન

# પ્રીમિયમ લેમિનેટ્સ અને પ્લાયવુડના આધુનિક કલેક્શન સાથે 'સાહિલ પ્લાયવુડ'નું ભવ્ય ઉદઘાટન


## આર્કિટેક્ટ્સ, ઈન્ટિરિયર ડિઝાઈનર્સ અને ઘર સજાવટના શોખીનો માટે આ શોરૂમ આકર્ષણનું કેન્દ્ર બનશે




**અબતક, રાજકોટ**


આધુનિક કળા અને ગુણવત્તાયુક્ત આંતરિક સામગ્રી ક્ષેત્રે જાણીતું નામ 'સાહિલ પ્લાયવુડ' હવે રાજકોટમાં એક નવા સીમાચિહ્નરૂપ ફ્લેગશિપ શોરૂમ સાથે પોતાનો વિસ્તાર કરી રહ્યું છે. શહેરના મવડી મેઈન રોડ પર સ્થિત આ અદ્યતન શોરૂમનું રાજકોટ અને આસપાસના વિસ્તારના આર્કિટેક્ટ્સ, ઈન્ટિરિયર ડિઝાઈનર્સ અને ઘર સજાવટના શોખીનો માટે આ શોરૂમ આકર્ષણનું કેન્દ્ર બનશે. અહીં ભારતની પ્રીમિયમ ગુણવત્તાના લેમિનેટ્સ, પ્લાયવુડ, આકર્ષક વેનીયર્સ અને અન્ય અદ્યતન આંતરિક સામગ્રીની વિસ્તૃત શ્રેણી પ્રદર્શિત કરવામાં આવી છે. નવો ફ્લેગશિપ શોરૂમ માત્ર એક વેચાણ કેન્દ્ર નથી, પરંતુ ડિઝાઈનરો માટે એક પ્રેરણા સ્રોત છે. આ ઉદઘાટન પ્રસંગે શહેરના અગ્રણી વેપારીઓ, આર્કિટેક્ટ્સ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રોજેક્ટના ઝડપી અમલીકરણ માટે નામાંકિત કંપનીઓનો સહયોગ અનિવાર્યઃ જયેશભાઈ સાકરીયા



ઈન્ટિરિયર ડિઝાઈનર જયેશભાઈ સાકરીયાએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ૧૦ વર્ષથી આ ક્ષેત્રમાં કાર્યરત છે અને સાહિલ પ્લાયવૂડ દર વર્ષે નવીનતા લાવે છે. પ્રોજેક્ટના ઝડપી અમલીકરણ માટે નામાંકિત કંપનીઓ સાથેનો સહયોગ અનિવાર્ય છે.

### ઈન્ટિરિયર હંમેશા રહેવાસીની સુવિધા અને જરૂરિયાત મુજબ હોવું જોઈએઃ વિરલભાઈ



ઈન્ટિરિયર ડિઝાઈનર વિરલભાઈએ જણાવ્યું હતું કે, સાહિલ પ્લાયવૂડમાં ઉપલબ્ધ ઈનોવેટિવ વેરાયટીએ ડિઝાઈનર્સનું કામ ઘણું સરળ બનાવી દીધું છે, જ્યાં ગ્રાહકોને લાવતા જ એક જ સ્થળે બધું સિલેક્શન થઈ જાય છે.



તસવીરઃદર્શન વાડોલિયા

### નાનામાં નાના સ્ક્રુથી લઈને બાથરૂમ ફિટિંગ્સની તમામ વેરાયટી ઉપલબ્ધઃ સાહિલભાઈ



ઓનર સાહિલભાઈએ જણાવ્યું કે, માર્કેટમાં આવતી તમામ પ્રોડક્ટ્સ ગ્રાહકો સુધી પહોંચાડવી એ જ સંસ્થાનો મુખ્ય ધ્યેય રહ્યો છે. અહીં ગ્રાહકોના વિશ્વાસને સર્વોપરી ગણીને, સ્ક્રુથી લઈને બાથરૂમ ફિટિંગ્સની તમામ વેરાયટી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

### પ્લાયવૂડ ઉપરાંત ડેકોરેટિવ આઈટમ્સ અને લેમિનેટની વિશાળ શ્રેણી ઉપલબ્ધઃ હિતેશ શાહ



અબતક સાથેની વિશેષ વાતચીતમાં સાહિલ પ્લાયવૂડના ઓનર હિતેશ શાહએ તેમના ૨૨ વર્ષના દીર્ઘ અનુભવ અને સંસ્થાની કાર્યપ્રણાલી વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, બે દાયકાથી વધુ સમયથી તેઓ પ્લાયવૂડના ક્ષેત્રમાં અગ્રેસર છે અને સમયની માંગને અનુરૂપ હવે આધુનિક ડેકોરેટિવ આઈટમ્સ તેમજ આકર્ષક લેમિનેટની વિશાળ શ્રેણી ગ્રાહકો માટે ઉપલબ્ધ કરાવી રહ્યા છે. સંસ્થાની સૌથી મોટી સિદ્ધિ એ છે કે ૨૦ વર્ષ જૂના ગ્રાહકો આજે પણ અતૂટ વિશ્વાસ સાથે અહીં જ ખરીદી કરવાનું પસંદ કરે છે, જે સાહિલ પ્લાયવૂડની ઉત્કૃષ્ટ ગુણવત્તાનો પુરાવો છે.



# લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠકમાં ૫૮ કેસોની સુનાવણીઃ બે સામે ફરિયાદ

## ૪૫ જેટલા કેસ ડ્રોપ કરવામાં આવ્યા જ્યારે અન્ય સાત કેસમાં સમાધાન થયું, ચાર પેન્ડિંગ રખાયા

**અબતક, રાજકોટ**

જીલ્લા કલેકટર કચેરી ખાતે લેન્ડ ગ્રેબિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં ૫૮ કેસોની સુનાવણી કરવામા આવી હતી.જેમાંથી બે કેસોમાં ફરિયાદ કરવાનો નિણર્ય લેવામાં આવ્યો છે. ઉપરાંત કલેકટર રેવન્યુ અધિકારીઓ સાથે બેઠક યોજી જીલ્લાની રેવન્યુ કામગીરીની સમિક્ષા પણ કરવામાં આવી હતી. જેમાં શરતભંગ, દબાણ, હકપત્રક નોંધ સહિતની કામગીરીના રિવ્યુ રિપોર્ટ કલેકટર દ્વારા લેવામાં આવેલ હતા. આ ઉપરાંત અરજદારોના પેન્ડીંગ પ્રશ્નોનો જલ્દી નિકાલ કરવા માટે પણ આદેશ આપવામાં આવ્યો હતો. રાજકોટના કલેકટર ડો.ઓમપ્રકાશના અધ્યક્ષ સ્થાને લેન્ડ ગ્રેબિંગ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં લેન્ડ ગ્રેબિંગને અનુલક્ષી ૫૮ કેસો પર કમિટી મેમ્બર્સ દ્વારા કેસ સ્ટડી બાદ બે કેસમાં એફઆરઆઈ નોંધવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જ્યારે ૪૫ જેટલા કેસ ડ્રોપ કરવામાં આવેલા છે. જ્યારે અન્ય સાત કેસમાં સમાધાન થયેલ છે. આ બેઠકમાં સંબંધિત વિભાગના અધિકારી, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ કલેકટર કચેરી ખાતે સરફેસી એકટ અંતર્ગત રેવન્યુ અધિકારીઓ દ્વારા કરાયેલી કામગીરીની પણ નોંધ લેવામાં આવી હતી. આ રેવન્યુ અધિકારીઓની બેઠક બાદ લેન્ડ ગ્રેબિંગ અને લો એન્ડ ઓર્ડરની બેઠક પણ કલેકટર દ્વારા આયોજીત કરવામાં આવી હતી. લેન્ડ ગ્રેબિંગના કેસોમાં આ વખતે વધારો જોવા મળ્યો છે.૫૮કેસોની આ બેઠકમાં સુનાવણી ઉપરાંત લો એન્ડ ઓર્ડરની બેઠકમાં રાજકોટ શહેર-જીલ્લાના કાયદા અને વ્યવસ્થા પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટ ૨૦૨૦ રાજ્યની કેબિનેટ બેઠકમાં ભૂમાફિયાઓ પર અંકુશ મેળવવા માટે સરકારે નિર્ણય કર્યો હતો. આ માટે લાવવામાં આવેલાં લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટને કેબિનેટે મંજૂરી આપી દીધી હતી. આ કાયદામાં જમીન હડપનારને ૧૦થી ૧૪ વર્ષની સજાની જોગવાઈ છે. કોર્ટમાં લેન્ડ ગ્રેબિંગ કેસનો ચુકાદો ૬ માસમાં આવશે. આ કાયદા હેઠળ ગેરકાયદેસર કબ્જો લેનાર, આ જમીન ઉપર બાંધકામ માટે નાણાકિય સહાય કરનાર, તેમજ ભોગવટેદારો પાસેથી ધાક-ધમકીથી ભાડુ, વળતર કે અન્ય વસૂલાત કરનાર અને તેમાં મદદગારી કરનાર એવા તમામને જમીન પચાવી પાડનારની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

# સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનમાં વીવીપી કોલેજની રાષ્ટ્રીય સ્તરે ગૌરવપુર્ણ સિધ્ધિ

## ૨,૫૮૭ સંસ્થાઓના લાખો વિદ્યાર્થીઓ વચ્ચેની કઠિન સ્પર્ધામાંથી કોલેજની બે ટીમો ગ્રાન્ડ ફિનાલે માટે પસંદ






**અબતક, રાજકોટ**

વીવીપી એન્જિનિયરિંગ કોલેજે સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન-૨૦૨૫ના ગ્રાન્ડ ફિનાલેમાં સ્થાન મેળવી રાષ્ટ્રીય સ્તરે ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ આયોજિત આ પ્રતિષ્ઠિત નવીનતા સ્પર્ધામાં દેશભરની ૨,૫૮૭ સંસ્થાઓના ૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને ૬૮ હજારથી વધુ ટીમો વચ્ચે કઠિન સ્પર્ધા યોજાઈ હતી.

આ અતિ સ્પર્ધાત્મક પસંદગી પ્રક્રિયામાંથી વીવીપી એન્જિનિયરિંગ કોલેજની બે ટીમો ગ્રાન્ડ ફિનાલે માટે પસંદ થઈ, જે કોલેજના ગુણવત્તાસભર શિક્ષણ, નવીન વિચારધારા અને તકનીકી ક્ષમતાનું પ્રતિબિંબ છે. માહિતી પ્રૌદ્યોગિકી વિભાગ તથા કમ્પ્યુટર અભિયાન વિભાગના સંયુક્ત સહયોગથી રચાયેલી ટીમે ગ્રાન્ડ ફિનાલે દરમિયાન દેશહિતને લગતી સમસ્યાઓ પર સર્જનાત્મક અને વ્યવહારુ ઉકેલો રજૂ કર્યા.

આ ઉપરાંત માહિતી પ્રૌદ્યોગિકી વિભાગની બીજી ટીમે સ્વચાલિત તકનીક આધારિત સમસ્યાઓ પર પોતાના ઉકેલો રજૂ કરી ઉદ્યોગજગતના નિષ્ણાતો સમક્ષ કોલેજનું પ્રતિનિધિત્વ કર્યું. વિદ્યાર્થીઓએ નવીન વિચારસરણી, તકનીકી કુશળતા, ટીમવર્ક અને સમય વ્યવસ્થાપન દ્વારા પ્રશંસનીય પ્રદર્શન કર્યું.

બન્ને ટીમોને ડો. દર્શના પટેલ અને પ્રોફેસર સ્વીટુ સુરેજાના માર્ગદર્શનથી મજબૂત માર્ગદર્શિકા મળી હતી. સમગ્ર આયોજનનું અસરકારક સંકલન ડો. દીપેશ કામદારે કર્યું હતું, જ્યારે કોલેજના પ્રિન્સિપાલ ડો. પિયુષ વણઝારાએ દૃષ્ટિવંત નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

આ સિદ્ધિ પાછળ ટ્રસ્ટીઓશ્રી કૌશિકભાઈ શુક્લા, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણિયાર, ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવીનભાઈ શેઠના સક્રિય પ્રોત્સાહન અને ઉપસ્થિતિએ વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ અને ઉત્સાહમાં વધારો કર્યો હતો.




સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન-૨૦૨૫ના ગ્રાન્ડ ફિનાલેમાં સ્થાન મેળવવું વીવીપી એન્જિનિયરિંગ કોલેજ માટે ગૌરવની બાબત છે અને તે કોલેજની શૈક્ષણિક શ્રેષ્ઠતા, તકનીકી શક્તિ, આંતરવિભાગીય સહયોગ તથા નવીનતા કેન્દ્રિત અભ્યાસ વાતાવરણને સ્પષ્ટ રીતે રજૂ કરે છે. કોલેજ તરફથી બન્ને ટીમોને તેમની આ પ્રશંસનીય રાષ્ટ્રીય સ્તરની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને ભાવિ સમયમાં વધુ સફળતાની શુભેચ્છા પાઠવવામાં આવી છે.

# સ્વ. પાંચાભાઈ શામજીભાઈ સોરઠીયાની ૧૯મી પુણ્યતિથિ શુક્રવારે સેવા પ્રકલ્પો

## રક્તદાન કેમ્પ તેમજ મહિલાઓ માટે નિશુલ્ક સ્ત્રી રોગ સારવાર તેમજ હિમોગ્લોબીન, સુગર, હાડકાની ઘનતા તપાસવા કેમ્પનું આયોજન





તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

સ્વ. પાંચાભાઈ શામજીભાઈ સોરઠીયા મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા સ્વ. પાંચાભાઈ શામજીભાઈ સોરઠીયાની ૧૯મી પુણ્યતિથિ નિમિત્તે તારીખ ૦૨-૦૧-૨૦૨૬, શુક્રવારના રોજ સોરઠીયા પરિવારની વાડી, મવડી બાયપાસ રોડ, મવડી ગામ ખાતે સવારે ૦૮:૦૦ કલાકથી ભવ્ય મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સેવાકાર્ય શૈલેષ ફોજે પ્રા.લી. રાજકોટ તથા સોરઠીયા પરિવારના સહયોગથી યોજાશે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં જયેશભાઈ સોરઠીયા એ જણાવ્યું હતું કે છેલ્લા ૧૯ વર્ષ થયા મારા પિતાની પુણ્ય તિથિ નિમિત્તે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે દર વર્ષે ૧૨૦૦ થી ૧૫૦૦ બોટલ રક્ત એકત્રિત થાય છે એકત્રિત થનાર રક્ત તમામ રક્ત થેલેસેમિયા ગ્રસ્ત બાળકો, ડાયાલિસિસ દર્દીઓ તથા તાત્કાલિક સારવાર માટે આવતા ઈમરજન્સી દર્દીઓ માટે ઉપયોગમાં લેવામાં આવશે, જે માનવસેવાનો ઉત્તમ ઉદાહરણ છે. આ સાથે સ્વ. ભાસ્કરભાઈ ભુપતભાઈ ઠાકરની પુણ્યતિથિ નિમિત્તે ડો. દર્શનાબેન પંડ્યા તથા આશુતોષ મેટરનીટી અને સજીર્કલ હોસ્પિટલના સહયોગથી મહિલાઓ માટે નિઃશુલ્ક આરોગ્ય તપાસ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્ત્રીરોગ તપાસ, હાડકાની ધનતા, હિમોગ્લોબિન તથા સુગરની તપાસ સંપૂર્ણપણે વિનામૂલ્યે કરવામાં આવશે.

સામાન્ય રીતે હોસ્પિટલમાં મોંઘી ગણાતી આ તમામ તપાસો કેમ્પમાં તદ્દન ફ્રી રહેશે અને જરૂરિયાતવાળી બહેનોને દવાઓ પણ વિના મૂલ્ય આપવામાં આવશે. સોરઠીયા પરિવાર અને ટ્રસ્ટ દ્વારા માનવસેવા, આરોગ્ય અને સમાજહિત માટે કરવામાં આવેલ આ પ્રયાસ શહેર માટે પ્રેરણારૂપ બનશે.અબ તકની શુભેચ્છા મુલાકાતમાં જયેશભાઈ સોરઠીયા, સંદીપભાઈ સોરઠીયા, ભરતભાઈ હજારે, રાજુભાઈ અકબરી, કે.ડી. નાથાણી ઉપસ્થિત રહ્યા હતા.

સ્વ. પાંચાભાઈ શામજીભાઈ સોરઠીયા મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા સમાજહિત માટે સતત સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ટ્રસ્ટ દ્વારા આગામી દિવસોમાં વધુ સેવાકીય કાર્યો હાથ ધરવામાં આવશે. જેમાં જરૂરિયાતમંદ લોકોને મેડિકલ સાધનોનું વિતરણ, રાશન કીટ આપવાનું આયોજન તેમજ ગૌશાળામાં સહાય જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવશે.

ટ્રસ્ટનું મુખ્ય ઉદ્દેશ માનવસેવા અને સમાજમાં સહકારની ભાવનાને મજબૂત બનાવવાનો છે. આવી સેવાકીય પ્રવૃત્તિઓથી અનેક જરૂરિયાતમંદ પરિવારોને સહારો મળશે અને સમાજમાં સકારાત્મક સંદેશો ફેલાશે.

# હરે કૃષ્ણ, હરે કૃષ્ણના નાદ સાથે ઈસ્કોન મંદિરમાં નવા વર્ષના વધામણા

## કિર્તન સાથે ભકિતભાવથી નૃત્ય કરી આરતી અને મહાપ્રસાદનો લ્હાવો લેતા કૃષ્ણ પ્રેમીઓ





**અબતક, રાજકોટ**

ઈસ્કોન મંદિર રાજકોટ ખાતે વર્ષના અંતિમ દિવસને આધ્યાત્મિક આનંદ અને ભકિતભાવ સાથે ઉજવવા માટે એક વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે વધુ માહિતી આપતા ઈસ્કોન મંદિર રાજકોટ ના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજી જણાવે છે કે સામાન્ય રીતે ૩૧ ડિસેમ્બરની રાત્રે આપણા યુવા વર્ગ દ્વારા નવા વર્ષનું સ્વાગત મ્યુઝિક, ડાન્સ અને પાર્ટી જેવી પશ્ચિમ સંસ્કૃતિ આધારિત પ્રવૃત્તિઓ દ્વારા કરવામાં આવે છે. આ યુવા શક્તિ આધ્યાત્મિક માર્ગ તરફ વળે અને જીવનમાં સાચો આનંદ તથા શાંતિનો અનુભવ કરે તે હેતુથી ઈસ્કોન મંદિર રાજકોટ દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે.આ આયોજનમાં પશ્ચિમ સંસ્કૃતિના મ્યુઝિકને હરે કૃષ્ણ મહામંત્રના કીર્તનમાં, ડાન્સને ભક્તિભાવથી ભરપૂર નૃત્યમાં અને પાર્ટીમાં થતું ભોજનને ભગવાન શ્રી કૃષ્ણના પવિત્ર મહાપ્રસાદમાં રૂપાંતરિત કરીને એક આધ્યાત્મિક ઉજવણી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.ભક્તિરસથી ભરપૂર કીર્તન, નૃત્ય, આરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. કૃષ્ણની મહા આરતી દ્વારા નવા વર્ષનું પાવન સ્વાગત કરવામાં આવશે. આ અનોખી ઉજવણીનો ઉદ્દેશ ભૌતિક ઉજવણી કરતાં આધ્યાત્મિક ઉન્નતિ, શાંતિ અને આનંદનો અનુભવ કરાવવાનો છે. ઈસ્કોન મંદિર રાજકોટ તમામ ભક્તો, યુવા વર્ગ, શ્રદ્ધાળુઓ અને શહેરવાસીઓને આ દિવ્ય કાર્યક્રમમાં પરિવાર સાથે ઉપસ્થિત રહીને ભક્તિભાવપૂર્વક નવા વર્ષનો આરંભ કર્યો હતો.

આ આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા પેઢીને ભૌતિકતાના ક્ષણિક આનંદમાંથી બહાર લાવી આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ બતાવવાનો છે. ઈસ્કોન મંદિર દ્વારા પરંપરાગત પાર્ટીના તમામ પાસાઓને ભક્તિમય સ્વરૂપ આપવામાં આવ્યું છે.

# યુવા લોયર્સ એસોસિયેશન દ્વારા વર્ષ ૨૦૨૬નનું કેલેન્ડર કર્યું પ્રકાશિત

## અધિક સેસન્સ જજ ટી.એસ.બ્રહ્મભટ્ટ અને સિનિયર વકીલોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું



**અબતક, રાજકોટ**

શહેરના ઘંટેશ્વર નજીક આવેલ નવી કોર્ટ બિલ્ડીંગ ખાતે યુવા લોયર્સ એશોસીએશન દ્વારા વર્ષ ૨૦૨૬ના વર્ષનું કેલેન્ડર અધિક સેસન્સ જજ અને સિનિયર વકીલોના હસ્તે પ્રકાશિત કરવામાં આવ્યું છે.

રાજકોટ,માં યુવા લોયર્સ એશોસીએશનની સ્થાપના વર્ષ-૨૦૧૦ માં થયેલ છે. યુવા લોયર્સ એશોસીએશન સીનીયર જુનીયર વકીલોમાં ખુબજ લોકપિય અનેએ કાયમી કાર્યશીલ રહી યુવા વકીલોની સંસ્થા તરીકે કાર્યરત છે. યુવા લોયર્સ ધ્વારા ટ્રાફીક ઈ-મેમો, ફરજીયાત હેલ્મેટ, લોકડાઉનના કેસો બાબતે સફળ કાનુની લડત ચલાવવામાં આવી છે. યુવા લોયર્સ એશોસીએશન ૧૫ વર્ષથી ડિસેમ્બર માસમાં નવા વર્ષના કેલેન્ડર પ્રકાશીત કરવામાં આવે છે આ કેલેન્ડરમાં સરકાર ધ્વારા જાહેર કરવામાં આવેલી રજા, તીથી, ચોઘડીયા સહીતની અનેક વિગતો સાથેનું માહીતી સભર કેલેન્ડર બહાર પાડવામાં આવે છે. સદરહું કેલેન્ડરનું વીતરણ જુદી જુદી સરકારી કચેરીઓ, સામાજીક સંસ્થાઓ, એડવોકેટ ઓફીસોમાં કરવામાં આવે છે. યુવા લોયર્સ ધ્વારા દર વર્ષની પરંપરા મુજબ રાજકોટના

જોઈન્ટ ડ્રીસ્ટ્રીકટ જજ ટી.એસ.બ્રહ્મભટટ અને સિનિયર વકીલોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

માહીતીસભર કેલેન્ડરના વિમોચન સમયે ભાજપ લીગલ સેલ રાજકોટના કન્વીનર પીયુશભાઈ શાહ, સહ કન્વીનર કમલેશભાઈ ડોડીયા, ડી.જી.પી.એસ.કે.વોરા સરકારી વકીલ આબીદભાઈ સોસન, અનીલભાઈ ગોગીયા, બીનલબેન રવેશીયા, રાજકોટ બાર એશો. ના કારોબારી સભ્ય દિપ વ્યાસ, સંજય ડાંગર , પુર્વ કારોબારી સભ્ય અજય પીપળીયા, કિશન વાલ્વા , વિરેન રાણીંગા, રવીરાજસિંહ જાડેજા, કર્મચારી અગણી ભૃગુરાજસિંહ જાડેજા, હમીરભાઈ સહીતના મોટી સંખ્યામાં હાજર રહેલ હતા.આ પ્રોજેકટને લીગલ સેલ ગુજરાતના સહ કન્વીનર અનીલભાઈ દેસાઈ, અર્જુનભાઈ પટેલ, નરેન્દ્રસિંહ ચાવડા, રાજકુમાર હેરમા , તુષારભાઈ બસલાણી, અશ્વિનભાઈ મહાલયા, અશ્વિનભાઈ ગોસાઈ, અજયભાઈ જોષી, એન.જે.પટેલ, કિશોરભાઈ સખીયા, દિલેશભાઈ શાહ, રક્ષીતભાઈ કલોલા, ચંદ્રસિંહ તલાટીયા, ચંદ્રસિંહ પરમાર વિગેરેનું વિશેષ માર્ગદર્શન મળેલુ હતુંછે.સમગ્ર પ્રોજેકટને સફળ

(અનુ. આઠમા પાને)

# દાઉદી બોહરા સમાજ દૂધમાં ખાંડ ભળે તેમ ભળી ગયોઃ મેયર નયનાબેન પેઢડીયા

## દાઉદી બોહરા સમાજ દ્વારા સરકારી શાળાના ૭૨૦૦ વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં શિયાળાના તાપમાનમાં ઘટાડો થતાં, રાજકોટના દાઉદી બોહરા સમુદાયે સરકારી શાળાના વિદ્યાર્થીઓ ગરમ, સ્વસ્થ અને તેમના શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે તે માટે પ્રદેશવ્યાપી શિયાળાના વસ્ત્રો અભિયાન શરૂ કર્યું છે. રાજકોટ પ્રાથમિક શિક્ષણ બોર્ડના સહયોગથી પી.પી. રણછોડદાસજી મહારાજ પ્રાથમિક શાળામાં 'વાર્મથ ફોર ચિલ્ડ્રેન' નામની આ પહેલ શરૂ કરવામાં આવી હતી. આ પ્રયાસ દ્વારા, પ્રદેશની ૧૦૦થી વધુ સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા ૭૨૦૦ વિદ્યાર્થીઓને સ્વેટરના રૂપમાં આવશ્યક શિયાળાના વસ્ત્રો પ્રાપ્ત થશે, ઉદ્ઘાટન સમારોહમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ના મેયર નયનાબેન પેઢડિયા સહિત અનેક પ્રતિષ્ઠિત મહેમાનો અને સ્થાનિક નેતાઓ હાજર રહ્યા હતા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, રાજકોટ મ્યુનિસિપલ પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમ

(અનુ. આઠમા પાને)

# વિરાણી હાઈસ્કૂલના છાત્રોએ જરૂરિયાતમંદોને કર્યું વસ્ત્ર દાન



## ભણતર સાથે સંસ્કારોનું સિંચન કરતી વિરાણી હાઈસ્કૂલ



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

વિદ્યાર્થીઓએ નવા વર્ષ અને ૩૧ ડિસેમ્બરની ઉજવણીને એક અલગ જ અર્થ આપ્યો છે. વિદ્યાર્થીઓમાં સેવા, સંવેદના અને સામાજિક જવાબદારીના સંસ્કારોનું સિંચન કરે છે.

વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી તેમજ આસપાસના વિસ્તારોમાંથી પહેરવા લાયક સારા વસ્ત્રો એકત્રિત કરે છે અને છેવાડાના તથા ગરીબ વિસ્તારો જેમ કે જંગલેશ્વર, આજી ડેમ વિસ્તાર, રૈયાધાર સહિતના વિસ્તારોમાં જઈને સ્વહસ્તે વસ્ત્રોનું વિતરણ કરે છે. આ સેવા દ્વારા કડકડતી ઠંડીમાં ગરીબ પરિવારોને હૂંફ મળે છે અને માનવતાનો સ્પર્શ અનુભવાય છે.

વિરાણી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ હરેન્દ્રસિંહ ડોડિયાએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષથી શાળાના વિદ્યાર્થીઓ આ અનોખી સેવાભાવી ઉજવણી કરી રહ્યા છે. આ વર્ષે વિદ્યાર્થીઓ તથા આસપાસના રહીશોના સહયોગથી કુલ ૨૩,૯૯૭ જેટલા ગરમ વસ્ત્રો એકત્રિત કરવામાં આવ્યા છે. આ વસ્ત્રોનું વિતરણ આર.એસ.એસ. તથા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી રૈયાધાર, ૮૦ ફૂટ રોડ, લોહાનગર, લક્ષ્મીનગર, ઉદ્યોગનગર, કુવાડવા રોડ સહિતના વિસ્તારો અને કચ્છના રણમાં વસતા અગરિયાઓ સુધી પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રિન્સિપાલે વધુમાં જણાવ્યું હતું કે, આજની યુવા પેઢી જ્યારે પશ્ચિમી સંસ્કૃતિના અંધાનુકરણમાં પાર્ટીઓ પાછળ મોટો ખર્ચ કરે છે, ત્યારે વિરાણી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સેવા અને સંવેદનાનો માર્ગ પસંદ કર્યો છે. એટલું જ નહીં, કોમર્સના વિદ્યાર્થીઓએ પોતાની પોકેટ મની બચાવીને દિવ્યાંગો માટે રેશન કીટનું વિતરણ કરી સમાજ માટે પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું છે.

વિરાણી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની આ પહેલ આજે સમગ્ર સમાજ માટે પ્રેરણાસ્રોત બની છે અને સાબિત કરે છે કે સાચી ઉજવણી સેવા અને સંવેદનામાં જ સમાયેલી છે.

### આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ ૨૦૨૫ ઉજવણી અંતર્ગત

# બગસરા નાગરિક શરાફી મંડળીનું ઐતિહાસિક ગૌરવઃ ચેરમેન રશ્વિનભાઈ ડોડિઆનું રાજ્યસ્તરીય સન્માન





## સહકારથી સમૃદ્ધિ તરફનું શ્રેષ્ઠ ઉદાહરણઃ બગસરા નાગરિક શરાફી મંડળી બની ગુજરાતમાં નંબર વન

**અબતક,સમીર વિરાણી, બગસરા**

સમગ્ર દેશભરમાં ઉજવાઈ રહેલા આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ ૨૦૨૫ અંતર્ગત સહકારી ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર સંસ્થાઓને વિશેષ માન્યતા આપવામાં આવી રહી છે. આ અંતર્ગત ઉતર ગુજરાત વિભાગના મહેસાણા જિલ્લાના લીચ મુકામે ઉમીયા કો-ઓપરેટીવ કેડીટ સોસાયટી લી.ના સ્થાપનાના ૩૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ત્રિ-શતાબ્દી મોતી ઉત્સવનું ભવ્ય અને ઐતિહાસિક આયોજન કરવામાં આવ્યું હતું.આ ભવ્ય સમારોહ દરમિયાન બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડિઆને વર્ષ ૨૦૨૫માં સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમાંકની મંડળી તરીકે પસંદ થવા બદલ અદકેરું અને ગૌરવમય સન્માન આપવામાં આવ્યું હતું. તેમની દિશાદર્શક નેતૃત્વ ક્ષમતા, પારદર્શક વ્યવસ્થાપન, સભાસદ કેન્દ્રિત કાર્યશૈલી અને સહકારી મૂલ્યો પ્રત્યેની નિષ્ઠાના પરિણામે મંડળીએ આ સિદ્ધિ પ્રાપ્ત કરી હોવાનું વક્તાઓએ જણાવ્યું હતું.

આ કાર્યક્રમ મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં સહકાર ભારતીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ કુભકો, ન્યુ દિલ્હી ડિરેક્ટર કાંતિભાઈ પટેલે સહકારી ક્ષેત્રની ભૂમિકા અને ભવિષ્ય અંગે માર્ગદર્શન આપ્યું હતું. મહેસાણા જિલ્લા સહકારી સંઘના ચેરમેન રાજેન્દ્રભાઈ પટેલે બગસરા નાગરિક શરાફી મંડળીની કામગીરીને અન્ય સંસ્થાઓ માટે આદર્શ ગણાવી હતી.આ અવસરે મહેસાણાના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય સુખાજીભાઈ રાઠોડ, સંયુક્ત રજીસ્ટ્રાર ગાંધીનગર જે.જે. શાહ, ઉમીયા કેડીટ કો-ઓપરેટીવ સોસાયટીના ચેરમેન પી.કે. પટેલ સહિત રાજકીય, સહકારી તથા સામાજિક ક્ષેત્રના અનેક અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પાંચ હજારથી વધુ સહકારી ક્ષેત્રના સભાસદો, ડિરેક્ટરો અને પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

સમારોહ દરમિયાન સહકારથી સમૃદ્ધિ તરફના સૂત્રને મજબૂત બનાવતા સહકારી આંદોલનને વધુ ગતિ આપવા સૌએ સંકલ્પ લીધો હતો. બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની સતત પ્રગતિ, આર્થિક મજબૂતી અને વિશ્વસનીયતાને વિશેષ વખાણ મળ્યા હતા. આ સન્માનથી બગસરા શહેર તેમજ સમગ્ર અમરેલી જિલ્લાનું નામ રાજ્યભરમાં ગૌરવપૂર્વક ઉજાગર થયું છે અને સહકારી ક્ષેત્રે નવી પ્રેરણા મળી છે.

# સિવિલ હોસ્પિટલમાં તબીબ પર હુમલામાં નવો વળાંક : ડોકટરે જ હુમલો કર્યાનો આક્ષેપ

## તબીબે અણછાજતું વર્તન કરી માર મારવાની ધમકી આપી અણીદાર હથિયાર હુલાવી દીધાનો આરોપ

## સમગ્ર સીસીટીવી ફૂટેજની ચકાસણી કરી ડો. પાર્થ વિરુદ્ધ ગુનો નોંધવા પોલીસ કમિશનર સમક્ષ માંગ

**અબતક, રાજકોટ**

સિવિલ હોસ્પિટલમાં તબીબ પર હુમલાના પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. જયદીપ ચાવડાએ પોલીસ કમિશ્નરને સંબોધી લેખિત અરજી કરી તબીબ વિરુદ્ધ ગંભીર આક્ષેપ કર્યા છે. તબીબને બ્લડ ગ્રુપ અંગે અનેકવાર પૂછવા છતાં તેણે માહિતી નહિ આપી સામે માર મારવાની ધમકી આપી હતી. બાદમાં અણીદાર હથિયાર વડે હુમલો કર્યાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. યુવકે તબીબ સામે ગુનો નોંધવા માંગ કરી છે.

બનાવ અંગે જયદીપ ચાવડા વતી માતા ગીતાબેન ચાવડા સહિતના લોકોએ પોલીસ કમિશ્નર કચેરી ખાતે દોડી જઈ લેખિત રજુઆત કરતા જણાવ્યું હતું કે, જયદીપ ચાવડા પોતે ટ્રાવેલ્સના વ્યવસાય સાથે સંકળાયેલ છે. કોઈ પણ વ્યક્તિને લોહીની જરૂરિયાત હોય તો તે રકતદાન કરી જરૂરિયાતમંદોને મદદ કરે છે. થોડા દિવસ પહેલા બિનય થાપા નામના વ્યક્તિનો અકસ્માત થયો હોય, હાલ દર્દી સરકારી હોસ્પિટલમાં દાખલ હોય અને દર્દીને ત્રણ યુનિટ લોહીની જરૂરિયાત હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તે સરકારી હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો અને તપાસ કરતા દર્દી આઈસીયુમાં પાંચમા



તસવીરઃ શૈલેષ વાડોલિયા

માળે હોવાનું જાણવા મળતા ત્યાં પહોંચી તેના પરિજનો સાથે વાત કરી હતી. બાદ દર્દીને ક્યાં બ્લડ ગ્રુપના લોહીની જરૂરિયાત છે તેમ પૂછવા જતાં ડો. પાર્થે ઉશ્કેરાઈ જઈને અત્યાર સુધીમાં મેં પાંચ લોકોને બ્લડ અંગે જણાવ્યુ છે, તારા જેવા અમારી પાસે સાંજ સુધીમાં ૧૭ લોકો આવે છે અને હું બધાને જવાબ દેવા નવરો નથી તેમ કહ્યું હતું. છતાં તબીબ સાથે બ્લડ ગ્રુપ અંગે પૂછપરછ કરતા તબીબે પોતાની નૈતિક ફરજમાં ગંભીર પ્રકારની બેદરકારી દાખવી મને બ્લડ અંગે કોઈ માહિતી આપેલ ન હતી. બાદમાં તારે જ્યાં જવું હોય ત્યાં જા હું તને કોઈ માહિતી આપવા નથી તેમ કહી દીધેલ હતું.

તબીબના વર્તન અંગે મેં ઉપરી અધિકારીને જાણ કરતા આ બાબતનો ખાર રાખી તબીબે તું અહીં અંદર આવ તને બધું શીખવાડી દઉં તેમ કહેલ હતું. જેથી હું ડોક્ટર પાસે જતા તેણે પોતાના હાથમાં રહેલ કાતર અથવા અન્ય કોઈ અણીદાર વસ્તુ વડે મારી પર હુમલો કરી દીધો હતો અને મને પેટ, માથા, ઘૂંટણ સહિતના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. દરમિયાન દર્દીઓના પરિજનો એકત્રિત થઈ જતા અમને બંનેને છૂટા પાડેલ હતા. ત્યારબાદ તને હજુ પણ મારવો છે, તું બીજીવાર હાથમાં આવે એટલી વાર છે તેમ કહી તબીબે ધમકી આપેલ હતી.

વધુમાં યુવાને પોલીસ કમિશનરને સંબોધી કરેલી અરજીમાં તેના કોઈપણ સગા કે સંબંધી હોસ્પિટલમાં દાખલ ન હોય ફક્ત સેવાના ભાગરૂપે તે લોહી આપવા માટે સિવિલ હોસ્પિટલ ખાતે ગયો હોય ત્યારે તબીબે ગેરવર્તણુક કરી હુમલો કરી દીધો હતો તેવા આક્ષેપ સાથે સમગ્ર ઘટનાના પુરેપુરા સીસીટીવી તપાસી દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી તબીબ સામે તાત્કાલિક ફોજદારી ફરિયાદ દાખલ કરવા રજૂઆત કરવામાં આવી હતી.

# બામણબોર જીઆઈડીસીમાં વેપારી પર પિતાના મિત્રનો ધોકા વડે હુમલો : અપહરણની કોશિશ

## પૈસાની લેતીદેતીના ડખ્ખામાં કાના સવસેટાએ યુવકને માર મારી ખૂનની ધમકી આપી : એરપોર્ટ પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી

**અબતક, રાજકોટ**

શહેરના પ્રદ્યુમન ગ્રીન સીટીમાં રહેતા ૨૬ વર્ષીય વેપારીની બામણબોર ખાતે આવેલી ઓફિસ ખાતે ધસી જઈ પિતાના મિત્રએ ધોકા વડે માર મારી બળજબરીપૂર્વક કારમાં બેસાડી અપહરણની કોશિશ કરી હતી. પિતા સાથેના પૈસાના વહીવટમાં પુત્રને માર મારનાર શખ્સ વિરુદ્ધ એરપોર્ટ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. બનાવ અંગે પ્રદ્યુમન ગ્રીન સીટી, રાજ વૈભવ ટાવરમાં રહેતા ૨૬ વર્ષીય વેપારી ભારતભાઈ રમેશભાઈ રાજપરાએ એરપોર્ટ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કાના સવસેટાનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું બામણબોર જી.આઈ.ડી.સી. ખાતે આર આર કેમ નામથી ફાર્માને લગતું કામકાજ કરું છું. મારા પિતા પણ મારી સાથે જ કામ કરે છે.

ફરિયાદીએ વધુમાં જણાવ્યું હતું કે, ગત તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ સાંજના સાડા ચાર વાગ્યાની આસપાસ હું મારી ઓફીસ ખાતે હાજર હતો. ત્યારે મારા મેનેજર યોગેશભાઈ કથેરીયા મારી પાસે આવેલ અને વાત કરેલ કે, ગેટ પાસે આપણા કારખાનાના સીકયુરીટી ગાર્ડને કોઈ ફડાકા મારે છે. જેથી મેં તુરંત બહાર જઈને જોતા જીજે-૩૬-એએલ-૮૬૦૨ માં મારા પિતા રમેશભાઈના મિત્ર કાનાભાઈ સવસેટા આવેલ હતા અને ધોકા સાથે ઉભા હતા. તેઓ જોરજોરથી રાડો નાખતા હતા. જેથી મે તેમને પૂછેલ કે, કાકા શું થયુ? તો મને કહેલ કે મારા મીઠાના વેપારના પૈસા તારા પીતા પાસે માંગુ છુ કેમ આપતા નથી અને અમારો ફોન પણ કેમ ઉપાડતા નથી તેમ કહીને ગાળો દેવા લાગેલ હતા. જેથી મે તેમને શાંત રહેવા માટે કહેલ હતું અને મારા પિતા રમેશભાઈને ફોન કરીને કાનાકાકા આવેલ તેની જાણ કરેલ હતી. દરમિયાન કાનાભાઈ ઉશ્કેરાય ગયેલ અને મને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ હતા. તેઓ મને કહેવા લાગેલ કે, તારુ કારખાનુ અત્યારે જ બંધ કર અને મારી ગાડીમાં બેસી જા તેમ કહીને મને ધોકા વડે માર મારવા લાગેલ હતા. બાદમાં મારી સાથે ઝપાઝપી કરી તારા પપ્પાને વીડીયો કોલ કર હું તને મારતો હોય તે તારા પપ્પાને બતાવુ છે તેમ કહીને ધકો મારીને પૈસા માટે બળજબરીથી મને ગાડીમાં બેસાડી દીધેલ હતો. બાદ તેણે કહેલ કે, તમે મારા પૈસા નહીં આપો તો તમને બધાને જાનથી મારી નાખવા છે.દરમિયાન પોલીસ આવી જતા અમને બધાને પોલીસ સ્ટેશન લાવેલ હતા. બનાવને પગલે યુવકની ફરિયાદ પરથી એરપોર્ટ પોલીસની ટીમે ગુનો નોંધી કાના સવસેટાની ધરપકડ કરી હતી.

# ગૌરીદડ જમીન પ્રકરણ : રૂપિયા પડાવવા ખોટા આક્ષેપો સાથે રજુઆત કર્યાનો દાવો

## પુરેપુરા પૈસા ચૂકવી જમીન ખરીદી હતી : પ્રાંત અધિકારીએ નોંધ પ્રમાણિત કરવા અંગેનો હુકમ કર્યો હોવાનો પણ ઉલ્લેખ

**અબતક, રાજકોટ**

ગૌરીદડમાં આવેલી જમીનના સોદામાં તલાટી મંત્રી અને જમીન ખરીદનાર સહિત ત્રણ વ્યક્તિઓએ ગેરરીતિ કરી હોવાના આક્ષેપ સાથે જમીનના મૂળ માલિક વ્યાસ પરિવાર દ્વારા ગઈકાલે પોલીસ કમિશનર કચેરીએ અરજી કરવામાં આવી હતી. દરમિયાન જમીન ખરીદનાર નથવાણી બંધુ અને તલાટીએ પોલીસ કમિશનર કચેરીમાં વળતી અરજી કરી છે. જેમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, તેમના દ્વારા જમીન માલિકને પૂરતી અવેજ ચૂકવી આ જમીન ખરીદી વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો છે. મદદનીશ કલેકટર રાજકોટ શહેર-૨ પ્રાંતની કોર્ટમાં આ તકરારી કેસ ચાલતા તેમણે દસ્તાવેજો ચેક કરી નોંધ પ્રમાણિત કરવા અંગેનો હુકમ કર્યો છે. તેમ છતાં વધુ પૈસા પડાવવા માટે આ અરજી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.રાજકોટમાં રહેતા અભિરામભાઈ ઘનશ્યામભાઈ નથવાણી, જયોતિનભાઈ ઘનશ્યામભાઈ નથવાણી તેમજ તત્કાલીન તલાટી રણછોડભાઈ અવચરભાઈ કકાસણીયા દ્વારા પોલીસ કમિશનરને કરેલી અરજીમાં જણાવ્યું હતું કે, તેમણે બકુલભાઈ મનસુખભાઈ વ્યાસ, દિલીપભાઈ વ્યાસ, રાજુભાઈ વ્યાસ, વંદનાબેન કિશોરભાઈ, અન્નપૂર્ણાબેન મનસુખલાલ, જાગૃતીબેન મનસુખલાલ, શિવસાગર વ્યાસ પાસેથી ગૌરીદળની ખેતીની જમીન તારીખ ૨૩/૯/૨૦૨૫ થી પૂરતો અવેજ ચૂકવી ખરીદ કરી છે.


ખેતીની જમીન ખરીદ્યા બાદ અવેજની પૂરી રકમ ચૂકવી દીધી હોવા છતાં વધુ રૂપિયા પડાવવાની લાલચમાં દાનત બગડતા રેવન્યુ રેકોર્ડની નોંધમાં તકરાર ઊભી કરવામાં આવી હતી. તકરારનો નિર્ણય મદદનીશ કલેકટર રાજકોટ શહેર-૨ પ્રાંતની કોર્ટમાં ચાલી જતા તારીખ ૨૪/૧૨/૨૦૨૫ ના મદદનીશ કલેકટરે અરજદારોએ રજૂ રાખેલા દસ્તાવેજી આધાર પુરાવો તથા ચેકથી રકમ ચૂકવી આપેલ છે તેના સ્ટેટમેન્ટ સહિતના પુરાવા માન્ય રાખી નોંધ પ્રમાણિત કરવા અંગેનો હુકમ કર્યો હતો અને અરજદારોના નામની રેવન્યુ રેકોર્ડમાં નોંધ પ્રમાણિત થતા બકુલભાઈ વ્યાસ અને તેના પરિવાર દ્વારા અરજદાર ઉપર ખોટી રીતે વધુ રૂપિયા પડાવવાની લાલચમાં આવી પોલીસ કમિશનર કચેરીમાં ખોટી ગેરરજૂઆતો સાથેની અરજી આપી હોવાનું અરજદારોએ જણાવ્યું હતું. જેથી બકુલભાઈ વ્યાસ તથા તેમના પરિવારની આ અરજી ફાઈલે કરવા અને ન્યાય આપવા રજૂઆત કરવામાં આવી છે.

# મવડી ચોકડી પાસે ૧૦ વર્ષીય માહીનું હૃદયના ધબકારા થંભી જતા મોત

## રમતા રમતા ઉલટી થતા સારવાર મળે તે પહેલા જ મૃત્યુ નીપજતા માતાપિતાનું હૈયાફાટ રૂદન

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં મવડી મેઈન રોડ પર માટેલ સોસાયટીમાં રહેતી ૧૦ વર્ષીય માસુમ બાળકી ને ઉલટી થતા સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી સારવાર મળે તે પહેલા માસુમ બાળકીએ દમ તોડતા આહિર પરિવારમાં આક્રદ છવાયો હતો .આ અંગે મળતી માહિતી રાજકોટ શહેરમાં દિવસે અને દિવસે આધ રોગના હુમલા ના પ્રમાણ વધી રહ્યા છે ત્યારે ચોંકાવનારા બનાવ થી માણસની હદય દ્રવી ઉઠે તેવી ઘટના પ્રકાશમાં આવી છે મુજબ મવડી ચોકડી પાસે માટેલ સોસાયટીમાં શેરી નંબર છ માં રહેતી માહી મનોજભાઈ સાબડ ઉંમર વર્ષ ૧૦ વર્ષીય માસુમ બાળકી ઉલટી થતા સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી સારવાર મળે તે પહેલા જ માહી એ દમ તોડતા માતાપિતા નું હૈયાફાટ રુદન થી પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો આ અંગે મૃતક માહીને હદય રોગ હુમલો આવ્યો હોય તેવું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે. મૃતક માહી રમત રમતી હતી ત્યારે અચાનક ઉલટી થતા સારવાર મળે તે પહેલા જ મોત નીપજ્યું હતું. ધોરણ ચારમાં અભ્યાસ કરતી હતી અને પિતા શ્રમિક કામ કરતા હોય એક ભાઈ ની એકની એક બેનનું મૃત્યુ નીપજતા પરિવારમાં શોક છવાયો હતો.



# રૂડાનગરમાં ૧૫ વર્ષથી તરૂણીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## "સોરી જીવનથી કંટાળી ગઈ છું" લખેલ સ્યુસાઈડ નોટ મળી આવી :પરિવારમાં અરેરાટી

**અબતક, રાજકોટ**

શહેરના રૂડાનગર રહેતી ૧૫ વર્ષથી તરુણીએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલા તરુણી ને તબીબે મૃત જાહેર કરતા માતા-પિતા ભાંગી પડ્યા હતા બનાવની જાણ થતા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો .આ અંગે મળતી માહિતી મુજબ શહેરના રૂડા નગર શેરી નંબર ૧માં રહેતી નીતાબેન ઉમેશભાઈ ઠાકોર ઉંમર વર્ષ ૧૫ વર્ષીય તરુણી પોતાના ઘરે અગમ્યો કારણસર ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી સારવાર મળે તે પહેલા જ તરુણીને તબીબે મૃત જાહેર કરતા હોસ્પિટલે તાલુકો પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક નીતાના આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે અને મૃતક તરુણી અભ્યાસ કરતી હોય એક ભાઈ બે બેન મા મોટી બેન મોત થી પરિવાર ગમગીની છવાઈ હતી. આ અંગે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કિશનભાઈએ વધુ તપાસ હાથ ધરી છે


# ઈન્કમટેક્સ સોસાયટીના યુવાનનું હૃદયના રોગના હુમલાથી મોત

## આઈ.ઓ.સી કંપનીમાં નોકરી કરતા યુવાનના મોતથી પરિવારમાં આક્રંદ

**અબતક, રાજકોટ**

શહેરના એરપોર્ટ રોડ પર ઈન્કમટેક્સ સોસાયટીમાં રહેતા ૩૪ વર્ષીય યુવાને ગત રાત્રે પોતાના ઘરે બેભાન થઈ જતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલા તબીબે યુવાનને મૃત જાહેર કરતા પરિવારમાં આક્રંદ છવાયો હતો

આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસેને દિવસે હૃદય રોગના હુમલાનું પ્રમાણમાં ચિંતા જનક રીતે વધી રહ્યા છે ત્યારે એરપોર્ટ રોડ પર ઈન્કમટેક્સ સોસાયટીમાં રહેતા નિમેષભાઈ પંકજભાઈ શાહ ઉંમર વર્ષ ૩૪ વર્ષીય યુવાન ગઈકાલ રાત્રે ત્રણ વાગ્યા આસપાસ પોતાના ઘરે બેભાન થઈ જતા સારવારથી રાજકોટ શિવરાજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો સારવાર મળે તે પહેલા તબીબે યુવાનને મૃત જાહેર કરતા ઘટના સ્થળે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહ અને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક યુવાનન હદય



રોંગનો હુમલો આવ્યાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે મૃતક યુવાન આઈ.ઓ.સી. કંપનીમાં નોકરી કરતો હોય તેમજ મૃતક અપરણિત અને બે ભાઈ નાના ભાઈ ના મોત થી પરિવાર માં ગમગીની છવાઈ હતી આ અંગે ગાંધીગ્રામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


**જાહેર નોટીસ**

નં.મજસ/કે.નં.૯૦૭/૨૦૨૫ — ૨૬/૧૨/૨૦૨૫

શ્રી રાજાભાઈ મેરામણભાઈ ગળચર,
રહે, કુકસવાડા મુ-કુકસવાડા ..........અરજદાર

વિરૂધ્ધ

શ્રી જન્મમરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, કુકસવાડા ..........સામાવાળા

**વિષય :- જન્મ-મરણ નોંધણી (સુધારા) અધિનિયમ-૨૦૨૩ની કલમ -૧૧(૩) (મુળ કાયદાની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણ નોંધ કરાવવા માટે હુકમ મેળવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ - મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે. અરજદારશ્રી ના પિતા મેરામણભાઈ દીતાભાઈ ગળચરનું મરણ તા.૧૩/૦૨/૧૯૯૯ મુ. કુકસવાડા તા.માળીયા હાટીના જિ.જુનાગઢ મુકામે થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમોને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફતે મુદત તા.૦૨/૦૧/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે બપોરે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, માળીયા હાટીના ખાતે બીનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર કરશો તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
માળીયા હાટીના


# લાપાસરી ગામે યુવતીનો ગળેફાંસો ખાઈ આપઘાત

## પિતાને ધંધા માં મદદ કરતી યુવતીના મોતથી પરિવારમાં આક્રંદ

**અબતક, રાજકોટ**

શહેરમાં ભાગોળે લાપાસરી ગામે રહેતી ૧૯ વર્ષીય યુવતીએ પોતાના ઘરે ચુંદડી વડે ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલાજ તબીબે યુવતી ને મૃત જાહેર કરતા પરિવારમાં આક્રદ છવાયો હતો અને આ અંગે આજીડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે આ અંગે મળતી માહિતી મુજબ શહેરની ભાગોળે આવેલ લાપાસરી ગામે રહેતી ટ્વિંકલબેન દોલતસિંહ ગોહિલ ઉંમર વર્ષ ૧૯ વર્ષીય યુવતી ગઈકાલે સાંજે ૮:૦૦ વાગે આસપાસ અગમ્ય કારણોસર પોતાના ઘરે ચુંદડી વડે ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી સારવાર મળે તે પહેલા જ તબીબે મૃત જાહેર કરતા ઘટના સ્થળે આજીડેમ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે યુવતીનું આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે મૃતક ટ્વિંકલ પિતાની વેપારની દુકાનમાં મદદ કરતી હોય તેમ જ એક ભાઈની એકના એક બેનના મોતથી પરિવારમાં આક્રદ છવાયો હતો આ અંગે આજીડેમ પોલીસના પોલીસના હેડ કોન્સ્ટેબલ ધરજીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે

# ઓમનગર સર્કલ પાસે આકાશદીપ સોસાયટીની પરિણિતાનો આપઘાત

## કુળવધુએ ગળેફાંસો ખાઈ જીવન સુકાવી લેતા પરિવારમાં શોકનું મોજુ ફેલાયો

**અબતક, રાજકોટ**

શહેરના ઓમ નગર સર્કલ પાસે ૪૦ ફૂટ રોડ પર આકાશદીપ સોસાયટીમાં રહેતી ૩૩ વર્ષીય પરણિતાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી સારવાર મળે તે પહેલાં તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં આક્રંદ છવાયો હતો.આ અંગે મળતી માહિતી મુજબ શહેરના ઓમ નગર સર્કલ પાસે ૪૦ ફૂટ રોડ પર આકાશદીપ સોસાયટીમાં રહેતી નિશાબેન નિકુંજભાઈ ચૌહાણ ઉંમર વર્ષ ૩૩ વર્ષીય પરણીતાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સારવાર મળે તે પહેલા જ તબીબે પરિણીતાને મૃત જાહેર કરતા ઘટના સ્થળે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને ખસેડવામાં આવ્યો હતો આ અંગે પરણીતાનું આપઘાતનું કારણ હજી સુધી અકબંધ છે આ બનાવમાં તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જોશીએ વધુ તપાસ હાથ ધરી છે


**ઑનલાઇનની જાહેર નિવિદા**
**વિધુત માર્ગ અને મકાન પેટા વિભાગ રાજકોટ**
**: : જાહેર નિવિદા નં.૧૮/૨૦૨૫-૨૬ : :**
**(ફકત વિધુત ઈજારદારો માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી વિધુત (માઅનેમ) પેટા વિભાગ, રાજકુમાર કોલેજ સામે, ડૉ. યાજ્ઞિક રોડ રાજકોટ-૩૬૦૦૦૧ ફોનનં. ૦૨૮૧-૨૪૮૦૬૮૦ કચેરીએથી વિજળીકરણને લગત જુદા-જુદા કામો કે જેની અંદાજીત કિંમત રૂ.૦.૩૦ લાખ થી ૯.૯૯ લાખ સુધીની છે. તેના માટે ઓનલાઈન પ્રસિધ્ધીથી ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડરો વેબ સાઈટ ઉપર તા.૦૧-૦૧-૨૦૨૬ બાદથી ઓનલાઇન જોવા મળશે. ટેન્ડરની વધારાની વિગતો ટેન્ડર ડોક્યુમેન્ટની વેબસાઈટ https://mb.Nprocure.com ઉપરથી મેળવી શકાશે. તેમજ વિગતવાર નોટીસ આ કચેરી નાં નોટીસ બોર્ડ ઉપરથી જોઈ શકાશે. આવેલા ટેન્ડરો પૈકી એક કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો આપ્યા સિવાય રદ કરવાનો અધિકાર સક્ષમ અધિકારીશ્રીને અબાધિત રહેશે.

માહિતી -રાજ- ૧૫૩૩ -૨૦૨૫-૨૦૨૬ — ના.કા.ઈ. વિધુત પેટા વિભાગ રાજકોટ.



HINDUJA HOUSING FINANCE

**કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫**
**બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્ફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.**
**સૌરભકુમાર નાપીત મો. ૮૭૯૦૦૨૯૩૮૪, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો.૭૦૪૮૩૩૬૬૦૧ સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮, ત્રિશુલ પટેલ મો. ૯૬૬૪૬૯૨૯૨૩, શિવમ મિશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭ ઇ-મેલઃ auction@hindujahousingfinance.com**

**સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના ઈ-હરાજીથી વેચાણ નોટીસ**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ના રૂલ ૮(૬)ની જોગવાઈ હેઠળની ઈ-ઓકશન સેલ નોટીસ આવી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર હિન્દુજા હાઉસીંગ ફાયનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે સાંકેતિક કબજો લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતનોનું વેચાણ કરવા માટે ઈચ્છુક બિડર્સ પાસેથી સીલબંધ કવરમાં નીચે જણાવેલી **સાંકેતિક કબ્જાવાળી** મિલકતો માટે - જ્યાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે ઓફરો મંગાવે છે. જેની વિગતો મુજબ છે :

| નં. | ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારોના નામ | લોન ખાતા નં. | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | પજેશનની તારીખ અને પ્રકાર | મિલકતના નિરીક્ષણની તારીખ, સમય અને ઈએમડી તારીખ | રીઝર્વ કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી-રકમ ૧૦% પ્રમાણે) |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| 1 | ઉધારકર્તા :(૧) શ્રીમતી સોનીબેન ખિયાણી<br>સહ-ઉધારકર્તાઃ (૨) શ્રી એઝાજ ખિયાણી | GJ/RJK/JMNR/A000000088 | તા. ૧૭/૦૭/૨૦૨૫<br>રૂા. ૨૪,૬૫,૬૭૯/- | ૧૫/૧૦/૨૦૨૫<br>સાંકેતિક કબજો | ૧૭/૦૧/૨૦૨૬<br>સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | રૂા. ૪૯,૦૩,૨૦૦/- | રૂા. ૪,૯૦,૩૨૦/- |

**સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** ગુજરાત રાજ્યના **રાજકોટના પેટા જિલ્લા અને રેજી જિલ્લામાં** સિટી સર્વે વોર્ડ નં.૧૭ માં, સિટી સર્વે નં.૮૮ ના જંક્શન પ્લોટ શેરી નં.૮/૧૧ ના આશરે ૧૨૫-૪૨ ચોરસ મીટર વિસ્તાર ધરાવતી જમીન પર બાંધવામાં આવેલ રહેણાંક ટેનામેન્ટ તરીકેની મિલકતના પીસ અને પાર્સલ, જે નીચે મુજબ સીમા ધરાવે છે; પૂર્વઃ જંક્શન પ્લોટ શેરી ૮ રોડ, પશ્ચિમ: મોરબી હાઉસ રોડ, ઉત્તરઃ અન્ય મિલકત, દક્ષિણઃ જંક્શન પ્લોટ શેરી ૧૧ રોડ

શરતો અને નિયમો :૧.બંધ કવરમાં બીડ/ઓફર મોકલવાની છેલ્લી તારીખ નિશ્ચિત ટેન્ડર ફોર્મસ સાથે ઈએમ્ડી અને કેવાયસી સાથે **તા. ૦૨-૦૨-૨૦૨૬ ના રોજ ૫.૦૦ વાગ્યા પહેલા** ઉપર જણાવેલા સરનામે મોકલવાના રહેશે અથવા આ વેબ સાઈટ ઉપર અપલોડ કરી શકાયઃ https://sarfaesi.auctiontiger.net અધુરા ટેન્ડર કે વિતી મુદતે મળેલા ટેન્ડર અમાન્ય ગણાશે અને તેથી તે રદ કરવામાં આવશે ઈએમડી પર કોઈ વ્યાજ આપવામાં નહીં આવે.૨. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ): **૦૩-૦૨-૨૦૨૬ ના** https://sarfaesi.auctiontiger.net ઉપર **બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે** ટેન્ડર ખોલવામાં આવશે.૩. ઉપર જણાવેલી મિલક્ત પર રહેલી કોઈ પણ પ્રકારની જવાબદારીઓ માટે હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ જવાબદાર રહેશે નહીં મિલકતનું વેચાણ જયાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે કરવામાં આવશે.૪ . ડીમાન્ડ ડ્રાફ્ટ હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડની તરફેણમાં નાવવાનો રહેશે.૫. ઓકશન/બીડીંગ માત્ર 'ઓન લાઈન ઈલેક્ટ્રોનિક બીડીંગ દ્વારા જ https://sarfaesi.auctiontiger.net ઉપર થશે .બીડરોને વેબસાઈટની મુલાકાત લઈ વિગતવારનિયમો અને શરતો જાણી લીધા બાદ જ ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવાની સલાહ છે.૬. રસ ધરાવનાર બીડરોએ તેમના નામ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન પ્રા.લિ.ના પોર્ટલ ઉપર મળનારી લીંક www.auctiontiger.in ઉપર નોંધાવી તેમના યુઝર આઈડી, પાસવર્ડ વિના મુલ્યે મેળવી લેવા, સંભવિત બીડરો ઈ-ઓકશન માટેની ઓન લાઈન તાલીમ પણ સર્વિસ પ્રોવાઈડર મે. ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીસ પ્રા. લિ. (ઓકશન ટાઈગર) ની વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net ઉપરથી મેળવી શકશે.૭. વધુ જાણકારી માટે હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી શ્રી સૌરભકુમાર નાપિત સંપર્ક નં.૮૭૯૦૦૨૯૩૮૪ શ્રી હિતેશકુમાર પટેલ સંપર્ક નં.: ૭૦૪૮૩૩૬૬૦૧ શ્રી નીતિન સમુન્દ્રે સંપર્ક નં.: ૮૧૨૮૩૧૦૬૭૮, ત્રિશુલ પટેલ મો. ૯૬૬૪૬૯૨૯૨૩ અથવા સર્વિસ પ્રોવાઈડર મે. ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીસ પ્રા. લિ.(ઓકશન ટાઈગર) હેડ ઓફિસ :બી-૭૦૫, વોલ સ્ટ્રીટ-II, ઓરીએન્ટ ક્લબ સામે, ગુજરાત કોલેજ પાસે, એલિસ બ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ ગુજરાત (ઈન્ડિયા) (સપર્ક નં. ૯૨૬૫૫૬૨૮૧૯ / ૯૨૬૫૫૬૨૮૨૧) નો સંપર્ક કરી શકે છે. સપોર્ટ support@auctiontiger.net,, શ્રી રામ શર્મા મોબ. ૮૦૦૦૦૨૩૨૯૭. ઇમેઇલ કરો: ramprasad@auctiontiger.net હજુ સુધી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારીને સુરક્ષિત મિલકતોના વેચાણ અટકાવવાનો કે ફેરફાર કરવા અંગેનો કોઈ કોર્ટનો આદેશ મળ્યો નથી.૮. વધુ માહિતી તથા નિયમો અને શરતો અને વેચાણ માટેના નિયમો અને શરતો માટે ની માહિતી વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net ઉપરથી મેળવી શકશે.૯. ઓક્સન માં બોલી વધારાની રકમ રૂ.૧૦૦૦૦/- રહેશે.

**સ્થળ : રાજકોટ**
**તારીખ : ૩૧/૧૨/૨૦૨૫**

**નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.**

**અધિકૃત અધિકારી,**
**હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

તંત્રી લેખ

# મોબાઈલના મોહમાંથી મુક્ત કરી બાળપણને મેદાનમાં ઉતરવાનો પ્રયાસ

મોબાઈલની લતને છોડી ગુજરાતમાં બાળપણને રમતના મેદાનમાં ઉતરવાનો નમ્ર પ્રયાસ કરાશે.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા 'અંડર-૧૧ એથ્લેટિક્સ મીટ સીઝન ૪.૦'નું આયોજન કરાયું છે.

રાજ્યના ૧,૦૫૬ વિજેતા બાળકો માટે કુલ રૂ. ૨૨ લાખના ઈનામ અને આગળ સીધા પ્રવેશની સુવર્ણ તક મળશે.

આજના ડિજિટલ યુગમાં જ્યારે બાળકો મોબાઈલ અને ગેજેટ્સમાં વ્યસ્ત રહે છે, ત્યારે ગુજરાતના ભાવિ ખેલાડીઓને મેદાનમાં ઉતારવા અને તેમની શક્તિઓને વૈજ્ઞાનિક ઢબે વિકસાવવા માટે ગાંધીનગર સ્થિત 'ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી' દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે.

આ એથ્લેટિક્સ મીટ માત્ર એક સ્પર્ધા નથી, પરંતુ રાજ્યની છુપાયેલી પ્રતિભાને યોગ્ય મંચ પૂરું પાડવાનું એક અભિયાન છે. આ આયોજનમાં કુલ ૧૧ વિવિધ રમતો રમાશે, જેમાં વિજેતા બનનાર ૧,૦૫૬ બાળકોને કુલ રૂ. ૨૨ લાખની પ્રોત્સાહક ઈનામ એનાયત કરવામાં આવશે.

આ ઉપરાંત વિજેતા બાળકોને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત સંચાલિત 'ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ' માં પ્રવેશ મેળવવાની સીધી તક મળશે, જે તેમની ખેલકૂદની કારકિર્દી માટે 'ગેમ-ચેન્જર' સાબિત થશે.

રમતગમત એ માત્ર શારીરિક કસરત નથી, પરંતુ બાળકના માનસિક વિકાસ અને ચારિત્ર્ય ઘડતરનું માધ્યમ છે. વૈજ્ઞાનિક અભિગમ સાથે રમતગમતના કૌશલ્યો વિકસાવવાથી બાળકો શારીરિક રીતે સક્ષમ અને માનસિક રીતે વધુ મજબૂત બનશે.

# જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન દ્વારા ટાઈપ-૧ ડાયાબિટીસ પીડિત બાળકો માટે રવિવારે પ્રેરણાદાયી કાર્યક્રમ





**અબતક, રાજકોટ**

જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન (ઉંઉઋ) છેલ્લા ૨૨ વર્ષથી ટાઈપ-૧ ડાયાબિટીસથી પીડિત બાળકો અને તેમના પરિવારજનો માટે સતત સેવાભાવી કાર્ય કરી રહી છે. આ જ માનવતાભર્યા હેતુને આગળ વધારતા ફાઉન્ડેશન દ્વારા એક વિશેષ પ્રેરણાત્મક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબ ખાસ ઉપસ્થિત રહી બાળકો અને તેમના વાલીઓને આત્મબળ અને હિંમતનો સંદેશ આપશે. સાથે સાથે બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના ખ્યાતનામ પ્રવકતા અપૂર્વમુની સ્વામી પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રેરણાદાયી વચનો દ્વારા સૌને માર્ગદર્શન આપશે.

આ પ્રેરણાત્મક કાર્યક્રમ તારીખ ૦૪ જાન્યુઆરી, રવિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે શ્રી બીએપીએસ સ્વામિનારાયણ મંદિર મુખ્ય સભાગૃહ, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે યોજાશે. જે ડી એફ પરિવાર દ્વારા આ કાર્યક્રમમાં ડાયાબિટીસથી પીડિત બાળકો તથા તેમના વાલીઓને પ્રોત્સાહન અને માનસિક સશક્તિકરણ પૂરું પાડવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.

જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા સમાજના તમામ વર્ગોને આ માનવસેવા અને પ્રેરણાના કાર્યક્રમમાં જોડાવા ભાવપૂર્વક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ઉંઉઋ પરિવાર વતી અપુલ દોશી તથા સર્વે ટ્રસ્ટીગણ દ્વારા આ સેવાયજ્ઞને સફળ બનાવવા સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

# ગુંજન પાર્કમાં ગુણવંદના અને વય વંદના કાર્યક્રમ યોજાયો

## ભાજપ અગ્રણી અંજલીબેન રૂપાણી ગાયત્રી શક્તિપીઠ વાંકાનેરના અધ્યક્ષ અશ્વિનભાઈ રાવલ ઉપસ્થિતિ રહ્યા





**અબતક, રાજકોટ**

ગુંજન પાર્કના તેજસ્વી વિદ્યાર્થીઓની ગુણ વંદના અને ૭૦ વર્ષથી મોટી વયના વડીલ ભાઈ - બહેનોની વય વંદના કરવાનો એક કાર્યક્રમ ભાજપ અગ્રણી અંજલીબેન રૂપાણીના અધ્યક્ષ સ્થાને અને ગાયત્રી શક્તિપીઠ વાંકાનેરના અધ્યક્ષ અશ્વિનભાઈ રાવલની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

ગુંજન પાર્કના સ્થાપક પ્રમુખ વી.ડી.વઘાસિયાએ સર્વે મહેમાનોનું સ્વાગત કરી, વિગતે પરિચય આપ્યો હતો.

અંજલીબહેને પોતાના ઉદ્‌બોધનમાં ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે વય વંદનાનો કાર્યક્રમ મને ખૂબ જ ગમ્યો. એક બાજુ આજે જ્યારે વડીલોની અવહેલના થઈ રહી છે અને વડીલો ઓરમાયું જીવન જીવે છે અથવા તો વૃદ્ધાશ્રમમાં ધકેલવામાં આવે છે, ત્યારે આવા કાર્યક્રમો સમાજ માટે આંખ ઉઘાડનારા છે. આવા કાર્યક્રમો દરેક જગ્યાએ થવા જોઈએ. જેને પણ આવો સુંદર વિચાર આવ્યો હોય તેમને હું અભિનંદન પાઠવું છું.

નર્સરીથી માંડીને બાર ધોરણ સુધીના તમામ વિદ્યાર્થીઓને સન્માનિત કરી ગુણ વંદના કરવામાં આવી હતી.

વિશેષમાં વિવિધ ક્ષેત્રે સેવા પ્રવૃત્તિ કરતા એનજીઓના અભિવાદન અંતર્ગત ચમત્કારિક હનુમાનજી મંદિરના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ ભગત અને વિવિધ પ્રકલ્પો દ્વારા, વિવિધ ક્ષેત્રે પ્રવૃત્તિ કરાવતા ટ્રસ્ટ આર્યા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડો.ભાવના કક્કડનું અદકેરું અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રેરક કાર્યક્રમમાં વોર્ડ નંબર દસના કોર્પોરેટરો સર્વ ચેતનભાઈ સુરેજા, જ્યોત્સનાબેન ટીલારા, નિરૂભા વાઘેલા, પૂર્વ કોર્પોરેટ પરેશભાઈ હુંબલ, પુષ્કરધામના પૂર્વ પ્રમુખ, અશોકસિંહ જાડેજા, ભાગવતાચાર્ય ડો.કવિતાબેન ઠાકર વગેરેની પ્રેરક ઉપસ્થિત હતી.

ગુંજન પાર્કના પ્રમુખ સ્પૃહાબેન પટેલ, માનદ મંત્રી અતુલભાઈ મણવર અને ધર્મેશભાઈ શુકલના માર્ગદર્શનથી કાર્યક્રમને સફળ બનાવવા કારોબારીએ ભારે જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમનું સુંદર અને સફળ સભા સંચાલન ડો.સ્વાતિબેન જોશી - ભટ્ટએ કર્યું હતું. આભાર દર્શન પ્રમુખ સ્પૃહાબેન પટેલએ કર્યું હતું. અંતે સૌ ડિનર લઈ છુટ્ટા પડ્યા.

# દેવદૂત હનુમાનજી મંદિરે શનિવારે 'શાકોત્સવ'



શ્રી દેવદૂત હનુમાનજી મહારાજ મંદિર શ્રી રામદુત કષ્ટભંજનદેવ સત્સંગ મંડળના સવે હરિભકતો ને જણાવવાનું કે તારીખ ૦૩-૦૧-૨૦૨૬ ને શનિવારે પૂનમના દિવસે "શાકોત્સવ" નું આયોજન કરવામાં આવ્યું છે.

સૌ હરિભકતોને પરિવાર સહિત પધારવા ભાવભર્યુ આમંત્રણ છે. હનુમાનજી મહારાજ ને સાંજે ૭ વાગ્યે સૌ હરિભક્તો દ્વારા ભાવથી થાળ ધરાવવામાં આવશે. ભામસરા ગામ બાવળા બગોદરા હાઈવે આવેલ છે.

# પત્રકાર તુષાર દવેનું ચોથું હાસ્યપુસ્તક 'હમ્બો હમ્બો રિલોડેડ' પ્રકાશિત

## લોકાર્પણ સમારંભમાં લેખક જય વસાવડા, રાઈટર-એક્ટર-ડિરેક્ટર સૌમ્ય જોશી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા



**અબતક, રાજકોટ**

મૂળ રાજકોટના અને હાલ અમદાવાદમાં કાર્યરત જાણીતા યુવા લેખક-પત્રકાર તુષાર દવેના હાસ્યલેખોના ચોથા પુસ્તક 'હમ્બો હમ્બો રિલોડેડ'નો લોકાર્પણ સમારંભ તાજેતરમાં અમદાવાદના કલાસ્મૃતિ ખાતે અતિ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત આ પુસ્તકનું લોકાર્પણ જાણીતા લેખક-વક્તા જય વસાવડા અને રાઈટર-એક્ટર-ડિરેક્ટર સૌમ્ય જોશીના હસ્તે કરવામાં આવ્યું હતું પુસ્તકની પ્રસ્તાવના લખનાર સૌમ્ય જોશીએ તુષારની લેખનશૈલી વિશે જણાવ્યું હતું કે, "તુષારની રાતી આંખમાંથી જ હસતો ગુસ્સો પેદા થાય છે. જીવતા માણસોની આ તકલીફ હોય છે કે તેઓ હંમેશા સજાગ અને સંવેદનશીલ હોય છે."જ્યારે જય વસાવડાએ તુષારને બિરદાવતા કહ્યું કે, "તુષાર ગ્રાઉન્ડ વર્ક કરનારો તેજસ્વી પત્રકાર છે. તેની શૈલી હળવી છે પણ તેમાં પીડા ઓગળેલી છે. એ મરચાંનો આઈસ્ક્રીમ બનાવી શકે તેવી અદભૂત ક્ષમતા ધરાવે છે."આ કાર્યક્રમમાં ફિલ્મ 'લાલો'ના કલાકારો અંકિત સખિયા, રિવા રાચ્છ સહિતની ટીમે હાજરી આપી હતી. ટ્રાવેલ, આર્ટ ફૂડ એન્ડ ફેશન ગ્રૂપના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં અશોક દવે, રામ મોરી, અર્ચન ત્રિવેદી, ભાવિની જાની અને અરવિંદ વેગડા સહિતના અનેક કલાકારો, કવિઓ અને પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. ધારેશ શુક્લ અને તેમની ટીમે પુસ્તકના એક લેખનું વાચિકમ કરીને પ્રેક્ષકોને હસાવ્યા હતા. અશોક દવેએ તુષારને ભારતના ગણ્યાગાંઠ્યા ઉત્તમ હાસ્યલેખકોની યાદીમાં મૂક્યા છે.

# વોર્ડ નં.૨માં ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત કરતા કોર્પોરેટરો



**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૨માં આવેલ રઘુનંદન પાર્ક સોસાયટી તથા વિવાકાનંદ સોસાયટીની શેરીઓમાં ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત ૬૯-વિધાનસભા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા તેમજ વોર્ડ નં.૨ના કોર્પોરેટર મીનાબા જાડેજાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે વોર્ડ નં.૨ના પ્રભારી કુલદીપસિંહ જાડેજા, પ્રમુખ ભાવેશભાઈ ટોયટા, મહામંત્રી ધૈર્યભાઈ પારેખ, મહામંત્રી હર્ષવર્ધનભાઈ કહોર, રાજેન્દ્રસિંહ ગોહિલ, તરૂણભાઈ કોટક, ગુલાબસિંહ જાડેજા, કેયુરભાઈ ડોડીયા, રાજનભાઈ સિંઘવ, ભરતભાઈ કાઠી, રઘુભાઈ ધોળકિયા, નીતિનભાઈ વ્યાસ, જયસુખભાઈ પરમાર, અજયસિંહ જાડેજા, નિલેશભાઈ તરેયા, ગીરીશભાઈ રાઠોડ, રાજુભાઈ પારેખ, પુષ્પકભાઈ જૈન, રાજુભાઈ લાખાણી, કાળુ માસા, કિશોરભાઈ મકવાણા, મિલિંદભાઈ વાઘેલા, જે.ડી.ઉપાધ્યાય, પટેલભાઈ પરમાર, દિપાબેન કાચા તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ.

# લોહાણા સેવા મંડળ દ્વારા સંચાલિત કૃષ્ણ ચિકિત્સાલય નિષ્ણાંત ડોકટરોની સેવા

**અબતક, રાજકોટ**

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ રાજકોટ કનકરોડ બસ સ્ટેન્ડ પાછળ શ્રી કૃષ્ણ ચિકિત્સાલયમાં રાહતદરે નિષ્ણાંત ડોકટરની સેવા ડો. એમ.પી રાજા (ઓથોપેડીક સર્જન) દર ગુરુવારે સવારે ૯ થી ૧૦ ડો. હિરેન કોઠારી (ઓથો. સર્જન) દર મંગળવારે તથા શુક્રવારે સવારે ૯ થી ૧૦ રાહત દરે પોતાની સેવા આપશે.

# સિધ્ધાર્થભાઈ મહેતાની સાતમી વાર્ષિક પૂણ્યતિથિ નિમિતે કાલે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

સિધ્ધાર્થભાઈ મહેશભાઈ મહેતા ની સાતમી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે તેમની અબોલ જીવો તથા પરમાર્થના કાર્યો પ્રત્યેની સેવાઓને યાદ કરતા ખરા અર્થમાં શ્રધ્ધાંજલિ અર્પણ કરતા ઝુંપડપટીનાં દરીદ્રનારાયણોને જમાડવામાં આવશે તથા જીવદયા સેવાકાર્ય તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે. સિધ્ધાર્થભાઈ મહેશભાઈ મહેતા ની સાતમી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે થેલેસેમીયા ગ્રસ્ત બાળકોનાં લાભાર્થે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ૧/૧/૨૬, ગુરુવાર સવારે ૧૦:૦૦ થી ૨:૦૦, નાગર બોર્ડિંગ, વિરાણી સ્કુલની સામે, ટાગોર રોડ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

સિધ્ધાર્થભાઈ સાધુ સાધ્વીજીઓની વૈયાવચ્ચ, વૃધ્ધાશ્રમમાં સેવા તથા જરૂરિયાતમંદ દીકરીઓ ના કરિયાવરથી માંડીને લગ્ન સુધીની વ્યવસ્થા કરવા માટે સહાયરૂપ બનતા, સાથોસાથ જીવદયા તથા અબોલ જીવોની સેવા માટે પણ તત્પર રહેતા.

# જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં આણંદપર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો દબદબો

## પ્રતિભા સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સૌનું ધ્યાન ખેંચી ઝોન કક્ષાએ પસંદગી પામી



**અબતક, રાજકોટ**

વિવિધ ક્ષેત્રોમાં ખાનગી શાળાને સરકારી શાળાઓ ટકકર આપી રહી છે. ત્યારે તાજેતરમાં યોજાયેલ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પી.એમ.શ્રી આણંદપર પ્રા. શા.નં. ૨ ની કૃતિએ ઉત્કૃષ્ટ સુદર્શન કરી જિલ્લાઓએ પ્રથમ નંબર મેળવી ઝોન કક્ષાએ પસંદગી પામેલ છે. શાળાના વિદ્યાર્થીઓએ તેમની પ્રતિભા, સર્જનાત્મક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી તમામનું ધ્યાન આકર્ષ્યું હતું.

આ ગૌરવસભર સિધ્ધી બદલ શાળા પરિવાર તરફથી વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શિક્ષકોને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે. સાથે સાથે સી.આર.સી.સી., બી.આર.સી.સી., ટી.પી. ઈ.ઓ. તથા ડી.પી.ઈ.ઓ. દ્વારા પણ વિદ્યાર્થીની કૃતિ ૩ ડી હોલોગ્રામ ઝોન કક્ષાએ ઉત્તરોત્તર સફળતા મેળવે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી છે. તથા આ સિધ્ધીથી શાળાનું નામ ઉજાગર થયું છે અને અન્ય વિદ્યાર્થીઓને પણ પ્રેરણા મળશે.

# સરદાર પદયાત્રામાં સહયોગ આપવા બદલ તમામનો આભાર માનતા રમેશભાઈ ટીલાળા



**અબતક, રાજકોટ**

અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત 'સરદાર૧૫૦ સ્વદેશી પદયાત્રા-૨૦૨૫' ને સૌએ વ્યાપક, સકારાત્મક અને જવાબદાર મીડિયા કવરેજ આપ્યું હતુ. તે બદલ ધારાસભ્ય રમેશ ટીલાળાએ વ્યક્તિગત રીતે આપ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

રાજકોટથી ખોડલધામ સુધી યોજાયેલી ત્રણ દિવસની આ સ્વદેશી પદયાત્રાનો હેતુ સરદાર પટેલના સ્વદેશી, રાષ્ટ્રીય એકતા અને આત્મનિર્ભર ભારતના વિચારો જનજન સુધી પહોંચાડવાનો હતો. આ સંદેશ સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવામાં આપના પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને ડિજિટલ મીડિયા કવરેજે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

દરેક મીડીયાની નિષ્પક્ષ રિપોર્ટિંગ, સમયસર સમાચાર પ્રસારણ અને સંવેદનશીલ રજૂઆતના બદલ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ મીડીયા કર્મીઓની આભાર માન્યો છે. રાષ્ટ્રહિત, સમાજહિત અને રાષ્ટ્રીય એક્તાના કાર્યોમાં સહયોગ આગળ પણ આવો જ મળતો રહેશે તેવી અપેક્ષા સાથે હૃદપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમાર મહોદયના હસ્તે ૮૪ વૈષ્ણવની વાર્તાના પુસ્તકનું વિમોચન



**અબતક, રાજકોટ**

વ્રજધામ આધ્યાત્મિક સંકુલના ૨૫ વર્ષ અને વલ્લભ યૂથ ઓર્ગેનાઈઝેશન ઈન્ટરનેશનલના ૧૫ વર્ષના મંગલ સમાપ્તીના મહોત્સવને અનુલક્ષીને વૈષ્ણવનગરી વડોદરા ના આંગણે વિશ્વ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ અને શ્રીમદ ભાગવત કથામાં ભારત તીર્થ દર્શન, ચારધામ યાત્રા દર્શન, સાથે સાથે ૪૦૦થી વધુ સ્ટોલના એક્ઝિબિશન સાથે સનાતન હિન્દુ ધર્મની આધ્યાત્મિક યાત્રાના મહા મહોત્સવમાં નવ દિવસમાં અંદાજે ૧૫ લાખથી વધુ લોકોએ આ મહા મહોત્સવનો લાભ લીધો હતો

પ્રેરણા મહોત્સવમાં જગદગુરુ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી રચિત પુષ્ટિમાર્ગના કૃપાપાત્ર ૮૪ વૈષ્ણવોની વાર્તાજીના દરેક ૮૪ વૈષ્ણવોના જીવન ચરિત્ર તેમની સેવા પ્રણાલી તથા ઠાકોરજી પ્રત્યે તેમના પ્રેમભાવના વાર્તાજીનું સૌપ્રથમ અંગ્રેજી ભાષામાં સુંદર ચિત્રજી સાથે પ્રકાશિત૮૪ વૈષ્ણવઝ બુકનું વીવાયઓ ઈન્ટરનેશનલના સ્થાપક પૂજ્યશ્રી વ્રજરાજકુમારજી મહોદયના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ ૮૪ વૈષ્ણવ ની વાર્તાજીનું અંગ્રેજીમાં ભાષાંતર ડોકટર વિજયભાઈ ઝવેરી અને ડોકટર બકુલભાઈ દલાલે કરીને આ સેવા માટે પૂજ્યના ખૂબ ખૂબ આશીર્વાદ મેળવ્યા હતાં.

# ગ્રાહક સુરક્ષા મંડળે કચ્છ-સૌરાષ્ટ્રના નાગરિકોને 'ગ્રાહક અધિકારો' વિશે આપ્યું માર્ગદર્શન




**અબતક, રાજકોટ**

કેન્દ્ર સરકારના આદેશ મુજબ રાજકોટ શહેર/જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા કચ્છ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, જુનાગઢ, મોરબી તથા રાજકોટ વિગેરે જીલ્લાઓમા 'રાષ્ટ્રીય ગ્રાહક દિવસેની ઉજવણી નિમિતે ન્યાય દ્વારા કાર્યક્ષમ અને ઝડપી નિકાલક વિષયે સેમીનારનું આયોજન કરવામા આવેલ હતું. સેમીનારોના આયોજનની જવાબદારી રમાબેન માવાણીએ સંભાળેલ હતી.

સ્વામી નારાયણ ગુરૂકુળ,ઢેબર રોડ, રાજકોટ વિગેરે સ્થળોએ આયોજીત કાર્યક્રમોમા સ્થાનિક પુરવઠા અધિકારી, તોલમાપ અધિકારી, ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી,તાલુકા મામલતદાર, રાજકીય અગ્રણીઓ,વિષય નિષ્ણાંતો અને સામાજીક અગ્રણીઓએ ઉપસ્થીત રહી ગ્રાહક સુરક્ષા સંબધેના પ્રશ્નોમા વિચારોની આપ-લે કરેલ હતી.

સેમીનારોમા ગ્રાહકોને તેઓના હકક અધિકારો, ખાદ્યપદાર્થોની શુદધતા, ઓનલાઈન ખરીદી, સાઈબર ક્રાઈમ, રોડ સેફટી વિગેરે વિષયો સંબધે વિસ્તૃત માહિતી પ્રશ્નોતરી સમય દરમ્યાન આપવામા આવેલ હતી. દરેક સેમીનારો રાષ્ટ્રગીત સાથે સમાપન્ન કરવામા આવેલ હતા.

જોજો... નવા વર્ષની ઉજવણી લોકઅપમાં ન કરવી પડે...

# સખણા રહેજો 'રાજ'કોટ : નશેડીઓ-લુખ્ખાઓના 'સ્વાગત' માટે ચોકે ચોકે પોલીસ તૈનાત

## શહેરના ખૂણેખૂણામાં બ્રેથ એનેલાઈઝર, ડ્રગ્સ ટેસ્ટિંગ કીટ સાથે ૧૦૬૮ પોલીસ જવાનોનું ચેકીંગ







તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. ત્યારે સાંજ પડતા જ શરૂ થતી પાર્ટીઓ પહેલા જ રાજકોટ રૂરલ અને સીટી પોલીસ એક્શનમાં આવી છે અને સમગ્ર શહેર અને જિલ્લામાં સઘન ચેકીંગ શરૂ કરવામાં આવ્યું છે. નશેડીઓનો નશો ઉતારવા રાજકોટ સીટી પોલિસના ઉચ્ચ અધિકારીઓ સહિત ૧૦૬૮ પોલીસ જવાનો તમારું સ્વાગત કરવા માટે તૈયાર હશે અને તુરંત જ લોકઅપના દર્શન કરાવી નશાનું ભૂત પણ ઉતરશે. પોલીસના લોખંડી બંદોબસ્તમાં ૪ ડીસીપી, ૬ એસીપી, ૨૦ પીઆઈ, ૬૦ પીએસઆઈ, ૫૮૨ પોલોસ જવાનો, ૨૯૨ હોમગાર્ડ અને ટીઆરબીનો સમાવેશ થાય છે. કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ વિરુદ્ધ શહેર પોલીસ બે દિવસ ખડેપગે રહેશે. ઉપરાંત પોલીસ કમિશ્નર દ્વારા કડક નિયમો પણ જાહેર કર્યા છે.

શહેરમાં નવા વર્ષને આવકારવાના હેતુથી અલગ-અલગ પ્રકારે ઉજવણી થતી હોય છે. આવા પર્વની ઉજવણીની આડમાં અસામાજીક કૃત્યોને બંધ કરાવવા ખુબજ જરૂરી હોવાથી તમામ ઉજવણીની જગ્યાઓ પર પોલીસ દ્વારા સઘન ચેકીંગ કરવામાં આવશે.

જેમાં શહેરમાં આવેલ તમામ પોલીસ મથકનો ૮૦ ટકાથી વધુનો સ્ટાફ પોલીસ મથકના વિસ્તારમાં દરેક ખૂણે ખૂણે ગોઠવાઈ જશે અને ગેરકાયદેસર પ્રવૃત્તિ પર બાજ નજર રાખશે. દરેક સર્કલ પર ૧૧૨ ની ટીમ સાથે ટ્રાફિક પોલીસ પણ વાહન ચેકીંગમાં જોડાશે.

ઉપરાંત ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાની રાહબરીમાં ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજીની ટીમ પણ સાંજ પડતા જ શહેર ભરના તમામ વિસ્તારમાં સૌથી મોટું કોમ્બિંગ હાથ ધરશે. શહેરમાં આવેલ તમામ ન્યુસન્સ પોઈન્ટ પર આવારા તત્વો કે લુખ્ખાઓ ભેગા થતા નથી ને તેના પર ખાસ નજર રાખશે. તેમજ દરેક સર્કલ અને બુટલેગર-પેડલરોના આશ્રય સ્થાનો પર નજર રાખી દારૂ-ડ્રગ્સની બદી તોડવા મેદાને પડશે.ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ડીસીપી હેતલ પટેલની રાહબરીમાં ભકિતનગર પોલીસ અને એલસીબીની ટીમોએ સામા કાંઠા વિસ્તારમાં સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં સોરઠીયા વાડી સર્કલ પર વાહન ચેકીંગ કરી વાહન ચાલકોને બ્રેથ એનેલાઈઝરથી ચેક કર્યા હતાં. તેમજ બાગ-બગીચામાં બેસતા લોકોની પણ પૂછતાછ કરી હતી.

ઉપરાંત એસઓજીની અલગ અલગ ટીમોએ પણ ડ્રગ્સ ટેસ્ટીંગ કિટની સાથે સાથે એફએસએલની ટીમ સાથે દરેક સર્કલ પર ઊભાં રહી નશાખોરને પકડી આકરી કાર્યવાહી કરી હતી. જે કાર્યવાહી આજે પણ અવિરત રહેશે.

### થર્ટી ફર્સ્ટની પૂર્વ રાત્રિથી જ પોલીસ એક્શન મોડમાં : ૧૦ નબીરા ઝબ્બે, દેશી દારૂના ૧૩ દરોડા

થર્ટી ફર્સ્ટને લઈ શહેર પોલીસ ગઈકાલથી જ એક્શનમાં આવી ગઈ છે અને ચેકિંગ ડ્રાઈવમાં પોલીસે દારૂ પી નીકળેલા થાર ચાલક સહિત ૧૦ શખસોને ઝડપી લીધા હતા. આ ઉપરાંત પોલીસે દેશી દારૂના ૧૩ કેસ કર્યા છે. થર્ટી ફર્સ્ટ પૂર્વે શહેર પોલીસ દ્વારા છેલ્લા ઘણા દિવસોથી રાત્રિના ચેકિંગ ડ્રાઈવ કરવામાં આવી રહી છે. જે ડ્રાઈવ દરમિયાન શહેર પોલીસે મંગળવાર રાત્રિના શહેરના અલગ અલગ વિસ્તારમાંથી દારૂ પી નીકળેલા રાહદારી અને વાહન ચાલક સહિત ૧૦ શખસોને ઝડપી લઈ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. જેમાં બી ડિવિઝન પોલીસે કુવાડવા રોડ ડી માર્ટ પાછળથી દારૂ પી થાર ચલાવી નીકળેલા ભાર્ગવ ધર્મેશ ગોહેલ, હિતેશ રમેશ બસિયાને ઝડપી લીધા હતાં. થોરાળા પોલીસે કુબલીયાપરા ટ્રેક્ટર ચોક પાસેથી વિપુલ રજનીકાંતભાઈ ફીચડીયા, માલવિયાનગર પોલીસે આંબેડકરનગર શેરી નંબર ૯ પાસેથી અજય હરજી બાબરીયા, વિપુલ કાંતિલાલ દેસાણીને ઝડપી લીધા હતા. જ્યારે ભક્તિનગર પોલીસે સોરઠીયાવાડી સર્કલ પાસેથી મહેશ ગોવિંદ વેકરીયા, ગાયત્રીનગર મેઈન રોડ પરથી નિલેશ બટુકરાઈ જોશી, પિયુષ હસમુખ દવે, આહિર ચોક પાસેથી જવાહરલાલ દુખીલાલ ગૌતમને ઝડપી લીધા હતા. એ ડિવિઝન પોલીસે સદર બજાર હરિયર ચોક પાસેથી ભરત દિનેશ બરડા, ન્યુ જાગનાથ પ્લોટમાંથી મયુર ધીરજ ધધડા, ભક્તિનગર સ્ટેશન પ્લોટ પાસેથી પ્રકાશ જગદીશ કુંવારદિયાને નશાની હાલતમાં ઝડપી લઈ જરૂરી કાર્યવાહી કરી હતી.

### ગ્રામ્ય વિસ્તારમાં પોલીસનું કોમ્બિંગ : નશેડીઓ વિરુદ્ધ કાર્યવાહી

#### પાર્ટી પ્લોટ, ફાર્મ હાઉસ, રિસોર્ટ, ખેતરોમાં યોજાતી પાર્ટી પર વોચ રખાશે


થર્ટી ફર્સ્ટ પૂર્વે રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા કોરાટ ચોકથી લઈ પાટણવાવ સુધી સમગ્ર જિલ્લામાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના હેઠળ ગઈકાલથી જ જિલ્લામાં અલગ અલગ સ્થળોએ તેમજ ખાસ કરીને હાઈવે પર સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા બ્રેથ એનેલાઈઝરની મદદથી દારૂ પી વાહન ચલાવનાર વાહન ચાલકોને પકડી પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત વાહનોમાંથી બ્લેક ફિલ્મ ઉતારવામાં આવી હતી.રાજકોટ રેન્જ આઈ.જી અશોકકુમાર યાદવ અને એસપી વિજયસિંહ ગુર્જરની સુચના હેઠળ જિલ્લામાં આગામી થર્ટી ફર્સ્ટની ઉજવણીને લઈ કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અઘટિત ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા તકેદારીના ભાગરૂપે થર્ટી ફર્સ્ટ પૂર્વે જ સઘન ચેકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા ગઈકાલે એએસપી સિમરન ભારદ્વાજ, જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયા સહિતના અધિકારીઓની હાજરીમાં જે તે પોલીસ સ્ટેશનના થાણા અધિકારી તથા પોલીસ મથકના સ્ટાફ દ્વારા સઘન ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. ખાસ કરીને હાઈવે રોડ પર પોલીસ દ્વારા અહીંથી પસાર થતા વાહનોને અટકાવી વાહન ચાલકોને બ્રેથ એનેલાઈઝર વડે ચેક કરી દારૂ પી વાહન ચલાવનાર સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત વાહનોમાં બ્લેક ફિલ્મ લગાવનાર વાહન ચાલકો સામે પણ પોલીસે દંડનીય કાર્યવાહી કરી ફોર વ્હીલમાંથી બ્લેક ફિલ્મ ઉતારી હતી. આજે થર્ટી ફર્સ્ટને લઈ જિલ્લા પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવશે એટલું જ નહીં ગ્રામ્ય વિસ્તારોમાં આવતા ફાર્મ હાઉસ અને પાર્ટી પ્લોટમાં નવા વર્ષની નશીલી ઉજવણી કરનાર શખસો પર ખાસ વોચ ગોઠવવામાં આવશે અને નવા વર્ષની ઉજવણી દારૂની મહેફિલ સાથે કરનાર શખસો સામે પોલીસ દ્વારા ગુના નોંધવાની કાર્યવાહી કરવામાં આવશે.

### શહેરમાં પાર્ટીની ૧૨ અરજીઓની ચકાસણી : રૂરલમાં બે આયોજનોને મંજૂરી

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરે અલગ અલગ પાર્ટીઓ યોજાતી હોય છે ત્યારે રાજકોટ ગ્રામ્ય પોલિસે મેટોડા પાસે આવેલ આર્ય કલબ અને લોધીકા નજીક આવેલ વિવાંતા કલબને મંજૂરી આપી છે. જ્યારે શહેર પોલીસમાં આવેલ ૧૨ અરજીઓની ચકાસણી થઈ રહી છે, જે નિયમ મુજબ હશે તેને જ સાંજ સુધીમાં પરમિશન મળી શકશે તેવું પોલીસ સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, પોલીસ દ્વારા ચુસ્ત નિયમ બનાવવામાં આવ્યાં છે અને મહિલાઓની છેડતી સહિતના બનાવો ન બને તે માટે તમામ ઉજવણી સ્થળોના ગેટ ઉપર ફરજીયાત નાઈટ વિઝન સીસીટીવી કેમેરા લગાવવાના ફરજિયાત રહેશે. તેમજ કોઈ આગજનીના બનાવ માટે ફાયર સેફ્ટીની તમામ સુવિધાઓ ફરજીયાત રાખવાની તેમજ ઉજવણી સ્થળોએ પ્રતિબંધિત કૃત્યો, માદક પદાર્થો કે કેફી પિણાઓનો ઉપયોગ ન થાય તે તમામ જવાબદારી આયોજકોની રહેશે. ઉપરાંત તમામ પાર્કિંગ સ્થોળોએ પ્રાઈવટ સિક્યુરીટી તથા ફરજીયાત સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે.

# રાજસ્થાનના ટોંકમાંથી ૧૫૦ કિલો વિસ્ફોટક ભરેલી કાર ઝડપાઈ

## યુરિયા બેગમાં છુપાવી એમોનિયમ નાઈટ્રેટની હેરાફેરી કરતા બે શખ્સોની ધરપકડ : કેન્દ્રીય એજન્સીઓ તપાસમાં જોતરાઈ



**અબતક, રાજકોટ**

દિલ્લી બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવાયેલ એમોનિયમ નાઈટ્રેટનો મોટો જથ્થો રાજસ્થાનથી ઝડપાયો છે. રાજસ્થાનના ટોંક જિલ્લામાં ભારે માત્રામાં વિસ્ફોટક મળી આવ્યું હતું. માહિતી અનુસાર પોલીસે એક કારમાંથી આશરે ૧૫૦ કિલો જેટલું એમોનિયમ નાઈટ્રેટ જપ્ત કર્યું છે. આ ઉપરાંત પોલીસે ૨૦૦ વિસ્ફોટક બેટરી અને ૧૧૦૦ મીટર જેટલું વાયર પણ કબજે લીધું છે. આ મામલે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

ટોંકના ડીએસપી મૃત્યુંજય મિશ્રાએ કહ્યું કે એક મારુતિ સિયાઝ કારમાંથી આ વિસ્ફોટકનો જથ્થો મળી આવ્યો હતો. આ મામલે બે આરોપીઓને પકડીને પૂછપરછ શરૂ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે હાલમાં સમગ્ર દેશમાં ૨૦૨૫ની વિદાય અને નવા વર્ષ ૨૦૨૬ના આગમનને લઈને અનેક કાર્યક્રમ-પાર્ટી યોજાવાના છે જેના પગલે કોઈ અણગમતી ઘટના ન બને તેવા ઉદ્દેશ્યથી પોલીસે કડક હાથે પેટ્રોલિંગ-તપાસ શરૂ કરી દીધી છે.

ઘટના બરૌની પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. પોલીસને ગુપ્ત માહિતી મળી હતી કે બુંદી તરફથી ટોંક તરફ વિસ્ફોટક સામગ્રીની હેરાફેરી થઈ રહી છે. આ માહિતીના આધારે નાકાબંધી કરવામાં આવી અને સંદિગ્ધ કારને રોકી તલાશી લેવામાં આવી હતી. જેમાંથી વિસ્ફોટક મળી આવ્યો હતો. કારમાં સવાર બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની ઓળખ બુંદી જિલ્લાના કરવર વિસ્તારના રહેવાસી સુરેન્દ્ર પટવા અને સુરેન્દ્ર મોચી તરીકે થઈ છે. બંને આરોપી વિસ્ફોટક સામગ્રીને બુંદીથી ટોંક સપ્લાય કરવા જઈ રહ્યા હતા. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ વિસ્ફોટકનો ઉપયોગ કોઈ મોટી ઘટના અથવા ખાણકામ માટે થઈ શકે તેમ હતો પરંતુ હાલ તેના હેતુ અને સ્રોતની તપાસ ચાલી રહી છે. આરોપીઓ પાસેથી વધુ માહિતી મેળવવા માટે ગહન પૂછપરછ કરવામાં આવી રહી છે. કારને પણ જપ્ત કરી લેવામાં આવી છે.નવા વર્ષની ઉજવણી વચ્ચે આવી મોટી માત્રામાં વિસ્ફોટકની જપ્તીએ સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરી દીધી છે. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી દીધી છે અને સંભવિત જોખમને ટાળવા માટે વધારાના પગલાં લેવામાં આવી રહ્યા છે.

# કોઠારીયામાં ગેરકાયદેસર દબાણ દૂર કરાયુંઃ બે કરોડની જમીન ખુલ્લી કરાય

## આશરે ૨૫૦ ચોરસ મીટર જમીન પર લાંબા સમયથી કારખાનું ધમધમતું હોય તાલુકા મામલતદારની ટીમે બુલડોઝર ફેરવ્યુ



**અબતક, રાજકોટ**

આજે રાજકોટ કલેકટરની સૂચના બાદ તાલુકા મામલતદાર મકવાણા દ્વારા પોલીસની ટીમ સાથે રાખી કોઠારીયા ગામના સરકારી ખરાબાના જમીન પરના આશરે ૨૫૦ ચોમી જમીન પરનું અનઅધિકૃત દબાણ દૂર કરવામાં આવેલ છે.આ જમીનની બજારકિંમત આશરે બે કરોડ જેટલી થાય છે.

ઉલ્લેખનીય છે કે, એક સાથે બે કરોડની ૨૫૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવીને જિલ્લા કલેકટરને રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો. ખરાબાની જમીનમાં કારખાનું કેટલાક સમયથી ધમધમી રહ્યું હતું.

પોલીસ સ્ટાફની મદદથી ડીમોલેશન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવામાં આવ્યા હતા. સમગ્ર ઓપરેશનમાં જીઈબીની ટીમો પણ જોડાઈ હતી. વીજ તંત્ર દ્વારા વીજ કનેક્શન પણ કાપી નાખવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આગામી દિવસોમાં પણ સરકારી ખરાબમાં ડિમોલેશનની કામગીરી પુરજોશમાં ચાલશે. આજે બુલડોઝર ફેરવી ગેરકાયદે તમામ જમીન સપાટ કરી દેવામાં આવી છે.

# ટી-૨૦ વર્લ્ડકપ માટે અફઘાનિસ્તાનની ટીમ જાહેરઃ રાશિદખાન બન્યો કેપ્ટ્ન

## ઓલરાઉન્ડર ગુલબદીન નાઈબ અને ફાસ્ટ બોલર નવીન ઉલ હક પણ ૧ વર્ષ બાદ ટીમમાં પરત ફર્યાઃશાહિદ ઉલ્લાહ કમાલ અને વિકેટકીપર બેટ્સમેન મોહમ્મદ ઈશાકને ટીમમાં સ્થાન મળ્યું



**અબતક, નવી દિલ્હી**

ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬નું આયોજન આગામી વર્ષ થવા જનારું છે. આ ટૂર્નામેન્ટની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે. તેમ ટીમો પોતાના સ્કવોડની જાહેરાત કરી રહી છે. ત્યારે ઈંગ્લેન્ડની ટીમ બાદ વધુ એક ટીમે પોતાના ટીમની જાહેરાત કરી છે. અફઘાનિસ્તાને વર્લ્ડકપ માટે ટીમની જાહેરાત કરી છે. અફઘાનિસ્તાને રાશિદ ખાનની ટીમની કમાન સોંપવી છે. ઓલરાઉન્ડર ગુલબદીન નૈબ અને ફાસ્ટ બોલર નવીન ઉલ હક પણ ૧ વર્ષ બાદ ટીમમાં પરત ફર્યો છે. જે ઈજાના કારણે ટીમમાંથી બહાર હતો. નવીને પોતાની છેલ્લી ટી૨૦ મેચ ડિસેમ્બર ૨૦૨૪માં ઝિમ્બામ્વે વિરુદ્ધ હરારેમાં રમી હતી.

અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે ટી૨૦ વર્લ્ડકપની સાથે વેસ્ટઈન્ડિઝ વિરુદ્ધ ટી૨૦ સીરિઝ માટે પણ પોતાની ટીમ જાહેર કરી છે. વર્લ્ડકપમાં ભાગ લેનારી ટીમ જ વેસ્ટઈન્ડિઝ સામે રમશે. અફઘાનિસ્તાનની ટીમ ટી૨૦ વર્લ્ડકપ પહેલા વેસ્ટઈન્ડિઝની સાથે ૩ મેચની ટી૨૦ સીરિઝ રમશે. જેની મેજબાની અફઘાનિસ્તાને ૧૯ જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી સુધી કરી છે.

શાહિદ ઉલ્લાહ કમાલ અને વિકેટકીપર બેટ્સમેન મોહમ્મદ ઈશાકને ટીમમાં સ્થાન મળ્યું છે. યુવા ફાસ્ટ બોલર અબ્દુલ્લા અહમદજઈને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ફઝલ હક ફારુકીને પણ ૧૫ સભ્યોની ટીમમાં સ્થાન મળ્યું છે. ટીમમાં એક ખાસ નામ મુઝીબ ઉર રહમાનનું છે. જેના કારણે એએમ ગજનફરને એજાજ અહમદઝઈ અને યુવા ફાસ્ટ બોલર જિયા ઉર રહમાન શરીફીની સાથે ખેલાડીઓના રિઝર્વ પુલમાં રાખવામાં આવ્યા છે.

અફઘાનિસ્તાનની ટીમને આઈસીસીસ પુરુષ ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ના પુલ ડીમાં ન્યુઝીલેન્ડ, સાઉથ આફ્રિકા, યુનાઈટેડ અરબ અમીરાત અને કેનેડાની સાથે રાખવામાં આવ્યા છે. અફઘાનિસ્તાનની ટીમ પોતાની પહેલી મેચ ૮ ફેબ્રુઆરીના રોજ ચેન્નાઈમાં ન્યુઝીલેન્ડ વિરુદ્ધ રમશે.

### વેસ્ટ ઈન્ડિઝ સિરીઝ અને ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે અફઘાનિસ્તાન ટીમ

રાશિદ ખાન, ઈબ્રાહિમ ઝાદરાન, રહમાનુલ્લાહ ગુરબાઝ, મોહમ્મદ ઈશાક,સેદિકુલ્લાહ અટલ, દરવિશ રસુલી, શાહિદુલ્લાહ કમાલ, અઝમતુલ્લાઈ ઉમરજઈ, ગુલબદીન નૈબ, મોહમ્મદ નબી,નુર અહમદ, મુઝીબ ઉર રહમાન,નવીન ઉલ હક, ફઝલ હક ફારુકી અને અબ્દુલા અહમદઝઈ તેમજ રિઝર્વ ખેલાડીમાં એએમ ગજનફર, ઈઝાઝ અહમદઝઈ અને જિયા ઉર રહમાન શરીફી

# વધારે પીવાઈ ગયું છે?! તો ચિંતા ન કરતા અમે ઘરે મૂકી જઈશું : કર્ણાટકના ગૃહમંત્રી



**અબતક બેંગલુરુ**

નવા વર્ષની ઉજવણીમાં ઘણીવાર લોકો એટલી હદે નશો કરી લેતા હોય છે કે તેમને પોતાના ઘરનો રસ્તો પણ યાદ નથી રહેતો અથવા તો તેઓ રસ્તા પર અસહાય હાલતમાં પડ્યા રહે છે. આવા લોકોની સુરક્ષા અને માર્ગ અકસ્માતો રોકવા માટે કર્ણાટક સરકારે એક અનોખી પહેલ કરી છે. કર્ણાટકના ગૃહમંત્રી જી. પરમેશ્વરાએ જાહેરાત કરી છે કે નવા વર્ષની રાત્રે જો કોઈ વ્યક્તિ અતિશય નશામાં હશે અને ચાલી શકે તેવી સ્થિતિમાં નહીં હોય, તો પોલીસ તેને સુરક્ષિત રીતે તેના ઘરે પહોંચાડવાની જવાબદારી લેશે.

ગૃહમંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે આ સુવિધા દરેક નશામાં રહેલી વ્યક્તિ માટે નથી, પરંતુ જેઓ ભાન ગુમાવી બેઠા છે અને પોતાની સંભાળ રાખવા સક્ષમ નથી તેમના માટે છે. આ માટે રાજ્યમાં ૧૫ જેટલા 'રેસ્ટ સેન્ટર્સ' (વિશ્રામ કેન્દ્રો) પણ બનાવવામાં આવ્યા છે, જ્યાં વધુ પડતા નશામાં ધૂત લોકોને નશો ઉતરે ત્યાં સુધી રાખવામાં આવશે અને ત્યારબાદ જ તેમને ઘરે મોકલવામાં આવશે. ખાસ કરીને મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ વ્યવસ્થા કરવામાં આવી છે જેથી કોઈ અસામાજિક તત્વો તેમની સ્થિતિનો ગેરલાભ ન ઉઠાવે.

બેંગલુરુ, મૈસુરુ, મેંગલુરુ અને હુબલી જેવા મોટા શહેરોમાં જ્યાં ભીડ વધુ રહે છે, ત્યાં ૨૦,૦૦૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. ડ્રિંક એન્ડ ડ્રાઈવના કેસો રોકવા માટે ૧૬૦ થી વધુ પોઈન્ટ્સ પર ચેકિંગ હાથ ધરવામાં આવશે. પોલીસ જવાનો બોડી કેમેરાથી સજ્જ હશે જે સીધા કમાન્ડ સેન્ટર સાથે જોડાયેલા રહેશે. આ ઉપરાંત, ભીડભાડ વાળા વિસ્તારોમાં આતંકવાદી ગતિવિધિઓ પર નજર રાખવા માટે પણ પોલીસને સતર્ક રહેવા સૂચના અપાઈ છે. ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમારે પણ સોશિયલ મીડિયા દ્વારા ખાતરી આપી છે કે બેંગલુરુ સુરક્ષિત રીતે નવા વર્ષને આવકારવા માટે સજ્જ છે.

# તેરા તુજકો અર્પણ: રૂ.૫૬.૯૦ લાખની મત્તા મૂળ માલિકોને પરત અપાવતી પોલીસ

## સાયબર ફ્રોડમાં ગુમાવેલ નાણાં, ગુમ કે ચોરી થયેલ મોબાઈલ,રોકડ, ઘરેણા શોધી કાઢતી એ ડિવિઝન અને માલવિયાનગર પોલીસ






**અબતક, રાજકોટ**

તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ એ ડિવિઝન અને માલવિયાનગર પોલીસે સાયબર ફ્રોડમાં ગુમાવેલ નાણાં, ગુમ કે ચોરી થયેલ મોબાઈલ,રોકડ, ઘરેણા સહિત કુલ રૂ. ૫૬,૯૦,૯૨૩નો મુદામાલ શોધી કાઢી ૧૨૨ મૂળ માલિકોને પરત કર્યો હતો.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક કમિશનર મહેન્દ્ર બગડીયા, ઝોન ૨ના નાયબ પોલીસ કમિશનર રાકેશ દેસાઈ, માલવિયા નગરના નાયબ પોલીસ કમિશનર હેતલ પટેલ અને મદદનીશ પોલીસ કમિશનર બી.જે ચૌધરીએ ગુમ થયેલા કે ચોરી થયેલા મોબાઈલ, સાઈબર ફ્રોડમાં ગુમાવેલા નાણા, ચોરી થયેલા ઘરેણા શોધી કાઢવા સૂચના આપી હોય જે અંતર્ગત એ ડિવિઝન પોલીસના પી.આઈ. બી.વી.બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફે સી.ઈ.આઈ.આર પોર્ટલ મારફત ૪૫ અરજદારોએ સાઈબર ફ્રોડથી ગુમાવેલા નાણા રૂ.૧૨,૭૫,૨૩૮, ૧૫ અરજદારોના મોબાઈલ ફોન રૂ.૦૩,૧૧,૯૮૫ અને ૧૧ અરજદારોના રોકડ દાગીના રૂ.૩૦,૦૫,૦૦૦ સહિત કુલ રૂ. ૪૫,૯૨,૨૨૩ નો મુદામાલ તેરા તુજકો કાર્યક્રમ અંતર્ગત મૂળ માલિકોને પરત કરવામાં આવ્યો હતો.

માલવિયાનગર પોલીસના પી.આઈ.જે.આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ સાઈબર ક્રાઈમ્સ સ્કોડના પી.એસ.આઈ. એમ.જે.ધાંધલ અને તેની ટીમે ૩૨ અરજદારોએ સાઈબર ફ્રોડથી ગુમાવેલા નાણા રૂ. ૫,૭૩,૦૦૦ અને રૂ. ૫,૨૫,૭૦૦ ની કિંમતના ૧૯ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧૦,૯૮,૭૦૦ નો મુદામાલ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ મૂળ માલિકોને પરત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં એ ડિવિઝનના પી.આઈ. બી.વી.બોરીસાગર, પી.એસ.આઈ. એ.એમ.ઝાલા, પોલીસ હેડ કોન્સ્ટેબલ જયેન્દ્રસિંહ ઝાલા, પોલીસ કોન્સ્ટેબલ જયવીરસિંહ ઝાલા, સતિષભાઈ બારડ, જીતુબેન ભગવાનજીભાઈ, રૂતિકાબેન રૂડાણી, આઈ.ટી એક્સપર્ટ ઈરફાનભાઈ અન્સારી તેમજ માલવીયા નગર પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.આર.દેસાઈ, પી.એસ.આઈ. એમ.જે.ધાંધલ, પોલીસે હેડ કોન્સ્ટેબલ કિશોરસિંહ પ્રવિણસિંહ, પોલીસ કોન્સ્ટેબલ જયભાઈ રસિકભાઈ, રણજીતસિંહ રમેશભાઈ, દિવ્યાબેન દિનેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# ઓસ્ટ્રેલિયના દિગ્ગ્જ ક્રિકેટર માર્ટિનની હાલત ગંભીર: કોમામાં સરકી ગયા



**અબતક, નવી દિલ્હી**

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર ડેમિયન માર્ટિન હાલમાં ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં છે. તેમને મગજ અને સ્પાઈનલ કોર્ડની આસપાસની મેમ્બ્રેનમાં ચેપ અને સોજાનું નિદાન થયું છે, જેના કારણે તેમને કોમામાં ચાલ્યા ગયા છે.

ડેમિયન માર્ટિન ઓસ્ટ્રેલિયાના સુવર્ણ યુગના મહત્વપૂર્ણ બેટ્સમેન હતા. તેમણે ૧૯૯૨થી ૨૦૦૬ સુધી ઓસ્ટ્રેલિયા માટે રમ્યા અને ૬૭ ટેસ્ટ મેચોમાં ૪,૪૦૬ રન (૧૩ સદીઓ સાથે, એવરેજ ૪૬.૩૭), ૨૦૮ વનડે મેચોમાં ૫,૩૪૬ રન (૫ સદીઓ) તેમજ ૧૯૯૯ અને ૨૦૦૩ વર્લ્ડ કપ વિજેતા ટીમના સભ્ય હતા. ૨૦૦૩ વર્લ્ડ કપ ફાઈનલમાં ભારત સામે અણનમ ૮૮ રન બનાવ્યા હતા. તેઓ તેમની આકર્ષક સ્ટ્રોક પ્લે માટે જાણીતા હતા.

મેનિન્જાઈટિસ એક ગંભીર રોગ છે જે જીવલેણ પણ બની શકે છે, પરંતુ વહેલી સારવારથી સ્વસ્થ થઈ શકાય છે. આશા છે કે ડેમિયન માર્ટિન ઝડપથી સાજા થઈને પાછા ફરશે. તેમના માટે તમામ ક્રિકેટ પ્રેમીઓ પ્રાર્થના કરી રહ્યા છે.

# શારજાહ સ્થિત પતિએ રૂ.૩૦ હજાર ભરણપોષણ ચૂકવવા હુકમ

## બે વર્ષના દાંપત્યજીવનમા પત્નીને તરછોડી દેતા ખાધા ખોરાકી માટે અદાલતમાં દાદ માંગવામાં આવી હતી: અંદાજે છ વર્ષનું એરિયર્સ પણ પત્નીને ચૂકવવું પડશે

**અબતક, રાજકોટ**

માત્ર બે વર્ષના લગ્ન જીવનમાં જ વિદેશ રહેતા પતિએ પત્નીને સાથે ન રાખી માનસિક ત્રાસ આપી તરછોડી દીધાના કેસમાં ફેમિલી કોર્ટે યુએઈ શારજાહમાં વસવાટ કરતા સોની વેપારીએ તેમની પત્નિને માસિક રૂા.૩૦ હજાર ભરણપોષણ અરજીની તારીખથી ચુકવવાનો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ, આ અંગે અરજદાર પરિણીતાએ ફેમિલી કોર્ટમાં કરેલી ફરિયાદ અરજીમાં જણાવ્યું મુજબ, રાજકોટમાં રહેતા કોમલ રસીકભાઈ થડેશ્વરના લગ્ન રાજકોટના રહીશ યતીન ગોવિંદભાઈ વાયા (રહે. બાલમુકુંદ પ્લોટ, નર્મળા કોન્વેન્ટ રોડ, રાજકોટ હાલ યુએઈ શારજાહ) સાથે તા. ૨૪/ ૦૧/ ૨૦૧૭ના રોજ લગ્ન થયેલા બાદ કોમલબેન તેમના પતિ અને સસરા સાથે બાલમુકુંદ પ્લોટ ખાતે સાસરીયામાં રહેવા ગયેલા, લગ્નનાં એકાદ વર્ષ બાદ યતીન ગોવિંદભાઈ વાયા તેમની પત્નીને ટુરીસ્ટ વિઝા ઉપર યુએઈ શારજાહ ખાતે લઈ ગયેલ. પતિ યતીન ગોવિંદભાઈ વાયા છેલ્લા ઘણા વર્ષોથી યુએઈ ખાતે ગોલ્ડ મેન્યુફેકચરિંગનું કામકાજ કરતાં હોય આમ છતાં પત્નીને યુએઈ ખાતે લઈ જઈ ગણતરીના દિવસોમાં જ ભારત પરત મોકલી આપતા. ત્યારબાદ પણ કોમલબેન સાસરીમાં રહેતા હતા. આ સમયગાળા દરમ્યાન કોમલબેનના સસરા ગોવિંદભાઈ વાયાએ પોતાના ઘરમાંથી અરજદારના સ્ત્રીધનના દાગીનાઓ, કપડા લતા તથા કરીયાવરનો સરસામાન અરજદારને ન આપવો પડે તેવા હેતુથી અને અરજદાર ઘરમાં ન રહે તેવા હેતુથી બારોબાર સગેવગે કરી દીધેલ.

તેમજ અરજદાર ભારત આવ્યા બાદ પોતાના માવતરે રહેલ, આ દરમ્યાન સમાધાનના પ્રયત્નો કરેલા પરંતુ તેમના પતિ દ્વારા કોઈ પ્રત્યુતર આપવામાં આવતો ન હતો, આથી અરજદાર દ્વારા તેમના એડવોકેટ મારફત એ ફેમિલી કોર્ટમાં ૨૦૧૯ની સાલમાં ભરણપોષણ મેળવવા અંગેની અરજી દાખલ કરાઈ હતી. જે અરજી ચાલી જતાં સમગ્ર પુરાવો ધ્યાને લઈ સામાવાળાની આવક અને મિલ્કતોને ધ્યાને થઈ સને ૨૦૧૯થી અરજદાર કોમલબેનને માસિક રૂ. ૩૦ હજાર ભરણપોષણ પેટે ચુકવવાનો સામાવાળા પતિ યતીન ગોવિંદભાઈ વાયાને ફેમિલી કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવેલ છે. ફેમિલી કોર્ટના આ હુકમને પગલે પરિણીતા અંદાજે છ વર્ષનું ભરણપોષણ એરિયર્સ મેળવવા હક્કદાર બનેલ છે.આ કામમાં અરજદાર કોમલબેન તરફે વકીલ તરીકે રાજેશ કે. મહેતા, ધવલ પી. મહેતા, ગૌરવ પી. મહેતા, ચંદુભાઈ અઘેરા, હિતેષ આર. મહેતા, સુરેન્દ્રસિંહ જાડેજા તથા મહેન્દ્રભાઈ ચુડાસમા રોકાયેલ હતા.

(પહેલા પાનાનું ચાલું)

### માવઠું...

એકવાર માવઠાની આગાહી કરવામાં આવતાં ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગ આજે અને કાલે કચ્છ સહિત દરિયાકાંઠા વિસ્તારમાં છૂટાછવાયા કમોસમી વરસાદની શક્યતા છે, જેને કારણે શિયાળુ પાક જેવા કે ઘઉં, જીરું અને રાયડાને નુકસાન પહોંચવાની ભીતિ સેવાઈ રહી છે.

હાડ થિજાવતી ઠંડી વચ્ચે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર- કચ્છમાં હળવા કમોસમી વરસાદની આગાહી કરાઈ હતી. આગામી ત્રણ કલાક કચ્છમાં છૂટ્ટાછવાયા સ્થળે વરસાદની આગાહી કરાઈ છે. બે દિવસ કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગના મતે ભરશિયાળે વાતાવરણમાં બદલાવ આવશે. જેના કારણે રાજ્યના વિવિધ વિસ્તારમાં વાદળો ઘેરાવવાની સાથોસાથ કેટલાક સ્થળોએ છૂટ્ટાછવાયા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે.

ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર- કચ્છના વિસ્તારમાં હળવો વરસાદ પડવાની આગાહી કરાઈ છે. ૨૪ કલાકમાં કચ્છના પશ્ચિમ ભાગના કેટલાક વિસ્તારમાં સામાન્ય વરસાદ પડવાની શક્યતાઓ છે. આજે ઉત્તર ગુજરાતના પાટણ અને બનાસકાંઠા, સૌરાષ્ટ્રના દ્વારકા, જામનગર અને મોરબી તથા કચ્છ પંથકમાં હળવા કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરાઈ છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં આ વખતે શિયાળાની સિઝનમાં કાતિલ ઠંડીનો દૌર હજુ સુધી શરૂ થયો જ નથી. સામાન્ય રીતે નવેમ્બરના અંત કે ડિસેમ્બરના પ્રારંભે જ હાડ થિજાવતી ઠંડીનો વર્તારો શરૂ થઈ જતો હોય છે.

### પીએમ વિકસીત ભારત રોજગાર યોજના...

વિકસિત ભારત રોજગાર યોજના પોર્ટલ પર ૨,૩૫,૪૫૯ સ્થાપનાઓ નોંધાયેલી છે. આ આંકડા દર્શાવે છે કે યોજના ઝડપથી આગળ વધી રહી છે અને દેશના યુવાનોને નોકરી મળવામાં મદદ કરી રહી છે.

આ યોજના કેન્દ્રના બજેટ ૨૦૨૪-૨૫માં જાહેર કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ દેશમાં રોજગારીની તકો વધારવાનો છે. યોજના માટે કુલ ૯૯,૪૪૬ કરોડ રૂપિયાનું બજેટ જોગવાઈ કરવામાં આવી છે. આ રકમથી આગામી બે વર્ષમાં ૩.૫ કરોડ વધુ નોકરીઓ ઉભી કરવાનો લક્ષ્ય છે. આમાંથી ૧.૯૨ કરોડ કર્મચારીઓ પ્રથમ વખત કાર્યબળમાં પ્રવેશ કરનારા હશે. યોજના બધા ક્ષેત્રોને આવરી લે છે, પરંતુ ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ) ક્ષેત્ર પર વધુ ધ્યાન કેન્દ્રિત છે, જેથી ભારતને વિકસિત બનાવવાનું સ્વપ્ન સાકાર થાય.પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના ભારતને વિકસિત દેશ બનાવવાના મહત્ત્વાકાંક્ષી લક્ષ્યનો મહત્વનો ભાગ છે. તે દેશના યુવાનોને નોકરી આપીને બેરોજગારી ઘટાડે છે અને અર્થતંત્રને વેગ આપે છે. મંત્રાલયના અવલોકન અનુસાર, આ યોજના ઝડપથી સફળતા મેળવી રહી છે અને ૨૦૨૬માં તેને વધુ વિસ્તારવાની યોજના છે.

### સેબીની આજીજી...

નુકસાન પછી આઈપીઓ કર્યા હતા, જેમાં પ્રારંભિક રોકાણકારો મોટું નફો કમાઈ ગયા, પરંતુ કંપનીઓ હજુ પણ નુકસાનમાં છે. એઆઈસીપીડીએફએ સીસીઆઈમાં પણ આ કંપનીઓ વિરુદ્ધ ઓછી કિંમતે વેચાણ (પ્રેડેટરી પ્રાઈસિંગ) અને અનુચિત વ્યવસાયિક વર્તનની ફરિયાદ કરી છે, જેની તપાસ ચાલુ છે.

''ભારતના શેરબજારને આવા નુકસાની વ્યવસાયો માટે બહારનો રસ્તો ન બનાવવો જોઈએ. આઈપીઓથી મોટા રોકાણકારો નફો કમાઈ જાય અને નુકસાનનો બોજ નાના રોકાણકારો પર પડે, તે ન્યાય નથી. આ ઓછી કિંમતો કારણે લાખો કિરાણા વેપારીઓનું જીવનધંધ નાશ પામે છે,'' એમ એઆઈસીપીડીએફના રાષ્ટ્રીય અધ્યક્ષ ધૈર્યશીલ પટીલે કહ્યું છે. સંસ્થા કહે છે કે, સેબીએ તાત્કાલિક કાર્યવાહી કરીને રોકાણકારો અને રિટેલ વેપારને બચાવવું જોઈએ, જેથી અન્યાય ન થાય.

### થ્રિ વ્હીલર ઈલેક્ટ્રીક વ્હીકલ...

પરંતુ હાલ ૧૮.૩ લાખ વેચાયા છે. વર્તમાન નાણાકીય વર્ષના અંત સુધીમાં આ આંકડો ૨૩ લાખ સુધી પહોંચી શકે છે, જેના કારણે સબસિડી આગળ વધશે. આ ક્ષેત્રને વધુ પુષ્કારની જરૂર છે, પરંતુ કેન્દ્ર હવે રાજ્યોને જવાબદારી સોંપી રહ્યું છે. ઘણા રાજ્યો યોજનાઓ અને પ્રોત્સાહનો વિશે વિચાર કરી રહ્યા છે. દિલ્હી, જ્યાં વાર્ષિક પ્રદૂષણ અને ધુમાડાની સમસ્યા છે, તે આ મહિનાના અંત સુધીમાં એક પેકેજ જાહેર કરવાની યોજના ધરાવે છે. ચાર પગલાં વાહનોમાં પેનેટ્રેશન હજુ ઓછું છે, અને તેમાં પણ રજિસ્ટ્રેશન જેવા લાભ આપવામાં આવે છે. વીજળી બસ અને ટ્રક વિશે વાત કરીએ તો, પીએમ ઈ-ડ્રાઈવ યોજનામાં હજુ કોઈ માંગ જોવા નથી મળી. આ વાહનો હજુ પરીક્ષણના તબક્કામાં છે. સરકારે ૧૪,૦૦૦ વીજળી બસ અને ૫,૬૪૩ ટ્રક માટે સહાયની ગણતરી કરી છે. ઓટો ઉદ્યોગના વ્યાપારીઓ કહે છે કે ચાર્જિંગની વ્યવસ્થા પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. સેવા પ્રદાતાઓએ આ ક્ષેત્રમાં આગળ આવીને કામ કરવું પડશે.

### ચીનનો દાવો...

માટે આ ચીની અભિગમને અનુસરીને, અમે ઉત્તરી મ્યાનમાર, ઈરાની પરમાણુ મુદ્દો, પાકિસ્તાન અને ભારત વચ્ચેના તણાવ, પેલેસ્ટાઈન અને ઈઝરાયલના મુદ્દાઓ અને કંબોડિયા અને થાઈલેન્ડ વચ્ચેના તાજેતરના સંઘર્ષમાં મધ્યસ્થી કરી છે.''

ભારતે કહ્યું છે કે ૭ થી ૧૦ મે દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સંઘર્ષ બંને સેનાઓના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ વચ્ચે સીધી વાતચીત દ્વારા ઉકેલાયો હતો. ભારતે સતત કહ્યું છે કે ભારત અને પાકિસ્તાન સંબંધિત બાબતોમાં કોઈ તૃતીય પક્ષના હસ્તક્ષેપ માટે કોઈ જગ્યા નથી. ૭ મેના રોજ, ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણાઓ સામે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું.

આ વર્ષે ૭ થી ૧૦ મે દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષમાં ચીનની ભૂમિકા, ખાસ કરીને પાકિસ્તાનને તેની લશ્કરી સહાય, ગંભીર તપાસ અને ટીકા હેઠળ આવી છે. રાજદ્વારી મોરચે, ચીને ૭ મેના રોજ ભારત અને પાકિસ્તાનને સંયમ રાખવા હાકલ કરી.

ચીનની વિદેશ નીતિ પહેલ પરના પોતાના ભાષણમાં, વાંગે ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં સુધારો લાવવાની સારી ગતિની નોંધ લીધી અને આ વર્ષે ઓગસ્ટમાં તિયાનજિનમાં યોજાયેલા શાંઘાઈ સહયોગ સંગઠન સમિટમાં હાજરી આપવા માટે બેઈજિંગ દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવાનો ઉલ્લેખ કર્યો.

ચીની મંત્રીએ કહ્યું, ''આ વર્ષે, અમે ભારત અને ઉત્તર કોરિયાના નેતાઓને ચીનમાં આમંત્રણ આપ્યું છે. ચીન-ભારત સંબંધોએ સારી ગતિ જાળવી રાખી છે, અને ઉત્તર કોરિયા સાથેની પરંપરાગત મિત્રતાને વધુ મજબૂત અને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.'' તેમણે એમ પણ કહ્યું કે એસસીઓ સમિટ એક જબરદસ્ત સફળતા હતી. વાંગ યીએ કહ્યું કે પડોશી દેશો સાથે ચીનનું જોડાણ હવે સહિયારા ભવિષ્ય સાથે સમુદાયના નિર્માણના નવા તબક્કામાં પ્રવેશ્યું છે, જે હવે વધુ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે.

### વોડાફોન - આઈડીયા...

પણ મંજૂર કરી છે. આ નિર્ણય રોકડ સંકટનો સામનો કરી રહેલી કંપનીને નોંધપાત્ર રાહત આપે છે. કંપની લાંબા સમયથી સરકારને તેના બાકી રકમ ચૂકવવા માટે વધુ સમય માંગી રહી હતી. જો આ રાહત ન મળી હોત, તો કંપની માટે તેનું કામકાજ ચાલુ રાખવું મુશ્કેલ બન્યું હોત. કંપનીને આગામી કેટલાક વર્ષો સુધી એજીઆર બાકી રકમ સંબંધિત મોટા હપ્તાઓ ચૂકવવા પડશે નહીં. સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણય બાદ આ રાહત મળી છે જેમાં સરકારને એજીઆર લેણાંની ગણતરી પર પુનર્વિચાર કરવાની મંજૂરી આપવામાં આવી હતી. કોર્ટે અગાઉ કડક વલણ અપનાવ્યું હતું, પરંતુ બાદમાં સરકારે કંપનીના અસ્તિત્વને બચાવવા માટે હસ્તક્ષેપ કર્યો હતો.

સરકારે કોર્ટને જણાવ્યું હતું કે ટેલિકોમ ક્ષેત્રમાં સ્પર્ધા જાળવવા અને લાખો ગ્રાહકોના હિત માટે વોડાફોન આઈડિયાનું અસ્તિત્વ જરૂરી છે. કેન્દ્ર સરકાર હાલમાં વોડાફોન આઈડિયામાં સૌથી મોટો શેરધારક છે, જે આશરે ૪૯% હિસ્સો ધરાવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, કંપનીએ તેના સ્પેક્ટ્રમ અને વ્યાજના લેણાંને ઈક્વિટી (શેર) માં રૂપાંતરિત કર્યા છે, જેનાથી સરકારનો હિસ્સો વધ્યો છે.

કંપનીનું કુલ દેવું રૂ.૨ લાખ કરોડથી વધુ છે, જેમાંથી એજીઆર લેણાં અને સ્પેક્ટ્રમ લેણાં સૌથી મોટો હિસ્સો ધરાવે છે. કંપની તેના નેટવર્કને સુધારવા અને રોકાણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ રાહત સાથે, વોડાફોન-આઈડિયા હવે નવા રોકાણો અને બેંક લોન એકત્ર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે. કંપનીના સીઈઓએ તાજેતરમાં જણાવ્યું હતું કે બાકી રકમ અંગે સ્પષ્ટતા મળ્યા પછી તેઓ બેંકો પાસેથી ભંડોળ એકત્ર કરવાની પ્રક્રિયા શરૂ કરશે.

(ચોથા પાનાનું ચાલુ)

### યુવા લોયર્સ એસોસીએશન...

બનાવવા યુવા લોયર્સ એસોસીએશનના પ્રમુખ કિરીટ નકુમના માર્ગદર્શન હેઠળ કન્વીનર હેમાંશુ પારેખ, આનંદ પરમાર, પ્રશાંત લાઠીગરા, નિવીદ પારેખ, જગદીશ કુવાડીયા, નીશાંત જોષી, અભીષેક શુકલ, હુશેન હેરંજા, ધવલ પડીયા, હર્પીલ શાહ, જયવિર બારૈયા, મીલન જોષી, કુલદીપ ચૌહાણ, હીરેન ડોબરીયા, નીલ શુકલ, ખોડુભા સાકરીયા, મીનળબા ગોહીલ, નીધી રાયચુરા, શીતલ રાઠોડ વિગેરે જહેમત ઉઠાવી રહેલ છે. આ કેલેન્ડર પોજેક્ટમાં દ્વારીકા ગ્રુપના નીલેશભાઈ ડાંગર અને મયુરભાઈ ડાંગર, શિવ ઓટોના ભરતભાઈ પટેલ, જયસુખભાઈ, અર્બુદા લેન્ડ ડેવલોપર્સના ભરતભાઈ પરમાર અને હિમાંશુભાઈ પરમારનો વિશેષ સહયોગ મળેલ છે.

### દાઉદી બોહરા સમાજ...

પુજારા, દંડક મનીષભાઈ રાડિયા, મહામંત્રી અશ્વિન મોલ્યા અને પુરૂષાર્થ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન કિશોર રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા, સમુદાયના પ્રયાસોની પ્રશંસા કરતા મેયર નયનાબેન પેઢડિયાએ કહ્યું, દાઉદી બોહરા સમુદાય સમાજમાં સુંદર રીતે ભળી જાય છે, જેમ ખાંડ દૂધમાં ઓગળી જાય છે તેમ સમાજના તાણાવાણામાં ભળી જાય છે.

(૧૧માં પાનાનું ચાલુ)

### વાઈબ્રન્ટ સમિટ

મંત્રી પીયૂષ ગોયલ, ડો. મનસુખ માંડવિયા અને પ્રભારી મંત્રી જીતુ વાઘાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે,આ સમિટમાં દેશના ટોચના ઉદ્યોગપતિઓ જેવા કે મુકેશ અંબાણી, ગૌતમ અદાણી, પંકજ પટેલ (કેડિલા), સુધીર મેહતા (ટોરન્ટ) સહિત સૌરાષ્ટ્રના અગ્રણી ઉદ્યોગપતિઓ પરાક્રમસિંહ જાડેજા (જ્યોતિ સી એન સી) અને ચંદુભાઈ વીરાણી (બાલાજી વેફર્સ) ખાસ હાજરી આપી ઉદ્યોગ જગતને માર્ગદર્શન પૂરું પાડશે, વેપારીઓને સ્થળ પર જ તમામ ટેકનિકલ માહિતી મળી રહે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.આ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છના ઔદ્યોગિક નકશાને વૈશ્વિક ફલક પર મૂકવા માટે એક મહત્વનું સીમાચિહ્ન સાબિત થશે.

### પાંજરાપોળ

આ જગ્યાની ફાળવણીનો વિધિવત ઠરાવ ન કરવામાં આવતા મામલો ગૂંચવાયો હતો અને અંતે કાયદાકીય લડત સુધી પહોંચ્યો હતો.

અધિકારીઓ જ્યારે કબજો લેવા પહોંચ્યા ત્યારે સંસ્થાના સંચાલકોએ કોર્ટના મનાઈહુકમનો હવાલો આપી સખત વિરોધ દર્શાવ્યો હતો. સંચાલકોનું કહેવું છે કે હજારો મૂંગા પશુઓના હિતમાં આ સંસ્થા કાર્યરત છે ત્યારે તંત્રની આ કાર્યવાહી અન્યાયી છે. હાલ પૂરતી આ કામગીરી અટકી ગઈ છે અને હવે આગામી તારીખે કોર્ટ જે ચુકાદો આપશે તેના આધારે જ તંત્ર દ્વારા આગળની કાર્યવાહી નક્કી કરવામાં આવશે.

### યોગેશભાઈ શાહ

ખખડાવ્યા હતા. મંગળવારે આરએમસીની ટીમ કોર્ટનો સ્ટે હોવા છતાં જગ્યા ખાલી કરાવવા પહોંચી હતી, જેની સામે સંચાલકોએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે જો શિયાળાની ઠંડીમાં ૬૦૦ જેટલા અબોલા જીવોને અહીંથી ખસેડવામાં આવે તો તેમની સુરક્ષા સામે મોટો પ્રશ્ન ઊભો થશે.

### ડો. ઉપેન્દ્ર પટેલ

જે આખરી નિર્ણય લેવામાં આવશે, તેને ધ્યાને રાખીને જ મ્યુનિસિપલ કોર્પોરેશન આગળના પગલાં ભરશે.

(૧૨માં પાનાનું ચાલુ)

### ''બ્લેકવોશ''

રશ્મિકા સેવાન્ડિએ અંતિમ ક્ષણોમાં આક્રમક બેટિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે વિજય માટે પૂરતો ન હતો. તેણે આઠ બોલમાં બે ચોગ્ગા સાથે અણનમ ૧૪ રન ફટકાર્યા હતા. ભારત માટે દીપ્તિ શર્મા, અરૂંધતી રેડી, સ્નેહ રાણા, વૈષ્ણવી શર્મા, શ્રી ચરણી અને અમનજોત કૌરે એક-એક વિકેટ ઝડપી હતી.અગાઉ શ્રીલંકાએ ટોસ જીત્યા બાદ પ્રથમ બેટિંગ કરતાં ભારતનો પ્રારંભ નબળો રહ્યો હતો. અગાઉની સળંગ ત્રણ મેચમાં આક્રમક બેટિંગ કરીને અડધી સદી ફટકારનારી શેફાલી વર્મા આ મેચમં છ બોલમાં માત્ર પાંચ રન કરી શકી હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

### કિડની ટ્રાન્સપ્લાન્ટ...

તબીબોની મહેનતને પરિણામે આ સંસ્થા હવે માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર ભારત માટે ગૌરવ સમાન બની ગઈ છે.

સંસ્થાની પ્રગતિના આંકડાઓ પર નજર કરીએ તો તેની કાર્યક્ષમતામાં થયેલો વિસ્ફોટક વધારો સ્પષ્ટપણે દેખાય છે. વર્ષ ૨૦૨૪માં નવેમ્બર મહિના સુધીમાં કુલ ૪૦૦ અંગ પ્રત્યારોપણ સફળતાપૂર્વક કરવામાં આવ્યા હતા, જેની સરખામણીએ વર્ષ ૨૦૨૫માં આ આંકડો અત્યંત વહેલો પાર કરી લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૫માં માત્ર ૭ ઓક્ટોબર સુધીમાં જ કિડની ટ્રાન્સપ્લાન્ટનો આંકડો ૪૦૦ સુધી પહોંચી ગયો છે, જે દર્શાવે છે કે હોસ્પિટલની ક્ષમતા અને લોકોનો વિશ્વાસ બંનેમાં નોંધપાત્ર વધારો થયો છે. ટૂંકા ગાળામાં મેળવેલી આ ભવ્ય સફળતા અંગદાન જાગૃતિ અને તબીબી શ્રેષ્ઠતાનો જીવંત પુરાવો છે.

### રાજ્ય કેલેન્ડર વિમોચન...

ઉદ્યોગો અને પરંપરાગત કલાઓને પ્રોત્સાહન આપવાનો તેમજ 'વોકલ ફોર લોકલ'ના સંદેશને વધુ મજબૂત બનાવવાનો ઉદ્દેશ્ય વ્યક્ત થાય છે. રાજ્ય સરકારના આ પ્રયાસથી ગુજરાતની આત્મનિર્ભરતાની દિશામાં લેવાયેલા પગલાંઓને વધુ વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ અને મહાનુભાવોએ રાજ્ય સરકારના આ અભિગમને બિરદાવ્યો હતો.

### જયંતી ભાનુશાલી હત્યામાં...

ત્યારે કેસના મૂળ ફરિયાદીએ રાતાતળાવ ગૌશાળાના સંચાલકને આરોપી તરીકે અને ન્યાયિક કાર્યવાહી કરવા અરજી કરી હતી, જે અંગે સુનાવણી બાદ ન્યાયાલયે રાતાતળાવ ઓધવધામ સત્સંગ મંડળના સ્થાપક મનજી ભાનુશાલીને આરોપી તરીકે કોર્ટમાં હાજર રહેવા આદેશ કરતાં આ કેસમાં નવો વળાંક આવ્યો છે.

અબડાસાના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાલીની ૨૦૧૯માં કચ્છથી અમદાવાદ બાજુ જતી વેળાએ ટ્રેનમાં ફિલ્મી ઢબે હત્યા નીપજાવવામાં આવી હતી, જે અંગે ગુનો દાખલ થયા બાદ શરૂઆતમાં રાહુલ જયંતી પટેલ, નીતિન વસંત કરમસી પટેલ, શશિકાંત દાદાશંકર કામલે ઉર્ફે ગીરિયા દાદા, અશરફ અનવર યુનિસ શેખ, વિશાલ નાગનાથ યેલપ્પા કામલે, સિદ્ધાર્થ ઉર્ફે સીદુ છબીલદાસ માકાણી (પટેલ)ની અટક કરાઈ હતી. બાદમાં છબીલ નારણ પટેલ, જયંતીલાલ જેઠાલાલ ઠક્કર, રાજુ ઉર્ફે સીતારામ નારાયણ ધોગેની તથા મનિષાબેન ગજ્જુગિરિ ગોસ્વામી, સુજીત દેવસિંઘ પરદેશી, નિખિલ બાલુ પોરાટની પણ આરોપી તરીકે અટક કરવામાં આવી હતી. આ કેસના આરોપીઓ જામીન ઉપર છે. તેમની એકની યરવડા જેલમાં થોડા સમય પહેલાં હત્યા નીપજાવાઈ હતી. દરમ્યાન કેસના મૂળ ફરિયાદી શુનિલ વસંત ઉર્ફે શંભુ ભાનુશાળીએ રાતાતળાવ ગૌશાળાના સંચાલક મનજી ખીંયશી ભાનુશાળી ઉર્ફે મનજી બાપુની આ કેસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સંડોવણી હોવાનું જણાવી તેમાં પ્રોસેસ જારી કરવા અને ન્યાયાયિક કાર્યવાહી કરવા ભચાઉની કોર્ટમાં અરજી કરી હતી. જયંતી ભાનુશાળીએ અગાઉ કલેક્ટરને પત્ર પાઠવી રાતાતળાવ પાંજરાપોળની સબસિડીનો દૂરઉપયોગ કરાતો હોવાની રજૂઆત કરી હતી તથા બિનઅધિકૃત દબાણો હટાવ્યાં હતાં,જેથી મનજી બાપુને દુશ્મનાવટ હોવાનું અરજીમાં જણાવાયું હતું.

પૂર્વ ધારાસભ્યને અમદાવાદ જવાનું હતું, પરંતુ તેમને સમાધાનના બહાને રોકી રખાયા હતા અને તે અહીંથી જતાં તેમની હત્યા નીપજાવાઈ હોવાનું જણાવાયું હતું. મૂળ ફરિયાદીએ કેસના પ્રારંભિક તબક્કામાં પણ મનજીભાઈને સૂત્રધાર તરીકે દર્શાવવા નિવેદન આપ્યું હતું, પરંતુ જે-તે સમયે તેમને સાહેદ બનાવાયા હતા. ૨૦૨૦માં પણ શંકા, વહેમ દર્શાવવામાં આવ્યો હતો. દરમ્યાન તેમને આરોપી તરીકે દર્શાવવાની અરજી બાદ ન્યાયાધીશે આ કેસમાં સુનાવણી દરમ્યાન દલીલો, રજૂઆતો ધ્યાને લઈ અરજદારની અરજી મંજૂર કરી હતી અને મનજી બાપુને તા. ૧૯/૧/૨૦૨૬ના સેશન્સ કોર્ટમાં હાજર રહેવા અને આ કેસમાં આરોપી તરીકે ટ્રાયલનો સામનો કરવા માટે સમન્સ જારી કરવામાં આવ્યો હતો. આ કેસમાં સ્પેશિયલ પી પી તરીકે તુષારભાઈ ગોકાણી અને યુ આર દવે રોકાયા છે.

### કોમન એન્ટ્રન્સ ટેસ્ટ...

કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરિટના આધારે ધો.૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજના અંતર્ગત કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરિટના આધારે ધો.૬થી ૧૨ના અભ્યાસ દરમિયાન મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ આપવામાં આવે છે. ઉપરાંત સ્વનિર્ભર શાળાઓમાં ધો.૧થી ૫ અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને ફક્ત રક્ષાશક્તિ સ્કૂલ્સમાં ૨૫ ટકા બેઠકોમાં કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરિટના આધારે ધો.૬માં પ્રવેશ આપવામાં આવશે.

### સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલો...

રાષ્ટ્રીય આધારિત પ્રશ્નોનો મહાવરા મળે તે માટે શિક્ષકોની સજ્જતા, એનાલિસીસ અને વર્ગખંડ મોનિટરીંગ અને હેન્ડ હોલ્ડીંગ જેવા મુદ્દાઓને સામેલ કરવામાં આવ્યાં છે. આ અંગે એક તાલીમ મોડ્યુલ તૈયાર કરવામાં આવ્યું છે, જે જીસીઈઆરટી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

### નકલીનો રાફડો...

છે અને બીજી તરફ નકલી દવાઓ, નકલી ડિગ્રી અને નકલી વેન્ટિલેટર બાદ હવે નકલી નોટોના વિતરણમાં પણ ગુજરાત પ્રથમ ક્રમે છે, જે ભાજપની મોટી નિષ્ફળતા છે.''૨૦૧૬ થી ૨૦૨૫ કુલ ૩૨,૭૩,૧૪૧ નકલી નોટો મળી આવી છે જેનું મૂલ્ય ૧૭૬.૪૨ કરોડ થાય છે,પરસેવાના નાણાં સામે ઉભા થયેલા આ જોખમ બદલ ભાજપ સરકાર ગુજરાતની જનતાને જવાબ આપે તેવી કોંગ્રેસની માંગ છે.

### નવું વર્ષ...

શહેરમાં અને શહેરના સીમાડે હાઈવે ઉપર આવેલી હોટલ, ગાર્ડન રેસ્ટોરન્ટ, ફાર્મ હાઉસમાં ડીજેના સંગાથે કે ઓરકેસ્ટ્રાની ટીમ દ્વારા ધમાકેદાર ગીત સંગીતની પ્રસ્તુતિ સાથે કાઠીયાવાડી જમણ સહિત ખાણી-પીણીના જલસા સાથે યુવાનો થર્ટી ફર્સ્ટની રંગારંગ ઉજવણી કરવામાં આવશે.જો કે, મોંઘવારી અને ઠંડીનું પ્રમાણ વધી જવા સહિતના કારણોસર અગાઉના વર્ષની તુલનામાં આ વર્ષે સામુહિક ઉજવણીના અનેક ખાનગી આયોજનોમાં વધારો થયો છે.

### સૂર્ય નમસ્કાર...

૭:૦૦ થી ૮:૦૦ વાગ્યા સુધી તમે તમારા ઘરે, અગાશી પર અથવા નજીકના બગીચામાં રહીને જોડાઈ શકો છો. તેનું યુટ્યુબ પર લાઈવ પ્રસારણ કરવામાં આવશે, જેમાં લાખો લોકો એકસાથે જોડાશે.

રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ આ સત્રમાં ભાગ લેશે. જે નાગરિકો આ કાર્યક્રમમાં જોડાશે, તેમને પ્રોત્સાહન રૂપે ડિજિટલ પ્રમાણપત્ર આપવામાં આવશે. લાઈવ સત્ર દરમિયાન આપેલી લિંક પરથી તમે તમારું સર્ટિફિકેટ ડાઉનલોડ કરી શકશો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આજની યુવા પેઢીને સંદેશ આપવાનો છે કે નવા વર્ષનો પહેલો દિવસ મોજ-મસ્તીની સાથે શરીર અને મનને ઉર્જાવાન બનાવવા માટે પણ છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** સોની નટવરલાલ મનસુખલાલ ફિચડીયા (રફાળા વાળા) (ઉ.વ.૬૩) તે વર્ષાબેનના પતિ, દિલીપભાઈ, સુરેશભાઈ, ગીતાબેનના ભાઈ, વલ્લભભાઈ ભાણજીભાઈ કલોલીયાના જમાઈનું તા. ૨૯ ના રોજ અવસાન પામેલ છે. સદગતનું બેસણું તા. ૧-૧-૨૬ ને ગુરુવારને સાંજે ૪ થી ૬ દરમિયાન ખીજડાવાડી યુનિટ નં.૧ માં રાખેલ છે. બન્ને પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટ:** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જુના વાઘણીયા નિવાસી હાલ રાજકોટ સ્વ. હંસાબેન વામનભાઈ મહેતા તે સ્વ. વામનભાઈ પુરૂષોત્તમભાઈ મહેતા(નટુભાઈ મુખ્યાજી)ના પત્ની, પંકજભાઈ, ધર્મેન્દ્રભાઈ,અલ્પાબેન નંદનભાઈ દવે ના માતા, સ્વ. નરેશભાઈ, સ્વ. મહેશભાઈ, મુકેશભાઈ ના મોટાબેન નું તા.૨૯ ના અવસાન થયેલ છે. બેસણુ તા.૨ ને શુક્રવારે બપોરે ૪ થી ૬ રંભામાંની વાડી, હિંમતનગર સોસાયટી, શેરી નંબર ૪, શીતલ પાર્ક બસ સ્ટોપ સામેનો રસ્તો, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** વિલાસબેન કિશોરભાઈ ચોકસી (ઉ.વ.૮૦) તે તેજસ કિશોરભાઈ ચોકસી (મોનાલી ઓપ્ટીક), પ્રિતી જયેશભાઈ ગાંધી (મુંબઇ), ભાવના અલ્પેશભાઈ ચોટલીયા (વડોદરા)ના માતાનું તા. ૩૦ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧-૧-૨૬ ને ગુરુવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે રોયલ પાર્ક ઉપાશ્રય, ૬-રોયલ પાર્ક, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મૂળ જસદણ નિવાસી હાલ રાજકોટ મોઢ વણિક સ્વ. હસમુખભાઈ કરસનજીભાઈ કલ્યાણી તે અજયભાઈ કલ્યાણી, પંકજભાઈ કલ્યાણી અને દીપ્તિબેન કેતનભાઈ મહેતા ના પિતા તથા કાંતિલાલ નરોત્તમદાસ ગઢીયા ના બનેવીનું ૩૦ ના રોજ અવસાન થયેલ છે તેમની પ્રાર્થના સભા તારીખ ૧/૧/૨૦૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬ મોઢ વણિક વિદ્યાર્થી ભવન ૫ રજપૂત પરા ખાતે રાખેલ છે

**જામનગર :** સ્વ.મનસુખલાલ રતિલાલ સોનછાત્રા (ઉ.વ.૮૪) મુળ અલિયાબાડા નિવાસી તે સ્વ.રતિલાલ ખેરાજ સોનછાત્રા ના પુત્ર, સ્વ.રણછોડદાસ લીલાધર રાચ્છ ના જમાઈ, સ્વ.શાંતિલાલ, સ્વ.રમણીકલાલ, સ્વ.નરોત્તમભાઈ, સ્વ.મધુસૂદનભાઈ, મુકેશભાઈ, જગદીશભાઈ ના ભાઈ, જયેશ, વિમલ, સ્વ.રાકેશ, સ્વ.સોનલ અને કલ્પનાબેન રોહિતકુમાર બદિયાણી ના પિતાનું તા. ૩૦/૧૨ ના રોજ અવસાન થયેલ છે.તેમનું ઉઠમણું તથા પિયર પક્ષ ની સાદડી તા.૧/૧/૨૬ ના રોજ ૪:૩૦ થી ૫:૦૦ કલાકે જડેશ્વર મંદિર પટેલ કોલોની ૫, જામનગર ખાતે રાખેલ છે.

**દ્વારકા:** દ્વારકા જીલ્લાના ભાટીયાની જાણીતી શિક્ષણ સંસ્થા પી.આર.એસ. હાઈસ્કુલના આચાર્ય પરેશભાઈ પંડયાના માતા પ્રવીણાબેન સુરેશભાઈ પંડયા (ઉ.વ.૭૦)નું તા. ૨૯ ના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી શોભનાબેન શૈલેષગીરી ગોસ્વામી જે શૈલેષગીરી પ્રેમગીરી ગોસ્વામીના પત્ની, સંજયગીરી પ્રેમગીરી ગોસ્વામીના ભાભી, યશગીરી, હર્ષગીરીના માતાનું તા. ૩૦ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧-૧-૨૬ ને ગુરુવાર સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાન રતમ વિલા, બગલોઝ, બી-૧ અમી હાઈટસ પાસે, જામનગર રોડ, નવી કોર્ટ પાછળ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી (મુળ ચા.મ.મો. બ્રાહ્મણ પંચાસર) આરતીબેન પ્રકાશભાઈ જોશી (ઉ.વ.૭૩) તે પ્રકાશભાઈ ભાનુશંકર જોષી (નિવૃત સેન્ટ્રલ બેંક) ના પત્ની, ડો. શ્રદધાબેન વ્યાસના માતા, ડો. કૌશલકુમાર વ્યાસના સાસુ, સ્વ. કિશોરભાઈ, કમલેશભાઈ, સ્વ. ચેતનભાઈના ભાભી, સ્વ. વનીતાબેન નટવરલાલ ભટ્ટ, સ્વ. ભારતીબેન નવલશંકર દેવના ભાભી, સ્વ. અમૃતલાલ આશારામભાઈ પંડયા (સુ.નગર)ના પુત્રી, ધીરજલાલ, હસમુખભાઈ, ગુણવંતભાઈ, ભાવનાબેન જાની, મીરાબેન જાનીના મોટાબેનનું તા. ૨૮ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તેમજ પિયર પક્ષનું બેસણું તા. ૧-૧-૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન સોપાન હિલ પાર્ટી પ્લોટ, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ:હેમાંગીનીબેન નિરંજનરાય કચ્છી, શિરીષ (નિવૃત એસ બી આઈ),ચંદ્રેશ, વિજય,તરંગ અને મીના નાગેશ ધોડાના માતુશ્રી,સ્વ. કનકરાય જીવાભાઈ દીવાનના પુત્રીનું અવસાન સોમવાર તા. ૨૯/૧૨ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા.૦૧/૦૧/૨૬, ગુરુવારે સાંજે ૫ થી ૬, બાલકુંજ હોબી સેંટર, એરપોર્ટ ફાટક પાસે, રેસ કોર્સ પાર્ક પાસે, રાજકોટ, મુકામે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

## એક હોદા માટે પાંચ-પાંચ નામો મૂકયા છતાં પ્રદેશને ઓછા પડ્યાં !!

# વધુ નામો સાથે પુરતુ હોમવર્ક કરીને આવો: હાઈકમાન્ડે રાજકોટને રવાના કર્યું !

### શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે અને બંને નિરીક્ષકો સાથે દોઢ કલાકની મેરેથોન બેઠક બાદ જગદીશ વિશ્વકર્મા અને રત્નાકરજીએ એક જ લીટીમાં કહી દીધું હવે નવા રાઉન્ડમાં ફરી બોલાવીશું ત્યારે આવજો

### વધુ નામો આપો જેમાં તમામ જ્ઞાતિનો સમાવેશ થઈ જાય તેવી ફોર્મ્યુલા અપનાવજો:કોઈ નામ ને અગ્રતા ક્રમ આપવાની જરૂર નથી સ્કૂટીની અમે કરી લેશું પ્રદેશ પ્રમુખનો સ્પષ્ટ સંદેશ

**અબતક, રાજકોટ**

પ્રદેશ ભાજપ દ્વારા ૪૨ શહેર અને જિલ્લાના સંગઠન માળખાની રચના કરવા માટેની કાર્યવાહી હાથ પર લેવામાં આવી છે જેમાં ગઈકાલે બપોરે રાજકોટ શહેરનો વારો લેવામાં આવ્યો હતો પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકરજીએ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે અને બંને પ્રદેશ નિરીક્ષકો સાથે દોઢ કલાકની મેરેથોન બેઠક કરી હતી.ત્યાર બાદમાં એક જ લીટીમાં તેવું કહી દીધું હતું કે વધુ નામો સાથે આવજો તમારું હોમવર્ક અધૂરું છે આવતા સપ્તાહથી નવો રાઉન્ડ શરૂ કરવામાં આવશે જેમાં રાજકોટનો વારો આવશે ત્યારે તમને બોલાવવામાં આવશે. શક્ય તેટલી વધુ જ્ઞાતિનો સંગઠન માળખામાં સમાવેશ થાય તેવા પ્રયત્નો કરવા પણ તાકીદ કરવામાં આવી છે. એક હોદા માટે પાંચ-પાંચ નામો મૂકવામાં આવ્યા હોવા છતાં પ્રદેશ હાઈ કમાન્ડમાં થોડો અસંતોષ જોવા મળ્યો હતો. જો કે, માત્ર રાજકોટ જ નહીં મોટા ભાગના શહેર અને જિલ્લાઓના હોદ્દેદારોને પૂરતું હોમવર્ક કરીને આવવાની તકેદ સાથે પાછા મોકલી દેવામાં આવ્યા છે. આજે વધુ ચાર શહેર અને જિલ્લાના હોદ્દેદારોને સાંભળવામાં આવ્યા હતા.

સામાન્ય રીતે શહેર કે જિલ્લા પ્રમુખની વરણીમાં પ્રદેશના હોદ્દેદારો વધુ રસ લેતા હોય છે.સંગઠનની ટીમ નક્કી કરવા માટે સ્થાનિક સંકલન સમિતિ દ્વારા જે નામો રજૂ કરવામાં આવતા હોય છે તેનો સ્વીકાર કરી લેવામાં આવતા હોય છે.પરંતુ આ વર્ષે નવી જ પ્રણાલી શરૂ કરવામાં આવી છે.પ્રદેશ દ્વારા બબ્બે નિરીક્ષકો મોકલી નામો લેવામાં આવ્યા હતા.જેને ઘણો સમય વીત્યા બાદ હવે એક પછી એક કે શહેર અને જિલ્લાના પ્રમુખને બોલાવી ચર્ચા કરવામાં આવે છે. રાજકોટ શહેર ભાજપમાં મહામંત્રી, ઉપપ્રમુખ, મંત્રી અને કોષાધ્યક્ષની કુલ ૨૦ જગ્યા માટે ગઈકાલે શહેર ભાજપ પ્રમુખ માધવ દવે અને પ્રદેશ નિરીક્ષકો દ્વારા એક હોદા માટે પાંચ-પાંચ નામોની પેનલ બનાવી ૧૦૦ નામો પ્રદેશ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકરજીએ સતત દોઢ કલાક સુધી સાંભળ્યા હતા .એક એક હોદા માટે મૂકવામાં આવેલા નામ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા પણ કરવામાં આવી હતી. જોકે તમામ ચર્ચા વ્યર્થ ગઈ હતી કારણ કે, આ મેરેથોન બેઠકના અંતે એવી તાકીદ કરવામાં આવી હતી કે હજી વધુ નામ આપો અને પૂરતું હોમવર્ક કરીને આવજો. તમામ જ્ઞાતિના આગેવાનોને સંગઠનની ટીમમાં લઈ શકાય તેવા પ્રયાસો કરવાની કડક સૂચના આપવામાં આવી છે. એટલું જ નહીં કોઈપણ હોદ્દા માટે એક પણ નામને અગ્રતા ક્રમ આપવાની જરૂર નથી. સંગઠનમાં સમાવી શકાશે તેવું લાગે તે વ્યક્તિનું નામ તમારે પ્રદેશ સમક્ષ માત્ર મૂકી દેવાનું છે સ્કુટીની અમે કરી લેશું છેલ્લો નિર્ણય કમલમથી જ લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી સોમવારથી નવેસરથી પ્રદેશ દ્વારા શહેર અને જિલ્લાના હોદ્દેદારોને સાંભળવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. જેમાં એક-એક પછી એક શહેર અને જિલ્લાને બોલાવી ફરી નવા નામો સાથે સાંભળવામાં આવશે. અત્યારે સુધી જે શહેર અને જિલ્લાના વારા પુરા થઈ ગયા છે.તમામને એક જ તાકીદ કરવામાં આવે છે કે સત્ય હોય ત્યાં સુધી નવા નામો લઈને આવજો. કારણ કે તમારું હોમવર્ક હજી અધુરુ છે. સંકલન સમિતિ અને નિરીક્ષકોએ બેસીને જે નામો અલગ તારવ્યા છે તે પણ પ્રદેશને હજી યોગ્ય લાગતા ન હોય તેવું લાગી રહ્યું છે. આવતા સપ્તાહ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રાજકોટના મહેમાન બની રહ્યા છે. આ સ્થિતિમાં એવું લાગી રહ્યું છે કે કમુરતા ઉતર્યા બાદ તમામ ૪૨ શહેર અને જિલ્લાના હોદ્દેદારોના નામ એક સાથે જાહેર કરવામાં આવશે.

### ૪૨ શહેર અને જિલ્લાના નામ એક સાથે જાહેર થશે

પ્રદેશ ભાજપના સંગઠન માળખાની રચના ભલે કમુરતામાં કરી દેવામાં આવી હોય પરંતુ રાજ્યના અલગ અલગ ૪૨ શહેર અને જિલ્લાની સંગઠનની ટીમ હાઈકમાન્ડ દ્વારા કમુરતા પછી જાહેર કરવામાં આવે તેવું લાગી રહ્યું છે. કારણ કે આગામી સોમવારથી ૧૨ તારીખ સુધી નવેસરથી શહેર અને જિલ્લાના હોદ્દેદારોને સાંભળવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવનાર હોય તે પૂર્ણ થયા બાદ કમુરતા ઉતરતાની સાથે જ બીજા દિવસે એક સાથે ૪૨ શહેર અને જિલ્લાના સંગઠન માળખાની જાહેરાત કરી દેવામાં આવશે.

# રાજ્ય સરકારના મંત્રીઓ સાથે પરામર્શ કરવા ૧૩ સમિતિઓની રચના

### રાજ્યના તમામ ધારાસભ્યઓ અને સંસદ સભ્યોનો પરામર્શ સમિતિમાં સમાવેશ

**અબતક, રાજકોટ**

રાજયમાં મંત્રીઓને પોતાના વહીવટી ક્ષેત્રમાં નીતિના અમલ સંબંધિત બાબતોમાં વિચાર-વિનિમય કરવા મુખ્યમંત્રી સહિત કેબિનેટ કક્ષાના મંત્રીઓ તેમજ સ્વતંત્ર હવાલો ધરાવતા રાજયકક્ષાના મંત્રઓના અધ્યક્ષપણા હેઠળ ધારાસની ૧૩ સ્થાયી પરામર્શ સમિતિઓની રચના કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ સમિતિઓમાં રાજયના સંસદ સભ્યઓને આમંત્રિત સભ્ય તરીકે સમાવવામાં આવ્યા છે.

પ્રથમ સમિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત ૧૬ મંત્રી-ધારાસભ્યો તેમજ આમંત્રિત સભ્ય તરીકે ત્રણ સંસદઓ, બીજી સમિતિમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત ૧૮ મંત્રી-ધારાસભ્ય તથા ત્રણ સંસદ, ત્રીજી સમિતિમાં નાણા મંત્રી કનુ દેસાઈ સહિત ૧૫ મંત્રી-ધારાસભ્યઓ સહિત ત્રણ સંસદ, ચોથી સમિતિમાં કૃષિ મંત્રી શ જીતુ વાઘાણી સહિત ૧૬ મંત્રી-ધારાસભ્યઓ સહિત ત્રણ સંસદશ્રીઓ, પાંચમી સમિતિમાં ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલ સહિત ૧૫ મંત્રી-ધારાસભ્યઓ અને ત્રણ સંસદશ્રીઓ, છઠ્ઠી સમિતિમાં શ્રમ અને કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી કુંવરજી બાવળિયા સહિત ૧૫ મંત્રી-ધારાસભ્યશ્રીઓ અને બે સંસદશ્રીઓ તેમજ સાતમી સમિતિમાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલ સહિત ૧૫ મંત્રી-ધારાસભ્યશ્રીઓ અને બે સંસદશ્રીઓનો આમંત્રિત સભ્ય તરીકે સમાવેશ કરાયો છે.

આ ઉપરાંત આઠમી સમિતિમાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા સહિત ૧૪ મંત્રી-ધારાસભ્યશ્રીઓ અને બે સંસદશ્રીઓ, નવમી સમિતિમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમ્ન વાજા સહિત ૧૬ મંત્રી-ધારાસભ્યશ્રીઓ તથા બે સંસદ સભ્યશ્રીઓ, ૧૦મી સમિતિમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણ સોલંકી સહિત ૧૪ મંત્રી-ધારાસભ્યશ્રીઓ અને બે સંસદશ્રીઓ, ૧૧મી સમિતિમાં જળ સંપત્તિ રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ સહિત ૧૨ ધારાસભ્યશ્રીઓ અને બે સંસદશ્રીઓ, ૧૨મી સમિતિમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયા સહિત ૧૨ ધારાસભ્યશ્રીઓ અને બે સંસદશ્રીઓ તેમજ અંતિમ ૧૩મી સમિતિમાં મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી ડો. મનીષા વકીલ સહિત ૧૧ ધારાસભ્યશ્રીઓ તેમજ બે સંસદશ્રીઓનો આમંત્રિત સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પરામર્શ સમિતિઓના કાર્યક્ષેત્રમાં દરેક પરામર્શ સમિતિ હાલ તુરંત વર્તમાન મંત્રીમંડળની મુદત સુધી કાર્ય કરશે. દર ત્રણ મહિને એકવાર અથવા મંત્રી નકકી કરે તેમ વારંવાર મળતી સમિતિની બેઠકોમાં મંત્રી પ્રમુખ તરીકેનું સ્થાન સંભાળશે અને સંબંધિત રાજયકક્ષાના મંત્રી પણ બેઠકમાં હાજરી આપશે. મંત્રી જે વહીવટી ક્ષેત્ર સાથે સંકળાયેલા હોય તેમાંની નીતિના અમલ, વ્યાપક મહત્વની બાબતોના પ્રશ્નો તેમજ નાગરિકોને લગતા પ્રશ્નો અંગે સમિતિ તેમની સાથે પરામર્શ કરશે. મંત્રી પોતે સમિતિ સમક્ષ રજૂ કરે તેવી અથવા કોઈ સભ્ય સમિતિ સમક્ષ રજૂ કરવા મંત્રીને વિનંતી કર્યાથી મંત્રી રજૂ કરે તેવી બાબતો અંગે સમિતિ વિચારણા કરશે.

સમિતિ વ્યકિતગત અધિકારીઓની અંગત, નોકરી અંગેની બાબતોને લગતા કોઈ પ્રશ્નો, હાલના નિયમો અને હુકમો અનુસાર સંબંધિત અધિકારીઓ જેનો નિકાલ કરી શકે તેવા વ્યકિતગત કોઈ કેસ અથવા ન્યાયિક કાર્યવાહીમાં વિચારાધિન હોય તેવા અથવા જેને અંગે પક્ષકાર કોર્ટમાં અથવા તે અંગે નિર્ણય લઈ શકે તેવી સત્તા ધરાવતા બીજા પ્રાધિકારોને અરજી કરી શકે તેવી બાબતો વિચારણામાં લેશે નહિ. પરામર્શ સમિતિઓનું મુખ્ય મથક ગાંધીનગર રહેશે.

# વ્યવસાય વેરો નહીં ભરો તો કોર્પોરેશન કરશે પોલીસ ફરિયાદ: ૬૭ હજાર આસામીને નોટિસ

### હવે દર શુક્રવારે વોર્ડ વાઈઝ ઝૂંબેશ, સ્થળ પર સુનવણી હાથ ધરાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હવે વ્યવસાય વેરાઓ બાકી હોય તેવા આસામીઓ સામે પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.૬૭૦૦૦ આસામીઓને નોટિસ ફટકારવામાં આવી છે.

કોર્પોરેશનના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગત મુજબ કોઈ પણ ધંધો કરનારે વ્યવસાયવેરો ભરવો ફરજિયાત છે. રાજ્ય સરકારે પ્રોફેશનલ ટેકસનો નિયમ ૨૦૦૬માં લાગુ કરેલ જેના અમુક વર્ષો સુધી લોકોને વ્યવસાયવેરાની ખબર જ ન હતી પરંતુ મનપાના બજેટમાં અપાતા વ્યવસાયવેરાના વાર્ષિક લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે તંત્રએ ના છૂટકે ઝૂંબેશ શરૂ કરી હતી. એસએસમેન્ટ થઈ ગયુ હોય અને એક લાખથી વધુ વેરો બાકી હોય તેવા ચાલુ વર્ષના ૬૭૦૦૦ એકમોને નોટિસ ફટકારાવામાં આવી છે. તંત્રના જણાવ્યા મુજબ પ્રોફેશનલ ટેકસ ન ભરનારની મિલકત સીલ કે અન્ય કોઈ જાતની કડકાઈ થઈ શકતી નથી પરંતુ નિયમમાં ઉલ્લેખ છે તે મુજબ બાકીદારો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ શકે છે. પરંતુ તેમાં સમયની બરબાદી અને કામનુ ભારણ વધી જતુ હોય હાલ પુરતુ વોર્ડ વાઈઝ ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે. જેમા પ્રથમ વેસ્ટઝોન વિસ્તારના બાકીદારોને દર શુક્રવારે સાંભળવામાં આવે છે અને સુનવણી પણ સ્થળ ઉપર કરવામાં આવે છે અને નવા વ્યવસાયકારો પાસે સ્થળ ઉપર જ એસએસમેન્ટ કરાવવામાં આવે છે. જેના લીધે ટેકસની નવા અરજદારની તમામ વિગત પ્રોફેશનલ ટેકસ વિભાગમાં એડ થઈ જાય છે. ત્યારબાદ દર વર્ષે નવા અરજદારને બિલની બજવણી કરવામાં આવે છે. છતાં રાજકોટ શહેરમાં ૭૦૦૦૦થી વધુ વ્યવસાયકારોએ એસએસમેન્ટ કરાવેલ નથી અથવા નામ ટ્રાન્સફર કરાવ્યા બાદ નવા ધંધા માટેનુ રજિસ્ટ્રેશન કરાવેલ નથી. આથી ટૂંક સમયમાં ધંધા સાથે સ્થળ ફેરવેલ હોય તેવા જૂના વ્યવસાયકારો વિરૂધ્ધ ટૂંક સમયમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

# આજી નદીના કાંઠે વસતા પરિવારોના હક્કો માટે કોંગ્રેસે બાયો ચડાવી

### આજી નદીના કેસરીપુલથી લઈને પોપટપરા સેન્ટ્રલ જેલ સુધીના વિસ્તારમાં મકાન ધારકોને વિસ્થાપિત કરતા પહેલા કાયમી રહેઠાણની આપવા કોંગ્રેસની માંગ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નંબર ૩ માં આજી નદીના કાંઠે વર્ષોથી વસવાટ કરતા ગરીબ અને શ્રમિક પરિવારોને આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટના નામે વિસ્થાપિત કરવાની હિલચાલ સામે કોંગ્રેસે વિરોધનો સૂર ઉઠાવ્યો છે. શહેર કોંગ્રેસ દ્વારા તંત્રને નમ્ર છતાં મક્કમ રજૂઆત કરવામાં આવી છે કે ગરીબ નાગરિકોને યોગ્ય વૈકલ્પિક કાયમી રહેઠાણની સુવિધા આપ્યા વગર કોઈપણ પ્રકારનું ડિમોલિશન કે વિસ્થાપન કરવામાં ન આવે.કોંગ્રેસે રજૂઆતમાં જણાવ્યું છે કે, વર્તમાન સરકાર વિકાસના નામે ગરીબ વિસ્તારોમાં નોટિસો આપીને રહીશોને સાંભળવાની કે વિશ્વાસમાં લેવાની તક આપ્યા વગર ટૂંકા ગાળામાં ઘર ખાલી કરવા મજબૂર કરી રહી છે. નરસંગપરા, રામ ટેકરી, મેલડી માતાજીના મંદિર પાસેની ઝૂંપડપટ્ટી, રૂખડિયા ફાટક પાસેનો ખાડો, પોપટપરા, સેન્ટ્રલ જેલ પાછળનો વિસ્તાર અને ૫૩-ક્વાર્ટર સહિતના વિસ્તારોમાં હજારો લોકો વર્ષોથી વસવાટ કરી રહ્યા છે.તંત્ર સમક્ષ માંગ કરવામાં આવી છે કે, આ વિસ્તારોમાં રહેતા લોકો પાસે લાઈટ બિલ, ગેસ બિલ, કોર્પોરેશનના વેરા બિલ અને જન્મ-મરણના દાખલા જેવા બંધારણીય માન્ય પુરાવાઓ છે. ભારતના બંધારણે આપેલા નાગરિક હક્કો મુજબ, આ પુરાવાઓને આધારે તેઓને પ્રાથમિકતા આપી પ્રથમ મજબૂત વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. ''મકાન સામે મકાન'' મળે તે પ્રકારની સુવ્યવસ્થા ઊભી કરવી જોઈએ. રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ભલે વિકાસનું પ્રતીક હોય, પરંતુ તે ગરીબોના આંસુ પર ન હોવો જોઈએ. જો તંત્ર દ્વારા રહેઠાણની કાયમી વ્યવસ્થા વગર બળજબરીથી વિસ્થાપન કરવામાં આવશે, તો આગામી સમયમાં કોંગ્રેસ ગરીબોનો અવાજ બની ઉગ્ર આંદોલન કરશે.

# ‘ગૌ સેવા’ કૃષિ ઉદ્યોગ સહિત તમામ ક્ષેત્રના જોડતું સર્વ સમાવેશક મોડલ: ડો. વલ્લભ કથીરિયા

### ગૌ આધારીત વિકાસને નવી દિશા આપવા જીસીસીઆઈના ડો.વલ્લભભાઈ કથીરિયાએ રાજયના મંત્રીઓ સાથે બેઠક યોજી



**અબતક, રાજકોટ**

ગૌસેવક, પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ (જીસીસીઆઈ)ના સ્થાપક ડો. વલ્લભભાઈ કથીરિયાએ ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કોટેજ અને ગ્રામ ઉદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલ, વન અને પર્યાવરણ, જલવાયુ પરિવર્તન, વિજ્ઞાન અને ટેકનોલોજીમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા તથા સામાજિક ન્યાય અને અધિકારિતા, પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ શિક્ષણ તેમજ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના મંત્રી પ્રદ્યુમન વાજા સાથે ગાંધીનગરમાં મહત્વપૂર્ણ બેઠક કરી. આ અવસર પર ડો. વલ્લભભાઈ કથીરિયાએ મંત્રીઓને ગૌમાતાના ગોબરથી નિર્મિત ગણેશજીની પ્રતિમા (ગોબર ગણેશ) ભેટ સ્વરૂપે અર્પણ કર્યા, જે ગૌ આધારિત સ્વદેશી ઉત્પાદનો, પર્યાવરણ સંરક્ષણ તથા સંસ્કૃતિ અને આત્મનિર્ભરતાનું પ્રતીક છે. બેઠક દરમિયાન ડો. વલ્લભભાઈ કથીરિયાએ ગૌ આધારિત અર્થવ્યવસ્થા - વિકસિત ભારત માટેનું નવું વિઝન પર પોતાનો દૃષ્ટિકોણ રજૂ કર્યો અને જણાવ્યું કે ગૌ સેવા માત્ર ધાર્મિક કે પરંપરાગત બાબત નહીં પરંતુ ગ્રામ્ય અર્થવ્યવસ્થા, રોજગાર સર્જન, પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક સમરસતાનું શક્તિશાળી સાધન છે.

ડો. વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું કે ગૌ સેવા એ કૃષિ, ઉદ્યોગ, આરોગ્ય, શિક્ષણ અને પર્યાવરણ તમામ ક્ષેત્રોને જોડતું એક સર્વસમાવેશક મોડેલ છે, જેનાથી આત્મનિર્ભર ભારત અને વિકસિત ગુજરાતના લક્ષ્યોને સાકાર કરી શકાય. બેઠક દરમિયાન મંત્રીઓએ ગૌ સેવાને રાજ્યના સર્વાંગી વિકાસ સાથે સંકળીને આગળ વધારવા માટે હકારાત્મક અભિગમ વ્યક્ત કર્યો અને આવનારા સમયમાં નીતિગત તેમજ અમલીકરણના સ્તરે ગૌ આધારિત યોજનાઓને વધુ મજબૂત બનાવવા માટે સહકાર આપવાની ખાતરી આપી.

# એમસીએક્સ પર સોના-ચાંદીના ભાવમાં કડાકો

### શેરબજારમાં તેજીનો ચમકારો સેન્સેક્સમાં ૬૦૦થી વધુ અને નિફ્ટીમાં ૨૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો

**અબતક, રાજકોટ**

બુલિયન બજારમાં છેલ્લા ઘણા સમયથી ચાલી આવતી એકધારી તેજી હવે અટકી જવા પામી છે. સોના અને ચાંદી એ એમસીએક્સ પર સર્વોચ્ચ સપાટી હાંસલ કર્યા બાદ બંને કિંમતી ધાતુઓમાં ભાવ ઘટી રહ્યા છે. આજે ચાંદી અને સોનામાં તોતીંગ કડાકો બોલી ગયા હતા. બુલિયન બજારમાં નરમાશના પહેલે શેરબજારમાં તેજી જોવા મળી હતી.

એમસીએક્સ પર શું ચાંદીના ભાવ રૂ.૨,૫૩,૦૦૦ ની સપાટીએ પહોંચી ગયા હતા દરમ્યાન ઉપલા મથાળેથી ભાવમાં રૂ. ૧૬,૦૦૦ થી પણ વધુનો ઘટાડો જોવા મળ્યો છે .આજે એક જ દિવસમાં ચાંદીના ભાવમાં રૂ.૧૩૦૦૦ નો ઘટાડો નોંધાયો છે એમસીએક્સ પર ચાંદીના ભાવ આજે રૂ.૨૩૭૯૫૦ રહેવા પામ્યા હતા. વાયદા બજારમાં મોટી ઉથલપાથલ છે .બીજી તરફ સ્થાનિક બજારમાં બિલમાં ચાંદીના અને સોનાના ભાવ હજી નક્કી થઈ શકતા નથી .આજે સોનાના ભાવમાં પણ ૧૧૦૦ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો હતો સોનાનો ભાવ રૂ.૧૩૫૬૦૦ રહેવા પામ્યો હતો.

બુલીયન બજારમાં નરમાશના પગલે આજે શેરબજારમાં તેજી જોવા મળી હતી મુંબઈ શેરબજાના બંને આગેવાન ઈન્ડેક્સ આજે ગ્રીન ઝોનમાં કામકાજ કરતા નજરે પડ્યા હતા. અમેરિકા સામે ભારતીય રૂપિયો થોડો નબળો જણાતો હતો. સેન્સેક્સમાં ૬૦૦ થી વધુ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો ફરી એકવાર સેન્સેક્સ છે.૮૫,૦૦૦ની સપાટી આજે ઈન્ટ્રા ડેમમાં કુદાવી છે. જ્યારે નિફ્ટી પણ દિવસ દરમિયાન ૨૬,૦૦૦ની સપાટી કૂદાવવામાં સફળ રહી હતી. નિફ્ટીમાં ૨૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ટ્રેડ કરી રહી છે બેન્ક નિફ્ટીમાં પણ ઉછાળા જોવા મળી રહ્યા છે.

# ટ્રાફિક નિયમોના અમલીકરણમાં કોઈ બાંધછોડ નહીં: સીપી બ્રજેશકુમાર ઝા

### શહેર માર્ગ સલામતી સમિતિની બેઠકમાં ગાડીમાં બ્લેક ફિલ્મ લગાડનારા અને વેચાણકર્તાઓ વિરૂદ્ધ ડ્રાઈવ કરવા સુચના



### ૨૦૨૫માં ટ્રાફિક પોલીસ દ્વારા ૨,૫૨,૦૨૮ કેસ અને રૂ.૯,૧૩,૧૭,૯૫૦ની દંડનીય કાર્યવાહી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં શહેરમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા તેમજ હાઈવે પર વાહન અકસ્માતના કારણો અને પ્રમાણ ઘટાડવા અંગે સંલગ્ન વિભાગના અધિકારીઓ સાથે અંગે ચર્ચા કરવામાં આવી હતી. પોલીસ કમિશનરએ સ્કૂલ પીકઅપ વાન અને વાલીઓ દ્વારા શાળાએ મુકવા તથા તેડવા આવે તે સમયે જાહેર માર્ગોના બદલે સ્કૂલ કેમ્પસનો ઉપયોગ કરે તે માટે પોલીસ વિભાગને કાર્યવાહી કરવા સૂચના આપી હતી. જયારે હાઈવે પર વારંવાર ગેરકાયદે મીડીયમ ગેપ તોડનારા લોકોને શોધી કાઢવા નજીકના પેટ્રોલ પંપ કે હોટેલ ધારકોને સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અથવા તેમની જવાબદારી ફિક્સ કરવા હાઈવે ઓથોરિટીને સૂચના આપી હતી. કારમાં બ્લેક ફિલ્મ લગાડનાર વાહન ચાલાક વિરુદ્ધ કામગીરી કરવા અને તેના વેચાણકર્તા વિરુદ્ધ ડ્રાઈવ કરવા, રોડ કામગીરી પૂર્ણ થયેલ ચોકમાં ટ્રાફિક સિગ્નલ અને સી.સી.ટી.વી. પુનઃ કાર્યરત કરવા મહાનગરપાલિકાને પણ બ્રજેશ કુમારે સૂચના આપી હતી. આ તકે ડી.સી.પી. ટ્રાફિક હરપાલસિંહ જાડેજાએ વર્ષ દરમ્યાન ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે માહિતી આપી હતી. વર્ષ દરમ્યાન વિભાગ દ્વારા ૨,૫૨,૦૨૮ કેસ અને રૂ. ૯,૧૩,૧૭,૯૫૦ ની દંડનીય કાર્યવાહી કરવામાં આવી બેઠકમાં સેફટી કમિટીના સલાહકાર જે.વી. શાહે ટ્રાફિક સિગ્નલ પર નાના બાળકો અને ભિક્ષુકોને હટાવવા તેમજ બિનજરૂરી બેરિકેડને દૂર કરવા, ટ્રાફિક સિગ્નલ નજીક ઉભી રહેતી રીક્ષાઓ દૂર કરાવવા સૂચન કર્યુ હતું. જેનું અમલીકરણ કરવા પોલીસ કમિશનરએ સૂચના આપી હતી.

મહાનગરપાલિકના અધિકારી અઢિયાએ શહેરમા ચાલી રહેલા રોડ, સાઈનેજીસ, કર્બ, ક્રેશ બેરીયર વગેરે કામગીરીની વિગત પુરી પાડી હતી આ તકે નાયબ મ્યુનિસિપલ કમિશનર પથિક પટેલ, એ.સી.પી. મુનાફ પઠાણ, વિનાયક પટેલ, વિવિધ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ, નેશનલ હાઈવે ઓથોરિટી, રૂડા, સ્ટેટ આર.એન્ડ.બી. સિવિલ, એસ.ટી. સહીત વિવિધ વિભાગના અધિકારીઓ, પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

### દોઢ દાયકામાં વિકાસે હરણફાળ ભરી!

# ૨૦૧૬માં બે ટ્રિલિયનથી લઇ ૨૦૩૦માં છ ટ્રિલિયન ઈકોનોમીને આંબી ભારત વિશ્વના ટોપ ૩ અર્થતંત્રમાં પ્રવેશ કરશે

## આગામી અઢીથી ત્રણ વર્ષમાં જર્મનીને પાછળ રાખીને વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવા માટે ભારત સજ્જ

**અબતક, નવી દિલ્હી**

આર્થિક મોરચે એક મોટી સિદ્ધિ હાંસલ કરીને ભારત વિશ્વનું ચોથા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે અને ૨૦30 સુધીમાં જર્મનીને પાછળ રાખી ત્રીજા ક્રમનું વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે તેમ સરકારે જણાવ્યું છે. ૨૦૨૫માં ભારતના અર્થતંત્રનું કુલ કદ ૪.૧૮ ટ્રિલિયન ડોલર રહ્યું છે. હાલમાં અમેરિકા વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર છે, જ્યારે ચીન બીજા ક્રમ આવે છે.ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં ભારતનો જીડીપી વૃદ્ધિદર ૮.૨ ટકા જેટલો ઊંચો રહ્યો હતો, જે ગયા નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં ૭.૪ ટકા અને પ્રથમ ક્વાર્ટરમાં ૭.૮ રહ્યો હતો.૨૦૨૫માં કરાયેલા આર્થિક સુધારાની વિગતો આપતા સરકારે જણાવ્યું હતું કે ૪.૧૮ ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર સાથે જાપાનને પાછળ રાખી ભારત વિશ્વના ચોથા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે. ભારે આગામી અઢીથી ત્રણ વર્ષમાં જર્મનીને પાછળ રાખીને વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનવા માટે સજ્જ છે. ૨૦૩૦ સુધીમાં ભારતના અર્થતંત્રનું કદ વધી ૭.૩ ટ્રિલિયન ડોલર થવાનો અંદાજ છે.સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ભારતનો જીડીપી વૃદ્ધિદર છ ક્વાર્ટરમાં સૌથી ઊંચા રહ્યો હતો. અમેરિકાની ઊંચી ટેરિફને પગલે વૈશ્વિક વેપારમાં અનિશ્ચિતતા હોવા છતાં ભારત તમામ અવરોધને પાર કરીને ઊંચી વૃદ્ધિ નોંધાવી રહ્યું છે. મજબૂત ખાનગી વપરાશની આગેવાની હેઠળના ઘરેલુ આર્થિક પરિબળો જીડીપી વૃદ્ધિમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે.

વર્લ્ડ બેન્ક સહિતની આંતરરાષ્ટ્રીય એજન્સીઓના જીડીપી વૃદ્ધિના અંદાજને ટાંકીને સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ પણ આ આશાવાદનો પડઘો પાડચો છે. વર્લ્ડ બેન્કે ૨૦૨૬માં ભારતની આર્થિક વૃદ્ધિ ૬.૫ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે. મૂડીઝના અંદાજ મુજબ ૨૦૨૬માં ૬.૪ ટકા અને ૨૦૨૭માં ૬.૫ ટકા વૃદ્ધિ સાથે ભારત જી-૨૦ દેશોમાં સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રનો દરજ્જો જાળવી રાખશે.

### વૈશ્વિક એજન્સીઓ વિશ્વસનીય વૃદ્ધિની આશા

આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પણ ભારતની વૃદ્ધિની સંભાવનાઓ અંગે આશાવાદ વ્યક્ત કર્યો છે. વિશ્વ બેંકે ૨૦૨૬ માટે ભારતનો વિકાસ દર ૬.૫ ટકા રહેવાનો અંદાજ લગાવ્યો છે. મૂડીઝનું કહેવું છે કે ભારત G-20 દેશોમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર રહેશે, જે ૨૦૨૬ માં ૬.૪ ટકા અને ૨૦૨૭ માં ૬.૫ ટકાના દરે વૃદ્ધિ પામશે.

# વાહ રે વંદે ભારત :૧૮૦ની સ્પીડમાં પણ પાણીનું ટીપું ન હલે !!!

## વંદે ભારત સ્લીપર ટ્રેનએ હાઈ-સ્પીડ ટ્રાયલમાં મોટી સફળતા હાંસલ:કોટા-નાગડા સેક્શન વચ્ચે ૧૮૦ કિમી/કલાકની ઝડપે દોડી




**અબતક રાજકોટ**

ભારતીય રેલ્વેના આધુનિકીકરણની દિશામાં એક વધુ મહત્વપૂર્ણ સિદ્ધિ સામે આવી છે. લાંબા અંતરની રાત્રિ મુસાફરી માટે તૈયાર થતી વંદે ભારત સ્લીપર ટ્રેને સ્પીડ ટ્રાયલ દરમિયાન તેની મહત્તમ ડિઝાઈન ગતિ ૧૮૦ કિમી પ્રતિ કલાકને સફળતાપૂર્વક સ્પર્શી છે. રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ સિદ્ધિનો વીડિયો સોશિયલ માધ્યમ X પર શેર કરી માહિતી આપી હતી


કોટા-નાગદા રેલ્વે સેક્શન વચ્ચે કમિશનર ઓફ રેલ્વે સેફ્ટીની દેખરેખ હેઠળ આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ટ્રેનમાં ખાસ 'પાણી પરીક્ષણ' કરવામાં આવ્યું, જેમાં ઝડપે દોડતી ટ્રેનની અંદર રાખેલા પાણી ભરેલા ગ્લાસમાંથી એક પણ બુંદ બહાર ન વહી. આ દશ્ય ટ્રેનની અદ્યતન ટેકનોલોજી, ઉત્તમ સંતુલન, ઓછી કંપન ક્ષમતા અને ઉચ્ચ સ્તરની સુરક્ષાનું પ્રતિબિંબ છે.

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ પરીક્ષણ નવી પેઢીની વંદે ભારત સ્લીપર ટ્રેનની તકનીકી ક્ષમતાઓ અને વિશ્વસનીયતાને સાબિત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે આ ટ્રેન ભારતની લાંબા અંતરની રેલ મુસાફરીમાં ક્રાંતિકારી ફેરફાર લાવશે.વંદે ભારત સ્લીપર ટ્રેન, હાલ ભારતીય રેલ્વે નેટવર્ક પર દોડતી વંદે ભારત ચેર કાર ટ્રેનનું સ્લીપર વર્ઝન છે. આ ટ્રેન સંપૂર્ણ રીતે વાતાનુકૂલિત હશે અને રાત્રિ મુસાફરીને વધુ આરામદાયક બનાવવા માટે આધુનિક સુવિધાઓથી સજ્જ રહેશે. તેના બે પ્રોટોટાઈપ રેક BEML દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે અને હાલ પરીક્ષણના અંતિમ તબક્કામાં છે.

ભારતીય રેલ્વે આગામી કેટલાક વર્ષોમાં ૨૦૦થી વધુ વંદે ભારત સ્લીપર ટ્રેનો શરૂ કરવાની યોજના ધરાવે છે. આથી દેશભરના મુખ્ય શહેરો વચ્ચેની લાંબી મુસાફરી ઝડપી, સુરક્ષિત અને આરામદાયક બનશે તેમજ રેલ્વે ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને વધુ મજબૂતી મળશે.આ સિદ્ધિ ભારતીય રેલ્વેના વૈશ્વિક સ્તરે અદ્યતન રેલ નેટવર્ક બનવાના સપનાને સાકાર કરતી એક મહત્વપૂર્ણ કડી તરીકે જોવામાં આવી રહી છે.

# શરીરના ચક્રનું સમતુલન જાળવવા ધ્યાન જરૂરી: વ્રજરાજકુમારજી

## વિશ્વ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવના અંતિમ દિવસે વૈષ્ણવોએ લાઈફબ્લીસ મેડીટેશનમાં ભાગ લીધો



**અબતક, રાજકોટ**

વિશ્વ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવના સમાપનના દિવસે ૧ લાખથી વધુ ભક્તોએ પાવનનગરી, સંસ્કારીનગરી અને કલાનગરી વડોદરાને વૈષ્ણવનગરી બનાવીને આ ભવ્ય અને અદભુત મહામહોત્સવમાં ઉપસ્થિત રહેવાના શુભ સૌભાગ્યનું ગર્વ અનુભવ્યું હતું.

વ્રજરાજકુમારજી મહોદય દ્વારા કથા મંડપમાં વહેલી સવારે છ વાગ્યે સર્વે વૈષ્ણવોને ધ્યાન કરવામાં આવ્યું અને જણાવ્યું કે ધ્યાન ધરવાથી સકારાત્મક ઉર્જા ઉત્પન્ન થાય છે. આપણા શરીરના ચક્ર બેલેન્સિંગ માટે લાઈફ બ્લીઝ મેડીટેશન દરેક જગ્યાએ વૈષ્ણવોને અને દરેકને કરવામાં આવશે અને સ્ટ્રેસ ફ્રી વર્લ્ડ તરફ આવું કાર્ય પુષ્ટિમાર્ગના ઈતિહાસમાં સર્વ પ્રથમ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. લાઈફ બ્લીસ મેડીટેશનના આ સર્વપ્રથમ પ્રોગ્રામનું વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતિમાં શુભ શરૂઆત કરીને નવલખી ગ્રાઉન્ડમાં એક વધુ રેકોર્ડ પુષ્ટિમાર્ગ ઈતિહાસમાં સ્થાપિત થયો.

વિશ્વ હિંદુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવમાં વડોદરામાં ભારતના સનાતન ધર્મના દરેક તીર્થનું દિવ્યજળ અહીં પધરાવવામાં આવ્યું છે એટલે અહી યમુનાજી, ગંગાજી અને સરસ્વતીના જળનો ત્રિવેણી સંગમ થકી પ્રયાગતીર્થના ત્રિવેણીસંગમની પણ અહીં વૈષ્ણવનગરી વડોદરામાં અનુભૂતિ થઈ છે.

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના છાત્રોને ભણાવાયા 'સામાજીક સમરસતા'ના પાઠ




## વિશ્વગ્રામ સહયોગથી ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓ સામાજીક સમરસતા કાર્યક્રમમાં ભાગ લીધો

**અબતક, રાજકોટ**

વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં વિશ્વગ્રામના સહયોગથી સામાજિક સમરસતા વિષયક વિશેષ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પ્રકાશભાઈ પટેલના નેતૃત્વમાં તથા પ્રોવોસ્ટ ડો. પ્રફુલકુમાર ઉદાની અને રજિસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમમાં વિશ્વગ્રામ સંસ્થાના પ્રતિનિધિ સંજયભાઈ તથા પ્રખ્યાત લોકગાયિકા મેઘા ડાલ્ટન ઉપસ્થિત રહ્યા હતા. સામાજિક સમરસતા, ભાઈચારો અને માનવ મૂલ્યો અંગે નાટક તથા લોકગીતોની રજૂઆત દ્વારા અસરકારક રીતે સંદેશો આપ્યો.આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને કાર્યક્રમનો લાભ લીધો.

# રાજકુમાર સંતોષીને હાઈકોર્ટએ રાહત આપી: 'લાહોર ૧૯૪૭'ના પ્રમોશન માટે દુબઈ જવા મંજૂરી

## ચેક રિટર્ન કેસમાં ફિલ્મ નિર્દેશકને બે વર્ષની સજા ફટકારી હતી: ૫ જાન્યુઆરી ૨૦૨૬ના ભારત પરત આવવાનો આદેશ



**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે ફિલ્મ દિગ્દર્શક રાજકુમાર સંતોષીને ચેક બાઉન્સ કેસમાં મોટી રાહત આપી છે. કોર્ટે તેમને તેમની આગામી ફિલ્મ 'લાહોર ૧૯૪૭'ના પ્રમોશનલ ઈવેન્ટ માટે વિદેશ પ્રવાસની પરવાનગી આપી છે. સંતોષી દુબઈ જઈ શકશે અને ૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મધ્યરાત્રિ પહેલાં ભારત પરત ફરવું પડશે.

આ ફિલ્મ આમિર ખાન પ્રોડક્શન્સ હેઠળ બની રહી છે અને તેમાં સની દેઓલ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ ભારત-પાકિસ્તાન વિભાજનના સમયગાળાની પૃષ્ઠભૂમિ પર આધારિત છે અને તેનું નિર્માણ પૂર્ણ થયું છે. ફિલ્મ ૨૦૨૬માં રિલીઝ થવાની અપેક્ષા છે.

ચેક રિટર્ન કેસમાં જામનગરની મેજિસ્ટ્રેટ કોર્ટે સંતોષીને ૧૧ કેસમાં બે વર્ષની સજા ફટકારી હતી, જેમાં કુલ ૧.૧૦ કરોડ રૂપિયાના ચેક સામેલ હતા. સેશન્સ કોર્ટે આ સજાને સમર્થન આપ્યું હતું, પરંતુ હાઈકોર્ટે ઓક્ટોબરમાં સજા સ્થગિત કરી અને નિયમિત જામીન આપ્યા હતા. જામીનની શરતોમાં વિદેશ જવા માટે કોર્ટની પરવાનગી જરૂરી હતી.

સંતોષીએ અરજી કરી હતી કે તેઓ ફિલ્મના પ્રમોશન માટે દુબઈ જવા માંગે છે અને તેમની ટિકિટો પણ રજૂ કરી હતી. વધુમાં, તેમણે કુલ ૧.૧૦ કરોડમાંથી બાકી ૩૫ લાખ રૂપિયા જમા કરાવવા માટે વધુ સમય માંગ્યો હતો, કારણ કે તેમણે પહેલાંથી ૭૫ લાખ જમા કરાવ્યા છે. કોર્ટે તેમને જાન્યુઆરીના અંત સુધીમાં બાકી રકમ જમા કરાવવાનો આદેશ આપ્યો.

ફરિયાદીના વકીલે આ અરજીઓનો વિરોધ કર્યો હતો, પરંતુ ન્યાયાધીશે જણાવ્યું કે મોટા ભાગની રકમ જમા થઈ ગયા પછી ન્યાયના હિતમાં આ રાહત આપવી જોઈએ.આ રાહતથી સંતોષી હવે ફિલ્મના પ્રમોશન પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

# આઈસીએઆઈ બ્રાન્ચ દ્વારા એમએસએમઈ અને ટેક્સ ક્લિનિક માટે શુક્રવારે માર્ગદર્શન સેમિનાર

**અબતક, રાજકોટ**

રાજકોટ બ્રાંચ ઓફ ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા આઈસીએઆઈ દ્વારા એમએસએમઈ ઉદ્યોગકારો, વેપારીઓ તથા કરદાતાઓને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવાના હેતુથી એમએસએમઈ ક્લિનિક તથા ટેક્સ ક્લિનિકનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૦૨/૦૧/૨૦૨૬ના રોજ યોજાનારી એમએસએમઈ ક્લિનિકમાં એમએસએમઈ ક્ષેત્રને લગતા વિવિધ પ્રશ્નો. કાનૂની બાબતો તથા વ્યવસાયિક માર્ગદર્શન અંગે નિષ્ણાત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દ્વારા ડાઉટ સોલ્વ કરવામાં આવશે. તે ઉપરાંત, તારીખ ૦૩/૦૧/૨૦૨૬ના રોજ યોજાનારી ટેક્સ ક્લિનિકમાં ટેક્સ, ફાઈનાન્સ તથા આવકવેરા સંબંધિત પ્રશ્નો અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે.

બન્ને ક્લિનિક્સનો સમય સાંજે ૪:૦૦ વાગ્યાથી ૬:૦૦ વાગ્યા સુધી રહેશે અને કાર્યક્રમો આઈસીએઆઈ ભવન, રાજકોટ ખાતે યોજાશે.

આ કાર્યક્રમનો લાભ લેવા એમએસએમઈ ઉદ્યોગકારો, વેપારીઓ તથા રસ ધરાવતા નાગરિકોને મોટી સંખ્યામાં હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

વધુ માહિતી માટે સીએ વિપુલ દત્તાણી - ૯૮૯૮૦૭૧૨૭૬, સીએ હિરેન રાયચુરા - ૯૭૧૪૫૭૦૮૮૭ સંપર્ક કરો.

# માહિતી વિશ્લેષણ અને ગણતરી પધ્ધતિને મજબુત બનાવવા ઈગ્નુમાં 'ડેટા સાયન્સ' પ્રોગ્રામ શરૂ

## બે વર્ષનો ડિગ્રી પ્રોગ્રામ વિવિધ ક્ષેત્રોમાં ડેટા સાયન્સ અને એનાલિટિક્સનાં ક્ષેત્રમાં વ્યાવસાયિકોની વધતી માંગને પહોંચી વળશે

**અબતક, રાજકોટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી એ તેની સ્કૂલ ઓફ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ દ્વારા ઓપન ડિસ્ટન્સ લર્નિંગ મોડમાં ડેટા સાયન્સ એન્ડ એનાલિટિક્સમાં માસ્ટર ઓફ સાયન્સ પ્રોગ્રામ શરૂ કર્યો છે. બે વર્ષનો ડિગ્રી પ્રોગ્રામ વિવિધ ક્ષેત્રોમાં ડેટા સાયન્સ અને એનાલિટિકસના ક્ષેત્રમાં કુશળ વ્યાવસાયિકોની વધતી માંગને પહોંચી વળવા માટે રચાયેલ છે.

એમએસસી (ડેટા સાયન્સ એન્ડ એનાલિટિક્સ) નો ઉદ્દેશ્ય ડેટા-આધારિત સમસ્યાના નિરાકરણ માટે જરૂરી આવશ્યક કોમ્પ્યુટેશનલ અને આંકડાકીય કુશળતામાં શીખનારાઓને તાલીમ આપવાનો છે. આ કાર્યક્રમ વિવિધ શૈક્ષણિક શીખનારાઓ માટે યોગ્ય છે જેઓ તેમના હાલના જ્ઞાનને મજબૂત કરવા અથવા ડેટા સાયન્સ પ્રોફેશનલ્સ તરીકે કારકિર્દીમાં સંક્રમણ કરવા માંગે છે.

ડેટા વિશ્લેષણ માટે આંકડાકીય અને ગણતરી પદ્ધતિઓમાં મજબૂત પાયો પૂરો પાડી શકાય છે.

વાસ્તવિક દુનિયા, ડોમેન-વિશિષ્ટ સમસ્યાઓ ઉકેલવા માટે ડેટા સાયન્સ તકનીકોનો ઉપયોગ સક્ષમ બનાવી શકાય છે. આ કાર્યક્રમ અંગ્રેજી માધ્યમમાં ડેટા સાયન્સ અને એનાલિટિકસમાં વિશેષતા સાથે ઓફર કરવામાં આવે છે. પાત્રતા માપદંડ માન્ય યુનિવર્સિટીમાંથી ઓછામાં ઓછી ત્રણ વર્ષની સ્નાતકની ડિગ્રી છે. જો કોઈ શીખનાર પ્રથમ બે સેમેસ્ટર (૪૦ ક્રેડિટ) ના તમામ અભ્યાસક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી પ્રોગ્રામમાંથી બહાર નીકળવાનું નક્કી કરે છે, તો શીખનાર ડેટા સાયન્સ અને એનાલિટિક્સમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા એવોર્ડ માટે પાત્ર છે. ફી માળખું લાગુ પડતા રજીસ્ટ્રેશન અને વિકાસ ફી ઉપરાંત, પ્રતિ સેમેસ્ટર રૂ. ૧૩,૦૦૦ છે.

આ કાર્યક્રમનું સંકલન પ્રો. સંદીપ સિંહ રાવત અને પ્રો. દિવાકર યાદવ, સ્કૂલ ઓફ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ (SOCIS), IGNOU, નવી દિલ્હી દ્વારા કરવામાં આવે છે.

આ કાર્યક્રમ સાથે, IGNOU ટેકનોલોજી અને ડેટા-આધારિત શાખાઓના ઉભરતા ક્ષેત્રોમાં ઉદ્યોગ-સંબંધિત, લચીલી અને સુલભ ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરવાની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવાનું ચાલુ રાખી શકાય છે. વધુ વિગતો માટે, વિદ્યાર્થીઓ https://ignouadmission.samarth.edu.in/index.php/site/programme-detail?id=71fd6ccde52135ef1ab578318c7c174487e65681ddd752229d7f43dcc973ced91882 ની મુલાકાત લઈ શકે છે.

પ્રવેશ મેળવવા માટે, સંભવિત વિદ્યાર્થીઓએ https://ignouadmission.samarth.edu.in/ પર નોંધણી કરી અને અરજી કરવી જરૂરી છે.

# રફાળેશ્વરમાં શ્રીમાળી સોની પાટડીયા પરિવારના સુરાપુરા મંદિરે કાલે બટુક ભોજન



**અબતક, રાજકોટ:** મોરબી જીલ્લા માં રફાળેશ્વર માં બિરાજમાન સમસ્ત શ્રી માળી સોની પાટડીયા પરિવાર નાં "શ્રી સુરાપુરા દાદા ગોકળદાસ દાદા તથા તુલસીદાસ દાદાની પોષ સુદ તેરસ તારીખ ૧/૧/૨૦૨૬ ગુરૂવાર વાર છે. સુરાપુરા દાદાની તેરસ ભરનારની યાદીમાં જણાવામાં આવે છે." વધુ માહિતી માટે જીજ્ઞેશ વાગડીયા રાજકોટ મોં.:-૯૭૨૩૩ ૯૦૯૦૯, કલ્પેશભાઈ પાટડીયા રાજકોટ મો.:-૯૭૩૭૩ ૯૯૯૩૯ પર સંપર્ક કરી શકશો. આયોજન કમિટી વિજયભાઈ પાટડીયા સંદિપભાઈ જડીયા. નિલેશભાઈ વાગડીયા હિતેશભાઈ પાટડીયા દિપકભાઈ પાટડીયા. હિતેનભાઈ પાટડીયા રાજુભાઈ પાટડીયા વિગેરે કમિટી મેમ્બર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. તંત્રી આપનાં સહકાર બદલ આભાર ભુલચુક ક્ષમા આપનો વિશ્વાસુ જીજ્ઞેશ વાગડીયા રાજકોટ મો.૯૭૨૩૩ ૯૦૯૦૯ સમસ્ત શ્રી માળી સોની પાટડીયા પરિવાર.

# ઈજનેરીમાં પ્રવેશ માટે ગુજકેટની નોંધણી ૬ જાન્યુઆરી સુધી લંબાવાઈ

## ૬ જાન્યુઆરી સુધી રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારાશે, સવા લાખ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૯મી માર્ચના રોજ લેવામાં આવનારી ગુજકેટની પરીક્ષા માટે રજિસ્ટ્રેશનની મુદત ૩૦મી ડિસેમ્બર સુધી નક્કી કરવામાં આવી હતી. હાલમાં અંદાજે સવા લાખ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થઈ ચૂક્યું છે. આમછતાં કેટલાક વિદ્યાર્થીઓની ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાની ફરિયાદ અને રજૂઆત બાદ આગામી ૬ જાન્યુઆરી સુધી મુદત લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે. ધો.૧૨ સાયન્સ પછી ડિગ્રી ઈજનેરી સહિતની ટેકનિકલ કોલેજમાં પ્રવેશ માટે સ્થાનિક કક્ષાએ ગુજકેટ લેવામાં આવે છે. બોર્ડ દ્વારા લેવામાં આવતી આ પરીક્ષા માટે ગત ૧૬મી ડિસેમ્બરથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ૩૦મી ડિસેમ્બરે આ મુદત પુરી થઈ ચુકી છે. જોકે, રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓ અને તાલુકા કક્ષાએ ગુજકેટ માટે રજિસ્ટ્રેશન કરવાની મુદત વધારવા માટે આવેલી રજૂઆત બાદ હવે આગામી ૬ જાન્યુઆરી સુધીની મુદત લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેટલીક સ્કૂલના વિદ્યાર્થીઓના ફોર્મ સબમીટ ન થયા હોવાના કારણે કુલ સાત દિવસની મુદત લંબાવવામાં આવી છે. એટલે કે હવે આગામી ૬ જાન્યુઆરી સુધી વિદ્યાર્થીઓ રેગ્યુલર ફી સાથે ગુજકેટના ફોર્મ ભરી શકશે. ડિગ્રી ઈજનેરી, ફાર્મસી અને ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ લેવા ઈચ્છતાં હોય તેવા એ, બી અને એબી ગ્રુપના વિદ્યાર્થીઓ ગુજકેટ આપતાં હોય છે. જોકે, ગુજકેટ આપતાં મોટાભાગના વિદ્યાર્થીઓ જેઈઈ-મેઈન પણ આપતાં હોય છે. આગામી ૨૧મી જાન્યુઆરીથી ૩૦મી જાન્યુઆરી વચ્ચે પહેલા તબક્કાની જેઈઈ-મેઈન લેવામાં આવશે. બીજા તબક્કાની જેઈઈ-મેઈન ૧લી એપ્રિલથી ૧૦મી એપ્રિલ વચ્ચે લેવામાં આવશે. બે પરીક્ષા પૈકી જે પરીક્ષામાં વધુ પર્સન્ટાઈલ હોય તેને ધ્યાનમાં લઈને પ્રવેશ ફાળવવામાં આવતો હોય છે. સ્થાનિક કક્ષાએ ૨૯મી માર્ચના રોજ ગુજકેટ લેવામાં આવશે. બોર્ડ દ્વારા આગાઉ ૩૦મી પછી લેઈટ ફી સાથે રજિસ્ટ્રેશન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જુદા જુદા તાલુકામાં કેટલાક વિદ્યાર્થીઓએ ગુજક્ટ માટે ફોર્મ ભર્યા પછી રીજેક્ટ થયા હોવાની ફરિયાદ પણ ઉઠવા પામી હતી. જેના અનુસંધાનમાં હવે આગામી ૬ જાન્યુઆરી સુધી વિદ્યાર્થીઓ રેગ્યુલર ફી સાથે ગુજકેટનું રજિસ્ટ્રેશન કરાવી શકશે.

# રેલ-વન એપ દ્વારા અનરિઝર્વ્ડ ટિકિટ ખરીદી પર ૩ ટકા ડિસ્કાઉન્ટ મળશે

## ડિજિટલ ટ્રાન્જેક્શનને વેગ આપવા રેલવે મંત્રાલયની નવી જાહેરાત

**અબતક, નવી દિલ્હી**

રેલવે મંત્રાલયે અનરિઝર્વ્ડ ટિકિટ બુકિંગમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનને વેગ આપવા માટે નવા પ્રોત્સાહનની જાહેરાત કરી છે. ૧૪ જાન્યુઆરીથી ૧૪ જુલાઈ ૨૦૨૬ દરમિયાન રેલ-વન એપ મારફત બિનઅનામત ટિકિટની ખરીદી પર ૩ ટકા ડિસ્કાઉન્ટ મળશે. પેમેન્ટ માટે મુસાફર આર-વોલેટની જગ્યાએ કોઈપણ ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરી શકશે. આ ઓફર હાલના ૩ ટકા કેશબેક ઉપરાંતની છે. હાલમાં રેલ-વન એપ દ્વારા માત્ર આર-વોલેટ પેમેન્ટના કિસ્સામાં ૩ ટકા કેશબેક મળે છે.મંત્રાલયે સેન્ટર ફોર રેલવે ઈન્ફર્મેશન સિસ્ટમ ને જરૂરી સોફ્ટવેર અપડેટ કરવાની સૂચના આપી છે, જેનાથી ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ કરાવી શકાય. ડિજિટલ બુકિંગને વેગ આપવા માટે રેલ-વન એપ પર તમામ ડિજિટલ પેમેન્ટ માધ્યમથી અનરિઝર્વ્ડ ટિકિટના બુકિંગ માટે ૩ ટકા ડિસ્કાઉન્ટ આપવાનો નિર્ણય કરાયો છે. આ ડિસ્કાઉન્ટ ૧૪ જાન્યુઆરીથી ૧૪ જુલાઈ ૨૦૨૬ દરમિયાન બુકિંગ કરાયેલી ટિકિટ પર મળશે.મે મહિનામાં આ દરખાસ્ત અંગે કેવા પ્રતિભાવ મળ્યા છે તેની વિગત આપશે અને તે પછી આગામી નિર્ણય કરાશે. અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે આર-વોલેટ ટ્રાન્ઝેક્શન માટેનું હાલનું ૩ ટકા કેશબેક પણ ચાલુ રહેશે. આ લાભ માત્ર રેલ-વન એપ મારફત મળશે. હાલમાં રેલ-વન એપ પર અનરિઝર્વ્ડ ટિકિટ ખરીદવા અને આર-વોલેટ મારફત પેમેન્ટ કરતાં મુસાફરોને ૩ ટકા કેશબેક મળે છે. જોકે નવી ઓફરમાં તમામ ડિજિટલ પેમેન્ટ માધ્યમ દ્વારા રેલ-વન એપથી ખરીદવામાં આવેલી ટિકિટ પર ૩ ટકા ડિસ્કાઉન્ટ મળશે.

ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ, રાજકોટ ડેવલપમેન્ટ

# હાઈટેક સુવિધાઓ સાથે મારવાડી યુનિવર્સિટીમાં તૈયારીઓનો ધમધમાટ : વાઈબ્રન્ટ સમિટનું કાઉન્ટ ડાઉનશરૂ

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટને ગણતરીના દિવસો બાકી છે ત્યારે તૈયારીઓ તેજ : ઉદ્યોગજગતમાં થનગનાટ

### કાર્યક્રમની રૂપરેખા

તા. ૧૧ જાન્યુઆરી સવારના સત્રમાં ગ્રીન ડેટા સેન્ટર, સિરામિક ઉદ્યોગ, ટેક્સટાઈલ અને બ્લુ ઈકોનોમી જેવા વિષયો પર સેમિનારો યોજાશે. બપોરે ૪:૫૦ વાગ્યે ભવ્ય ઉદઘાટન સમારોહ બાદ સીઈઓ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં ગ્રીન એનર્જી અને કાર્બન ન્યુટ્રાલિટી પર ચર્ચા થશે.તા. ૧૨ જાન્યુઆરી બીજા દિવસે ડિફેન્સમાં આત્મનિર્ભરતા, ફિશરીઝ માર્કેટ, પોર્ટ ઉદ્યોગ, ગિફ્ટ સિટીમાં બિઝનેસ તકો અને એમએસએમઈ કોન્કલેવ જેવા મહત્વના વિષયો પર નિષ્ણાતો માર્ગદર્શન આપશે.

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના આર્થિક અને ઔદ્યોગિક વિકાસમાં માઈલસ્ટોન સાબિત થનારી 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ' હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે મારવાડી યુનિવર્સિટી ખાતે તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થનારા ઉદઘાટન સમારોહને ભવ્ય બનાવવા માટે વહીવટી તંત્ર અને યુનિવર્સિટી મેનેજમેન્ટ રાત-દિવસ કાર્યરત છે.સમિટ માટે યુનિવર્સિટીના વિશાળ કેમ્પસમાં અત્યાધુનિક એરકન્ડિશન્ડ ડોમ તૈયાર કરવામાં આવી રહ્યા છે. મુખ્ય સભાખંડમાં હાઈ-ડેફિનેશન એલઈડી સ્ક્રીન અને આધુનિક સાઉન્ડ સિસ્ટમ ગોઠવવામાં આવી રહી છે. ખાસ કરીને એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને રિન્યુએબલ એનર્જીના પ્રદર્શન માટે અલગથી એક્ઝિબિશન એરિયા બનાવવામાં આવ્યો છે, જ્યાં અદ્યતન ટેકનોલોજીનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવશે,મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાનારી આ સમિટમાં સૌરાષ્ટ્રના એન્જિનિયરિંગ, સિરામિક અને ટેક્સટાઈલ ઉદ્યોગના હજારો ડેલીગેટ્સ ભાગ લેવાના છે. આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય

(અનુ. આઠમા પાને)



તસવીરઃ શૈલેષ વાડોલિયા





### સૌરાષ્ટ્રના ઉદ્યોગ જગતમાં ભારે ઉત્સાહ

મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાનારી આ સમિટમાં સૌરાષ્ટ્રના એન્જિનિયરિંગ, સિરામિક અને ટેક્સટાઈલ ઉદ્યોગના હજારો ડેલીગેટ્સ ભાગ લેવાના છે. ઉદ્યોગપતિઓ માટે બિઝનેસ ટુ બિઝનેસ મીટિંગ માટે ખાસ લાઉન્જ તૈયાર કરવામાં આવ્યા છે, જેથી નવા રોકાણો અને એમઓયુ માટે અનુકૂળ વાતાવરણ મળી રહેશે




### અભેદ્ય સુરક્ષા અને હાઈટેક વ્યવસ્થા

વડાપ્રધાન તેમજ અંબાણી-અદાણી જેવા દિગ્ગજ ઉદ્યોગપતિઓની હાજરીને પગલે એસપીજી અને રાજ્ય પોલીસ દ્વારા કેમ્પસની સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દેવામાં આવી છે. કેમ્પસમાં ખાસ હેલિપેડનું નિર્માણ તેમજ પાર્કિંગ અને ટ્રાફિક મેનેજમેન્ટ માટે લોખંડી આયોજન કરવામાં આવ્યું છે.





# પુરાવા વિના પાંજરાપોળ ખાલી કરાવવા ગયેલા કોર્પોરેશનના અધિકારી ભોંઠા પડ્યાં


## ૨૦૨૧માં તત્કાલીન કમિશનરે મૌખિક મંજૂરી આપી હતી, હવે ઠરાવ આપવાને બદલે જગ્યા ખાલી કરાવવા નોટિસ, કોર્ટના ચુકાદા બાદ તંત્ર આગળ વધશે

**અબતક, રાજકોટ**

રાજકોટના આજીડેમ પાસે આવેલી અને અબોલા જીવોને આશરો આપતી 'રાજકોટ મહાજન પાંજરાપોળ' (જૂના પંખીઘર) ખાતે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓની ટીમ જગ્યાનો કબજો લેવા અને સંસ્થાને ખાલી કરાવવા માટે ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે, આ મામલે સેશન કોર્ટનો સ્ટે ઓર્ડર અમલમાં હોવાથી તંત્રની આ કામગીરી નિષ્ફળ રહી હતી અને અધિકારીઓએ ખાલી હાથે પરત ફરવું પડ્યું હતું.

આ વિવાદના મૂળમાં જગ્યાની ફાળવણીનો ટેકનિકલ પ્રશ્ન રહેલો છે. વર્ષ ૨૦૨૧માં આરએમસી દ્વારા જ આ જગ્યા જીવદયાના કાર્યો માટે ફાળવવામાં આવી હતી, જેના પર સંસ્થાએ દાતાઓના લાખો રૂપિયાના લોકફાળાથી પશુઓ માટે આધુનિક સુવિધાઓ અને શેડનું નિર્માણ કર્યું છે. પરંતુ તંત્ર દ્વારા

(અનુ. આઠમા પાને)







રિપોર્ટરઃ દર્શન વાડોલિયા
કેમેરામેનઃ અભિષેક આશિયાણી



### લેખિત ઠરાવ ન મળતા મામલો કોર્ટે પહોંચ્યોઃ યોગેશભાઈ શાહ

અબતક સાથેની વાતચીતમાં યોગેશભાઈ શાહના જણાવ્યા અનુસાર, જાન્યુઆરી ૨૦૨૧માં તત્કાલીન કમિશનરની મૌખિક મંજૂરી બાદ સંસ્થાએ આ જગ્યા પર રૂ. લાખના ખર્ચે ૩૮ એસી રૂમ સહિતની અત્યાધુનિક સુવિધાઓ વિકસાવી હતી. અનેક અધિકારીઓની મુલાકાત છતાં જગ્યા ફાળવણીનો લેખિત ઠરાવ ન મળતા સંસ્થાએ કોર્ટના દ્વાર (અનુ. આઠમા પાને)

### સેશન્સ કોર્ટે સ્ટે આપતા કોર્પોરેશનની કામગીરી અટકીઃ ડો. ઉપેન્દ્ર પટેલ

આ મામલે અબતક સાથેની વાતચીતમાં પ્રાણી રંજાડ શાખાના અધિકારી ડો. ઉપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સિવિલ કોર્ટનો ચુકાદો તેમની તરફેણમાં હોવાથી તેઓ ખાલી કરાવવા ગયા હતા, પરંતુ મોડેથી સેશન્સ કોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવ્યો હોવાની જાણ થતા કામગીરી અટકાવવામાં આવી છે. હાલ પૂરતી કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી છે અને હવે આગામી તારીખે કોર્ટ દ્વારા (અનુ. આઠમા પાને)



# શિક્ષણ અને વ્યાવસાયિક જ્ઞાનનું નવું આયામ: ધોળકિયા સ્કૂલમાં એકાઉન્ટિંગ મ્યુઝિયમનું ઉદ્ઘાટન

## વિદ્યાર્થીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને એકાઉન્ટિંગ ક્ષેત્રમાં રસ ધરાવતા સૌ માટે પ્રેરણારૂપ પહેલ

**અબતક, રાજકોટ**

શૈક્ષણિક અને વ્યાવસાયિક ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અને ગૌરવપૂર્ણ ઉમેરો થયો છે. ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા ના માર્ગદર્શન હેઠળ કે.જી. ધોળકિયા સ્કૂલ, રાજકોટ ખાતે એકાઉન્ટિંગ મ્યુઝિયમનું ભવ્ય ઉદઘાટન અને લોકાર્પણ કરવામાં આવ્યું.

આ ઉદઘાટન સમારોહ રવિવાર, તારીખ ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ યોજાયો હતો અને સમગ્ર કાર્યક્રમ વેસ્ટર્ન ઈન્ડિયા રીજનલ કાઉન્સિલ તથા ધોળકિયા સ્કૂલ્સ (રાજકોટ-ગોંડલ-જામનગર)ના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો. મ્યુઝિયમનું ઉદઘાટન ધોળકિયા સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી કૃષ્ણકાંતભાઈ ધોળકિયા, મેનેજિંગ ટ્રસ્ટી જીતુભાઈ ધોળકિયા તથા મિતુલભાઈ ધોળકિયા ના વરદ હસ્તે કરવામાં આવ્યું.

વેસ્ટર્ન ઈન્ડિયા રીજનલ કાઉન્સિલ અને ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા ના ચેરમેન સીએ કેતન સેયા, રાજકોટ બ્રાન્ચના ચેરમેન સીએ રાજ મરવાણીયા, વાઈસ ચેરમેનસીએ સીએ પિયુષ ચંદક, સેક્રેટરી સીએ જીનલ સાવલા, ટ્રેઝરર સીએ(ડો.) ફેનિલ શાહ તથા બ્રાન્ચ નોમિની બિશન શાહ સહિતના પ્રતિષ્ઠિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત વકતાઓએ જણાવ્યું હતું કે, એકાઉન્ટિંગ મ્યુઝિયમમાં એકાઉન્ટિંગના પ્રાચીન ભારતીય મૂળોથી લઈને તેના આધુનિક વિકાસ સુધીની યાત્રાને મોડલ્સ, દૃશ્ય પ્રસ્તુતિઓ અને માહિતીભર્યા માધ્યમ દ્વારા રજૂ કરવામાં આવી છે. આ મ્યુઝિયમ વિદ્યાર્થીઓ, ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ તેમજ એકાઉન્ટિંગ ક્ષેત્રમાં રસ ધરાવતા સૌ માટે જ્ઞાન, પ્રેરણા અને માર્ગદર્શનનું કેન્દ્ર બનશે.ભારતમાં એકાઉન્ટિંગના ખ્યાલોનું મૂળ પ્રાચીન કાળથી જ અસ્તિત્વમાં હતું અને તેનો ગૌરવપૂર્ણ ઈતિહાસ આ મ્યુઝિયમમાં ઉજાગર કરવામાં આવ્યો છે. ભાવિ પેઢીમાં એકાઉન્ટિંગ પ્રત્યે વધુ સમજણ, રસ અને સંશોધન ભાવના વિકસે તેવી આશા સાથે આ મ્યુઝિયમ રાજકોટ માટે એક અનોખી ભેટ સાબિત થશે.






# સ્પોર્ટ્સ અબતક

## વિજય હઝારે ટ્રોફી

# સરફરાઝની સટાસટી, ૭૫ બોલમાં ૧૫૭ રનઃ મુંબઈએ ગોવાને ૪૪૫ રનનો ટાર્ગેટ આપ્યો

### સરફરાઝના ભાઈ મુશીર ખાને પણ ગોવા સામેની મેચમાં ૬૦ રનની ઈનિંગ રમીઃ સરફરાઝ ખાને પોતાની ૧૫૭ રનની ઈનિંગમાં ૧૨૦ રન તો ચોગ્ગા અને છગ્ગાની મદદથી જ બનાવ્યાં



**અબતક, નવી દિલ્હી**

વિજય હજારે ટ્રોફીની વર્તમાન સીઝનમાં ચોથા રાઉન્ડની મેચ રમાઈ રહી છે. આ રાઉન્ડમાં ૩૮ ટીમ ૧૯ મેચમાં અલગ-અલગ મેદાનો પર આમને-સામને છે. ગ્રુપ-સીમાં મુંબઈનો મુકાબલો ગોવા સામે થઈ રહ્યો છે. જયપુરમાં મુંબઈએ ગોવાને ૪૪૫ રનનો ટાર્ગેટ આપ્યો છે.

સરફરાઝ ખાને પોતાની ૧૫૭ રનની ઈનિંગમાં ૧૨૦ રન તો ચોગ્ગા અને છગ્ગાની મદદથી જ બનાવી દીધા. સરફરાઝ ખાનનું તાજેતરનું ફોર્મ શાનદાર રહ્યું છે. તે ઘરેલુ ક્રિકેટમાં સતત રન બનાવી રહ્યો છે. અત્યાર સુધીમાં તેણે વિજય હજારે ટ્રોફીની ચાર મેચોની ત્રણ ઈનિંગમાં એક ફિફટી અને એક સદી ફટકારી છે.

સરફરાઝ ખાને ૭૫ બોલમાં ૧૫૭ રનની ઈનિંગ રમી. આ ઈનિંગમાં ૯ ચોગ્ગા અને ૧૪ છગ્ગા લગાવ્યા. હાર્દિક તામોરે ૫૩ અને મુશીર ખાને ૬૦ રન બનાવ્યા.

ઓપનર યશસ્વી જયસ્વાલે ૪૬ રનનું યોગદાન આપ્યું. દર્શને ૩ વિકેટ ઝડપી. વી કૌશિક અને લલિત યાદવે ૨-૨ વિકેટ લીધી.

પાછલી ઈનિંગ્સમાં અડધી સદી ફટકાર્યા બાદ, સરફરાઝ ખાને આ મેચમાં પણ પોતાની પ્રભાવશાળી બેટિંગ ચાલુ રાખી, માત્ર ૫૬ બોલમાં સદી ફટકારી. ગોવા સામે મુંબઈનો સ્કોર ૪૦ ઓવર પછી ૫ વિકેટે ૩૦૯ રન છે.

### કાશ્મીર ૬૪માં ઓલઆઉટઃ બંગાળે ૯ વિકેટે મેચ જીતી

સીઝનની પોતાની ચોથી મેચમાં બંગાળે જમ્મુ અને કાશ્મીરને ૯ વિકેટે હરાવ્યું. જમ્મુ અને કાશ્મીરે ૬૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો, જે બંગાળે ૧૦મી ઓવરમાં ચેઝ કરી લીધો. જમ્મુ અને કાશ્મીર બંગાળ સામે માત્ર ૬૩ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. આ લિસ્ટ એ ક્રિકેટમાં જમ્મુ અને કાશ્મીરનો સૌથી ઓછો સ્કોર છે. તેમનો અગાઉનો સૌથી ઓછો સ્કોર ૨૦૧૫માં અલુરમાં હરિયાણા સામે ૭૫ રન હતો. બંગાળ માટે મુકેશ કુમાર અને આકાશ દીપે ચાર-ચાર વિકેટ લીધી હતી. મોહમ્મદ શમીએ બે વિકેટ લીધી હતી.

### ચિરાગ જાની અને રુચિત આહીરની ફિફટીઃ સૌરાષ્ટ્રે ૨૫૪ રન બનાવ્યા

વિજય હજારે ટ્રોફીની વર્તમાન સીઝનમાં ચોથા રાઉન્ડની મેચ રમાઈ રહી છે. આ રાઉન્ડમાં ૩૮ ટીમ ૧૯ મેચમાં અલગ-અલગ મેદાનો પર આમને-સામને છે.જેમાં સૌરાષ્ટ્ર અને આંધ્રપ્રદેશના મેચમાં નિર્ધારિત ૫૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવી સૌરાષ્ટ્રે ૨૫૪ રન બનાવ્યા છે. હાર્વિક દેસાઈ ૬૧, ચિરાગ જાનીએ ૬૯ અને રુચિત આહીરે મહત્વપૂર્ણ ૭૬ રનની ઈનિંગ રમી હતી.

### બરોડાએ હૈદરાબાદને ૪૧૮ રનનો ટાર્ગેટ આપ્યોઃ કૃણાલ પંડ્યા, નિત્ય અને પાસીની સદી



રાજકોટમાં ચાલી રહેલી મેચમાં બરોડાએ હૈદરાબાદને ૫૦ ઓવરમાં ૪૧૮ રનનો ટાર્ગેટ આપ્યો. ટીમના ટોચના ત્રણ બેટર્સે સદી ફટકારી. નિત્ય જે પંડ્યાએ ૧૨૨, એએસ પાસીએ ૧૨૭ અને કૃણાલ પંડ્યાએ ૧૦૯ રન બનાવી અણનમ રહ્યા. ભાનુ પુનિયાએ અણનમ ૪૨ રન બનાવ્યા. સીવી મિલિંદે બે વિકેટ લીધી.

### સિક્કિમને જીતવા ૩૫૬ રન બનાવવા પડશે

જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે છત્તીસગઢે સિક્કિમને ૩૫૬ રનનો ટાર્ગેટ આપ્યો. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા ટીમે ૫૦ ઓવરમાં ૩ વિકેટે ૩૫૫ રન બનાવ્યા. વિકલ્પ તિવારીએ ૧૧૨ રનની સદી ફટકારી, જ્યારે અમનદીપ ખરેએ અણનમ ૮૩ અને આયુષ પાંડેએ ૮૬ રન બનાવ્યા. અભિષેક, એમડી સપતુલા અને અંકુરે એક-એક વિકેટ લીધી.

### પડીકલની ત્રીજી સદીઃ કર્ણાટકે ૩૬૩ રન બનાવ્યા

દેવદત્ત પડિકલે પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખ્યું, ચાર મેચમાં પોતાની ત્રીજી સદી ફટકારી. મયંક અગ્રવાલે પણ સીઝનની પોતાની પહેલી સદી પૂરી કરી.૫૦ ઓવર પછી, કર્ણાટકનો સ્કોર ૪ વિકેટે ૩૬૩ રન છે, અને પુડુચેરી દબાણ હેઠળ હોય તેવું લાગે છે અને જીત માટે ૩૬૪ રન બનાવવા પડશે.

# અંતિમ ટી-૨૦માં ભારતના રોમાંચક વિજય સાથે શ્રીલંકાનું "બ્લેક વોશ"



### કેપ્ટન હરમનપ્રીત કૌરની ૬૮ રનની આક્રમક ઈનિંગ્સ બાદ બોલર્સના શાનદાર પ્રદર્શનથી અંતિમ ટી-૨૦ મેચમાં શ્રીલંકા સામે ૧૫ રને વિજય

**અબતક, નવી દિલ્હી**

કેપ્ટન હરમનપ્રીત કૌરની ૬૮ રનની આક્રમક ઈનિંગ્સ બાદ બોલર્સે કરેલા શાનદાર પ્રદર્શનની મદદથી ભારતીય મહિલા ક્રિકેટ ટીમે પાંચમી અને અંતિમ ટી૨૦ મેચમાં શ્રીલંકા સામે૧૫ રને વિજય નોંધાવ્યો હતો.

આ વિજય સાથે જ ભારતીય ટીમે શ્રીલંકાનો વ્હાઈટ વોશ કર્યો હતો અને પાંચ મેચની સીરિઝ ૫-૦થી પોતાના નામે કરી હતી. ભારતે આપેલા ૧૭૬ રનના લક્ષ્યાંકના જવાબમાં હસિની પરેરા અને ઈમેશા દુલાનીએ લડાયક અડધી સદી ફટકારી પરંતુ અન્ય બેટર્સ નિષ્ફળ રહેવાના કારણે શ્રીલંકાને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. શ્રીલંકન ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૬૦ રન નોંધાવી શકી હતી. આ મેચમાં એક વિકેટ ઝડપવાની સાથે દીપ્તિ શર્મા ટી૨૦માં સૌથી વધુ વિકેટ ઝડપનારી બોલર બની હતી. ભારતે આપેલા ૧૭૬ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાનમાં ઉતરેલી શ્રીલંકન ટીમની શરૂઆત ખરાબ રહી હતી અને ટીમે સાત રનના સ્કોર પર કેપ્ટન ચમારી અટાપટ્ટુની વિકેટ ગુમાવી દીધી હતી.

જોકે, બાદમાં ઓપનર હસિની પરેરા અને ઈમેશા દુલાનીએ શાનદાર બેટિંગ કરી હતી અને ૭૯ રનની ભાગીદારી નોંધાવી હતી. જોકે, આ જોડી તૂટ્યા બાદ શ્રીલંકાનું વિકેટ પતન થયું હતું. ઈમેશા ૩૯ બોલમાં આઠ ચોગ્ગાની મદદથી ૫૦ રન નોંધાવીને આઉટ થઈ હતી.હસિની પરેરાએ એક છેડો જાળવી રાખવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સામે છેડે વિકેટો પડી રહી હતી. નિલાક્ષિકા સિલ્વા ત્રણ અને કાવિશા દિલહારી પાંચ રન નોંધાવીને પેવેલિયન પરત ફરી હતી. અંતે શ્રી ચરણીએ હસિનીને આઉટ કરીને શ્રીલંકાને મોટો ઝટકો આપ્યો હતો. તેણે ૪૨ બોલમાં ૬૫ રન ફટકાર્યા હતા જેમાં આઠ ચોગ્ગા અને એક સિક્સર સામેલ હતી. ત્યારબાદ હર્ષિતા સમારાવિક્રમા આઠ તથા કૌશાની નુત્યાંગના એક રન નોંધાવીને આઉટ થઈ હતી.



(અનું.આઠમાં પાને)

## દિપ્તી શર્મા આઈસીસી ક્રમાંકમાં મોખરાની બોલર યથાવત



આઈસીસીએ જારી કરેલા ક્રમાંકમાં અનુભવી સ્પિનર દિપ્તી શર્માએ તેનો મોખરાનો ક્રમાંક જાળવી રાખ્યો હતો તો ઓપનિંગ બેટર શેફાલી વર્મા અને ઝડપી બોલર રેણુકા સિંઘ ઠાકુરે પોતપોતાના ક્રમાંકમાં આગેકૂચ કરી હતી.અગાઉ વિશ્વક્રમાંકમાં મોખરાના ક્રમે રહી ચૂકેલી શેફાલી વર્માએ છ ક્રમની છલાંગ લગાવી હતી. તેણે તાજેતરમાં શ્રીલંકા વિમેન્સ સામેની ટી૨૦ મેચમાં અડધી સદી ફટકારી હતી. બે દિવસ અગાઉ રમાયેલી મેચમાં તેણે આક્રમક બેટિંગ કરીને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ હાંસલ કર્યો હતો.ભારતીય વિમેન્સ ટીમની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ચોથી ટી૨૦ મેચમાં ૮૦ રન ફટકારીને પોતાનું ફોર્મ પરત મેળવ્યું હતું. હાલમાં આઈસીસી ક્રમાંકમાં તેણે પોતાનો ત્રીજો ક્રમાંક જાળવી રાખ્યો છે. જ્યારે ટીમની અન્ય બેટર જેમિમાહ રોડ્રિગ્સ દસમા ક્રમે છે.

## પાકિસ્તાન ટીમના કોચ પદેથી અઝહર મહેમૂદની હકાલપટ્ટી

### કરારના ત્રણ મહિના અગાઉ જ પીસીબીએ કોચ સાથે છેડો ફાડ્યો

**અબતક, નવી દિલ્હી**



પકિસ્તાન ક્રિકેટમાં ફરી એક વાર વિવાદ પેદા થયો છે કેમ કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (પીસીબી) તેની નેશનલ ટીમના ચીફ કોચ અઝહર મહેમૂદને તેની મુજપ પૂરી થયાના ત્રણ મહિના અગાઉથી જ કરાર પૂરો કરીને હકાલપટ્ટી કરી દીધી છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.ભૂતપૂર્વ ટેસ્ટ ઓલ રાઉન્ડર અઝહર મહમૂદનો કરાર માર્ચ ૨૦૨૬ સુધીનો હતો પરંતુ તેને વહેલી મુક્તિ આપી દેવામાં આવી છે. પાકિસ્તાનનો આગામી ટેસ્ટ કાર્યકાળ માર્ચ ૨૦૨૬ સુધીનો નથી.અઝહરનો કરાર માર્ચમાં સમાપ્ત થઈ રહ્યો હોવાથી અને પાકિસ્તાનનો ટેસ્ટ કાર્યકાળ માર્ચ ૨૦૨૬થી શરૂ થઈ રહ્યો હોવાથી બોર્ડ માટે નવા ચીફ કોચ માટે અગાઉથી આયોજન શરૂ કરવું શ્રેષ્ઠ રહેશે તેમ પીસીબીના નજીકના સૂત્રોએ જણાવ્યું હતું.છેલ્લા કેટલાક વર્ષોમાં રાષ્ટ્રીય ટીમમાં વિવિધ હોદ્દાઓ સંભાળી ચૂકેલા અઝહર મહમૂદનો બોર્ડ સાથે બે વર્ષનો કરાર હતો. ગયા વર્ષે તેને ટેસ્ટ ટીમના ચીફ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો.પીસીબીએ હવે ટેસ્ટ ટીમના નવા મુખ્ય કોચની શોધ શરૂ કરી છે અને સપોર્ટ સ્ટાફમાં પણ ફેરફાર થઈ શકે છે.આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં પાકિસ્તાન પોતાની નવી સાઈકલ માર્ચ ૨૦૨૬માં બાંગ્લાદેશના પ્રવાસથી શરૂ કરશે. ત્યાર બાદ જુલાઈમાં ટીમ વેસ્ટ ઈન્ડિઝ અને ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ઈંગ્લેન્ડનો પ્રવાસ કરનારી છે.નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૬ અને માર્ચ ૨૦૨૭માં પાકિસ્તાનની ટીમ ઘરઆંગણે શ્રીલંકા અને ન્યુઝીલેન્ડ સામે રમશે.સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આઈસીસી વર્લ્ડ કપ દ મોહમ્મદ વસિમનો કરાર રિન્યૂ ન થયો હોવાથી પીસીબી હવે નેશનલ વિમેન્સ ટીમ માટે પણ મુખ્ય કોચની શોધમાં છે.

## એશિઝઃ એટકિન્સન અંતિમ ટેસ્ટમાંથી આઉટ

### ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચમી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ રવિવારથી શરૂ

**અબતક, નવી દિલ્હી**

એશિઝ સિરીઝમાં મેલબોર્ન ખાતે શાનદાર પ્રદર્શન કરીને ચોથી ટેસ્ટ જીતવાની સાથે વ્હાઈટવોશ અટકાવનારી પ્રવાસી ઈંગ્લેન્ડને મોટો ફટકો પડ્યો હતો કેમ કે તેનો આધારભૂત ઝડપી બોલર ગસ એટકિન્સન હેમસ્ટ્રિંગની ઈજાને કારણે પાંચમી ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચમી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ ચૌથી જાન્યુઆરીથી સિડની ખાતે શરૂ થઈ રહી છે. બોક્સિંગ ડે ટેસ્ટના બીજા દિવસે સવારે એટકિન્સન ઘાયલ લંગડા થઈ ગયો હતો અને સોમવારે સ્કેન દ્વારા તેના ડાબા પગમાં ઈજાની પુષ્ટિ થયા બાદ તેને સત્તાવાર રીતે બહાર કરવામાં આવ્યો હતો.ઈંગ્લેન્ડે આ સિરીઝ દરમિયાન સ્ટાર ઝડપી બોલર માર્ક વૂડ (ઘૂંટણ) અને જોફ્રા આર્ચર (સાઈડ સ્ટ્રેન)ની સેવા ગુમાવી દીધી છે. ૨૭ વર્ષીય મેથ્યુ પોટ્સ ચોથી જાન્યુઆરીથી શરૂ થનારી પાંચમી ટેસ્ટ માટે ટીમમાં આવે તેવી અપેક્ષા છે અને બ્રાયડન કાર્સે અને જોશ ટોંગ સાથે આક્રમણમાં જોડાય તેવી શક્યતા છે. કાર્સે હવે પર્થમાં મેદાનમાં ઉતરેલા મૂળ ચારમાંથી એક માત્ર પેસ બોલર છે જે ઓસ્ટ્રેલિયાની આક્રમક બેટિંગ હરોળને તોડવાની ક્ષમતા ધરાવે છે. જોકે આમ છતાં ઈંગ્લેન્ડ પ્રથમ ત્રણ ટેસ્ટ આસાનીથી હારી ગયું હતું.એટકિન્સન પર્થ અને એડિલેડમાં રમાયેલી પ્રથમ બે ટેસ્ટમાં આઠ વિકેટથી ભારે પરાજયનો સામનો કરનારી ટીમમાં રમ્યો હતો. પરંતુ ત્રીજી ટેસ્ટમાં જોશ ટોંગ માટે તેને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો. મેલબોર્ન ટેસ્ટ માટે ઈજાગ્રસ્ત જોફરા આર્ચરને સ્થાને તેને પાછો બોલાવવામાં આવ્યો હતો, જે ૨૦૧૧ પછી ઓસ્ટ્રેલિયામાં ઈંગ્લેન્ડની પહેલી જીત હતી અને તેણે ૪૭.૩૩ ની સરેરાશથી છ વિકેટ લઈને સિરીઝમાં પુનરાગમન કર્યું હતું. કેપ્ટન બેન સ્ટોક્સ અને સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડર વિલ જેક્સ પણ બોલિંગ વિકલ્પો તરીકે ઉપલબ્ધ રહેશે જ્યારે હકીકત એ છે કે નિષ્ણાત સ્પિનર શોએબ બશીર હજી સુધી સિરીઝમાં એકેય મેચ રમ્યો નથી.

# સૌ.યુનિ.ની આંતર કોલેજ હેન્ડબોલ સ્પર્ધામાં જે.જે કુંડલીયા અને જસાણી કોલેજ અવ્વલ

### આંતર કોલેજ હેન્ડબોલ ભાઈઓ-બહેનોની સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્નઃ જયપુર મુકામે યોજાનાર વેસ્ટ ઝોન સ્પર્ધામાં ભાઈઓની ટીમ સીધી ક્વોલીફાઈડ મેચ રમવા જશે







**વિજેતા કોલેજ**

**ભાઈઓની સ્પર્ધામાં**

૧) જે.જે. કુંડલિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજે ચેમ્પિયનશિપ
૨) શારીરિક શિક્ષણ ભવન રનર-અપ
૩) હરિવંદના કોલેજે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

**બહેનોની સ્પર્ધામાં**

૧) જસાણી કોલેજ ચેમ્પિયન
૩) હિરપરા મહિલા કોલેજ, જેતપુર રનર-અપ
૩) શારીરિક શિક્ષણ ભવને ત્રીજો ક્રમ મેળવ્યો

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શારીરિક શિક્ષણ વિભાગ તથા જી.એચ. ગોસરાણી કોલેજ, જામનગરના સંયુકત આયોજન હેઠળ આંતર કોલેજ હેન્ડબોલ ભાઈઓ તથા બહેનોની સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના મોટી સંખ્યામાં ખેલાડી ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્પર્ધાના ઉદઘાટન કાર્યક્રમમાં ગોસરાણી કોલેજના ડાયરેક્ટર, એચ.ઓ.ડી. અજયભાઈ, ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો હરીશ રાબા બહેનો સ્પર્ધાનો ઓબ્ઝર્વક ડોક્ટર એચ આર ભાલીયા કોલેજના શારીરિક શિક્ષણના અધ્યાપક ડો. પ્રભાશુ અવસ્થિ તથા સૌરાષ્ટ્ર સહિત મોટી સંખ્યામાં શારીરિક શિક્ષણના અધ્યાપક, અધિકારીઓ અને ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ આંતર કોલેજ સ્પર્ધામાંથી પસંદગી પામેલા શ્રેષ્ઠ ખેલાડીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હેન્ડબોલ ભાઈઓ તથા બહેનોની ટીમ તરફથી આગામી વેસ્ટ ઝોન સ્પર્ધામાં ભાગ લેવા જશે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વેસ્ટ ઝોન બહેનોની હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. તેમજ ગયા વર્ષે વેસ્ટ ઝોન ભાઈઓની સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમ ચેમ્પિયન રહી હોવાથી આ વર્ષે જયપુર મુકામે યોજાનાર વેસ્ટ ઝોન સ્પર્ધામાં ભાઈઓની ટીમ સીધી ક્વોલીફાઈડ મેચ રમવા માટે જનાર છે.

સમગ્ર સ્પર્ધાનું આયોજન, વ્યવસ્થા અને સંચાલન જી.એચ. ગોસરાણી કોલેજ, જામનગર દ્વારા અત્યંત સુચારુ, શિસ્તબદ્ધ અને પ્રશંસનીય રીતે કરવામાં આવતા ખેલાડીઓ તથા ઉપસ્થિત મહેમાનો દ્વારા આયોજકોની વિશેષ પ્રશંસા કરવામાં આવી હતી.

# ઓસ્ટ્રેલિયાની હોસ્પિટલમાં નોકરી અપાવી દેવાના નામે તબીબ સાથે રૂ.૫૧ લાખની છેતરપિંડી

## ઓસ્ટ્રેલિયાની રોયલ એડિલેડ હોસ્પિટલમાં મેડિકલ રિસર્ચ આસિસ્ટન્ટ માટે મેડિકલ કાઉન્સિલની પરીક્ષા પાસ મેયર બાદ વોટ્સઅપ ગ્રુપમાં આવેલી જાહેરાત જોઈ યુવા તબીબ ફસાયા

**અબતક, રાજકોટ**

ઓસ્ટ્રેલિયાની હોસ્પિટલમાં નોકરી અપાવી દેવાના નામે રાજકોટના યુવા તબીબ સાથે રૂ.૫૧ લાખની છેતરપિંડી આચરી લેવાઈ હતી. યુવા તબીબે ઓસ્ટેલીયાની રોયલ એડીલેડ હોસ્પિટલમાં મેડીકલ રિસર્ચ આસીસ્ટંટ માટે મેડિકલ કાઉન્સિલની પરીક્ષા પાસ કરેલ અને બાદમાં વોટ્સએપ ગ્રુપમાં આવેલ એક એડના આધારે તબીબ ફસાયા હતાં. જે મામલે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રાજકોટમાં અટલ સરોવરની સામે સનરાઈઝ પાર્કમાં રહેતાં ચિન્મયભાઈ પ્રકાશભાઈ ત્રિવેદી (ઉ.વ.૨૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અલગ અલગ મોબાઈલ નંબર ધારક, ઈમેઈલ આઈડી અને બેંક એકાઉન્ટ ધારકના નામ આપતાં સાયબર ક્રાઈમ પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓએ ગાંધીનગર મેડિકલ કોલેજમાં એમબીબીએસનો અભ્યાસ કરેલ છે. હાલ ઘર બેઠા 'એએમસી બાઈ ડો.ગુપ્તા' નામથી ઓનલાઈન એએમસી પરીક્ષાના કલાસીસ કરાવે છે. તેઓને આગળ નોકરી મારે ઓસ્ટેલીયા ખાતે રહેલ રોયલ એડીલેડ હોસ્પિટલમાં મેડીકલ રિસર્ચ આસીસ્ટંટ માટે જવાનુ હોવાથી ત્યાની મેડિકલ કાઉન્સિલ નામની પરીક્ષા આપેલ ત્યારબાદ તે પરીક્ષામા પાસ થયેલ અને તે બધા વિદ્યાર્થીનું એક એએમસી ઓસ્ટ્રેલિયા ૨૦૨૫ ડ્રિમ કમ ટ્રુ નામનુ વ્હોટ્સઅપ ગ્રુપ બનાવવા આવ્યુ હતુ. ત્યારબાદ આ ગ્રુપમા ઓકટોમ્બર રોયલ એડીલડ હોસ્પિટલમાં જોબ માટે એક એડવર્ટાઈઝમેન્ટ આવેલ જે એડવર્ટાઈઝમેન્ટ મોબાઈલ નંબર +૨૩૭૬૫૩૩૬૦૧૩૩ ના દ્વારા ગ્રુપમાં મુકવામા આવ્યો હતો.

જે મેસેજમા અલગ અલગ પોસ્ટ માટેની વેકેન્સી હતી અને જે વ્યકતીને તેમા એપ્લાય કરવું હોય તો તે એડવર્ટાઈઝમેન્ટમાં આપેલ ડો. જોસુઆનો કોન્ટેક કરવાનુ કહેલ હતુ. જેથી તેને મે આપેલ મો. નંબર પર કોન્ટેક કરેલ અને તે હોસ્પીટલ વિશે બધી માહીતી આપવામાં આવેલ ત્યારબાદ તેઓએ જણાવેલ મુજબ સી.વી., ડીગ્રી સર્ટીફીકેટ, ઈન્ટર્નશીપ સર્ટીફીકેટ, આઈઈએલટીએસ સર્ટીફીકેટ, પાસપોર્ટ પોલીસ સર્ટીફીકેટ જેવા તમામ ડોક્યુમેટ મોકલેલ ત્યારે ડોક્યુમેંટલ ફી તરીકે ૨૧૦૦ ઓસ્ટ્રેલીયન ડોલર (અંદાજે રૂ. ૧.૨૦ લાખ) તેમને આપેલ એકાઉન્ટ નંબર પર ટ્રાંસફર કરેલ હતાં.

ત્યારબાદ તેઓએ ઓફર લેટર મોકલેલ જેમા જોબ વિષેની માહીતી આપેલ હતી. જેવી કે, જોબ નેમ, સેલેરી, જોબ સ્ટાર્ટ ડેટ, ફી વગેરે જેવી બાબતોનો સમાવેશ થયેલ હતો. તેમજ ઓફર લેટરમાં જણાવેલ મુજબની તમામ ફી તમારે અત્યારે ચુકવવી પડશે જેથી તેમા દર્શાવેલ તમામ પ્રકારની ફી પેટે કુલ ૨૮,૪૦૦ ઓસ્ટ્રેલીયન ડોલર (અંદાજે રૂ. ૧૬.૫૦ લાખ) તેઓએ આપેલ અલગ અલગ બેંક એકાઉન્ટમાં ટ્રાંસફર કરેલ, ત્યારબાદ તે હોસ્પિટલના ઈ-મેઈલ આઈડીમાથી એક મેઈલ આવેલ જેમા તેઓએ જણાવેલ કે, તમારી નોકરીની સીટ કન્ફર્મ થઈ ગયેલ છે.

તેમાં જણાવેલ કે, પ્લાનિંગ બફર અને એપ્લિકેશન માટે કુલ ઓસ્ટ્રેલીયન ડોલર ૧૨,૮૭૯ (અંદાજે રૂ. ૭.૫૦ લાખ) પે કરવા પડશે કહેતાં તે રકમ ટ્રાન્સફર કરેલ હતી. યુવાન તબીબની વાત ત્યાંના ડો. જોસુઆ અને ડો. એસધર સાથે થતી હતી. ડો. જોસુઆએ ઓસ્ટ્રેલીયાના વીઝા માટે ત્યાંના એક વીઝા એજન્ટ ડેનિયલના મોબાઈલ નંબર આપી કહેલ કે, તમે તેઓની જોડે વાત કરજો જે તમારા વીઝા બનાવવામા મદદરૂપ થશે. ત્યારબાદ તે વીઝા એજન્ટનો કોન્ટેક કરેલ તો જણાવેલ કે, સૌ-પ્રથમ તમારે ઓસ્ટ્રેલીયાની કોઈ પણ બેંકમાં ખાતુ ખોલાવુ પડશે જેથી ત્યાં રહેલ તબીબના ડોક્યુમેન્ટ પરથી ત્યાની બેંકમાં એકાઉંટ ઓપન કરેલ હતું.

ઉપરાંત જણાવેલ કે, વીઝા માટે બેંક વેરીફીકેશન માટે તમારે આ એકાઉન્ટમા મીનીમમ બેલેંસ રાખવુ પડે જેથી તે એકાઉન્ટમા કુલ ૪૧,૦૦૦ ઓસ્ટ્રેલીયન ડોલર (અંદાજે રૂ. ૨૪ લાખ) રાખવાના થશે તેમ વાત કરતાં તે રકમ તેના એકાઉન્ટોમાં ટ્રાસફર કરેલ હતી. ત્યારબાદ તેઓએ તે બેંકની મોબાઈલ એપમાંથી તબીબના એકાઉન્ટમાં રહેલ બેલેન્સનો સ્ક્રીનશોર્ટ મોકલેલ અને જણાવેલ કે, તમે આપેલ બધી રકમ તેમા જમા કરાવી દીધેલ છે. ત્યારબાદ તબીબે બેંક એકાઉન્ટની માહીતી લેવા તે બેંકના મોબાઈલ નંબર તથા ઈમેઈલ દ્વારા કોન્ટેક કરતા તેઓએ જણાવેલ કે, તમારા નામનુ કે આપેલ એકાઉંટ નંબરથી અહીં કોઈ એકાઉન્ટ ઓપન થયેલ નથી.

ત્યારબાદ રોયલ એડીલેડ હોસ્પિટલનો કોન્ટેક કરેલ અને તેઓએ પણ જણાવેલ કે, તે એજન્ટ ફ્રોડ છે, જેથી અજાણ્યા શખ્સોએ ઓસ્ટ્રેલિયાની હોસ્પિટલમાં નોકરીમાં લગાવવાના નામે કુલ રૂ.૫૦.૭૫ લાખનું ફ્રોડ આચરી રૂપીયા પડાવી લેતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી પીઆઈ એસ.ડી.ગિલવા અને ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

### અલગ અલગ ફી, પ્રોસેસિંગ ચાર્જ સહિતના નામે કટકે કટકે નાણાં ખંખેરી લેવાયા: બાદમાં હોસ્પિટલનો સંપર્ક કરતા ઠગાઈનો ભોગ બન્યાનું ખુલ્યું, સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાતો ગુનો

### +૬૧ કોડ સાથેના મોબાઈલ નંબર પરથી ફોન આવે તો ચેતજો

રાજકોટના યુવા તબિયત સાથે ઓસ્ટ્રેલિયાની હોસ્પિટલમાં નોકરી આપવાના નામે રૂપિયા ૫૧ લાખની છેતરપિંડીનો બનાવ સામે આવતા ચકચાર મચી છે. ત્યારે જો તમને પણ મોબાઈલ નંબર +૬૧૨૭૨૦ ૨૦૬૯૩, + ૬૧૪૮૯૯ ૭૯૬૫૩, + ૬૧૪૮૦૮ ૦૬૬૩૧, + ૬૧૪૮૦૮૦૬૬૨૭ અથવા ઈમેઈલ આઈડી RAHhumanresource proton.me ઉપરથી કોઈ અજાણ્યા શખ્સો સંરર્ક કરે તો સચેત રહેવું.

# ગૌરીદડ જમીન પ્રકરણમાં રૂપિયા પડાવવા ખોટા આક્ષેપો સાથે રજુઆત કર્યાનો દાવો

### પુરેપુરા પૈસા ચૂકવી જમીન ખરીદી હતી: પ્રાંત અધિકારીએ નોંધ પ્રમાણિત કરવા અંગેનો હુકમ કર્યો હોવાનો પણ ઉલ્લેખ

**અબતક, રાજકોટ**

ગૌરીદડમાં આવેલી જમીનના સોદામાં તલાટી મંત્રી અને જમીન ખરીદનાર સહિત ત્રણ વ્યક્તિઓએ ગેરરીતિ કરી હોવાના આક્ષેપ સાથે જમીનના મૂળ માલિક વ્યાસ પરિવાર દ્વારા ગઈકાલે પોલીસ કમિશનર કચેરીએ અરજી કરવામાં આવી હતી. દરમિયાન જમીન ખરીદનાર નથવાણી બંધુ અને તલાટીએ પોલીસ કમિશનર કચેરીમાં વળતી અરજી કરી છે. જેમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, તેમના દ્વારા જમીન માલિકને પૂરતી અવેજ ચૂકવી આ જમીન ખરીદી વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો છે. મદદનીશ કલેકટર રાજકોટ શહેર-૨ પ્રાંતની કોર્ટમાં આ તકરારી કેસ ચાલતા તેમણે દસ્તાવેજો ચેક કરી નોંધ પ્રમાણિત કરવા અંગેનો હુકમ કર્યો છે. તેમ છતાં વધુ પૈસા પડાવવા માટે આ અરજી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

રાજકોટમાં રહેતા અભિરામભાઈ ઘનશ્યામભાઈ નથવાણી, જયોતિનભાઈ ઘનશ્યામભાઈ નથવાણી તેમજ તત્કાલીન તલાટી રણછોડભાઈ અવચરભાઈ કકાસણીયા દ્વારા પોલીસ કમિશનરને કરેલી અરજીમાં જણાવ્યું હતું કે, તેમણે બકુલભાઈ મનસુખભાઈ વ્યાસ, દિલીપભાઈ વ્યાસ, રાજુભાઈ વ્યાસ, વંદનાબેન કિશોરભાઈ, અન્નપૂર્ણાબેન મનસુખલાલ, જાગૃતીબેન મનસુખલાલ, શિવસાગર વ્યાસ પાસેથી ગૌરીદળની ખેતીની જમીન તારીખ ૨૩/૯/૨૦૨૫ થી પૂરતો અવેજ ચૂકવી ખરીદ કરી છે.

ખેતીની જમીન ખરીદ્યા બાદ અવેજની પૂરી રકમ ચૂકવી દીધી હોવા છતાં વધુ રૂપિયા પડાવવાની લાલચમાં દાનત બગડતા રેવન્યુ રેકોર્ડની નોંધમાં તકરાર ઊભી કરવામાં આવી હતી. તકરારનો નિર્ણય મદદનીશ કલેકટર રાજકોટ શહેર-૨ પ્રાંતની કોર્ટમાં ચાલી જતા તારીખ ૨૪/૧૨/૨૦૨૫ ના મદદનીશ કલેકટરે અરજદારોએ રજૂ રાખેલા દસ્તાવેજી આધાર પુરાવો તથા ચેકથી રકમ ચૂકવી આપેલ છે તેના સ્ટેટમેન્ટ સહિતના પુરાવા માન્ય રાખી નોંધ પ્રમાણિત કરવા અંગેનો હુકમ કર્યો હતો અને અરજદારોના નામની રેવન્યુ રેકોર્ડમાં નોંધ પ્રમાણિત થતા બકુલભાઈ વ્યાસ અને તેના પરિવાર દ્વારા અરજદાર ઉપર ખોટી રીતે વધુ રૂપિયા પડાવવાની લાલચમાં આવી પોલીસ કમિશનર કચેરીમાં ખોટી ગેરરજૂઆતો સાથેની અરજી આપી હોવાનું અરજદારોએ જણાવ્યું હતું. જેથી બકુલભાઈ વ્યાસ તથા તેમના પરિવારની આ અરજી ફાઈલે કરવા અને ન્યાય આપવા રજૂઆત કરવામાં આવી છે.

# ચેક રિટર્નનાં કેસમાં લોન ધારક મનોજ શીંગાળાને ૬ માસની સજા

### દંડની રકમ ૬૦-દિવસમાં ન ચુકવે તો વધુ દોઢ માસની સજાનો હુકમ

**અબતક, રાજકોટ**

શહેરની વિશાખા ક્રેડીટ કો.ઓપ. સોસાયટી માંથી લીધેલી લોન નો હપ્તો ચૂકવવા આપેલો ચેક રીટર્નનાં કેસમાં લોન ધારક મનોજ શીંગાળા ને ૬ માસની સજા દંડ ફટકારતો અદાલતે હુકમ કર્યો છે.શહેર રહેતા મનોજભાઈ દેવજીભાઈ શીંગાળા એ સભાસદ દરજ્જે વિશાખા ક્રેડીટ કો. ઓપ. સોસાયટી માંથી લોન લીધી હતી જે લોન નો હપ્તો ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી રિટર્ન થતા ફાયદાકી જોગવાઈ મુજબ મંડળી દ્વારા નોટિસ પાઠવવામાં આવી છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફોજદારી ફરિયાદ કરી હતી જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ વિશાખા ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી. ના એડવોકેટ અનિરૂધ્ધ નથવાણીની દલીલો અને રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ તથા વડી અદાલતનાં ચુકાદાઓ ધ્યાને લઈ એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ જી.પી. ભોઈએ આરોપી મનોજ દેવજીભાઈ શીંગાળા ને ધી નેગો. ઈન્સ્ટ. એકટની કલમ-૧૩૮, ક્રિમીનલપ્રોસીજર કોડ ની કલમ-૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી ૬ માસની કેદ અને ચેક મુજબની રકમનો દંડ કરવામાં આવેલ અને જો દંડની રકમ ૬૦-દિવસમાં નો ચુકવે તો વધુ દોઢ માસની સજાનો હુકમ કરવામાં આવ્યો છે. દંડ ની રકમ ફરીયાદીને વળતર તરીકે આપવા હુકમ કરવામાં આવેલ છે.આ કેસમાં ફરીયાદી વતી એડવોકેટ તરીકે અનિરૂધ્ધ એ. નથવાણી, દિવ્યેશ એ. રૂડકિયા, દર્શિત બી. સોલંકી, દર્શિત સી. પાટડિયા તથા ધર્મીલ વી. પોપટ રોકાયેલ હતા.

# મિતુલ ક્યાં છે? કહી નવાગામમાં યુવાન પર લાકડી-પાઈપ વડે હુમલો

### ચાર શખ્સોએ માર મારી ખૂનની ધમકી આપી : કુવાડવા રોડ પોલીસ મથકમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

નવાગામમાં રહેતો યુવાન રાત્રીના પાનની દુકાને મિત્રો સાથે બેઠો હતો. ત્યારે બે બાઈકમાં આવેલા ચાર શખસોએ મિતુલ ક્યાં છે? તેમ પૂછી લોખંડના પાઈપ અને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે યુવાને ચારેય વિરુદ્ધ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

બંગડી કટીંગનું કામ કરતા જયેશભાઈ રાજુભાઈ સનુરા(ઉ.વ ૧૯)(રહે બાલમંદિર પાસે મામાવાળી, પટેલ વિહાર પાછળ રંગીલા નવાગામ) એ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગોપાલ મુંધવા (રહે લાલપરી ગ્રીનલેન્ડ ચોકડી, રાજકોટ), કિશન સાનિયા,ધમો કોળી (બન્નેરહે નવાગામ પંચાયત વાળી શેરી રાજકોટ) અને અજાણ્યા શખ્સનું નામ આપ્યું છે.

યુવકે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૫ ના રોજ તે નગાગામમાં રહેતા તેના મિત્ર કલમભાઈ ભુપતભાઈ સોલંકી, નિલેશભાઈ સોલંકી સાથે બાબુ ચુના કારખાના સામે રવિભાઈ કોળીની પાનની દુકાને રાત્રે સાડા દસ વાગ્યા આસપાસ બેઠા હતા ત્યારે ગોપાલ મુંધવા, કિશન સાનિયા,ધમો કોળી અને અન્ય અજાણ્યો શખસ ચારેય બે મોટરસાયકલ પર આવી આવી યુવકને ગોપાલ મુંધવાએ પૂછ્યું કે મિતુલ ક્યાં છે? એના જવાબમાં યુવકે કહ્યું કે, તેની મને ખબર નથી.જેથી ગોપાલે તેની પાસે રહેલ લાકડી યુવાનના ડાબા પગ પર મારી. કિશન સાનિયાએ લોખંડનો પાઈપ બીજા પગમાં માર્યો. તેમજ તેમની સાથે આવેલ શખસોએ ઢીકાપાટુનો માર માર્યો હતો. ચારેય શખસે યુવકને માર મારતા યુવક જીવ બચાવવા ત્યાંથી રંગીલા સોસાયટી તરફ ભાગી ગયો.એટલું જ નહીં ચારેય શખસોએ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.જેથી યુવકે ચારેય વિરુદ્ધ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# જામનગર રોડ પર સ્કોર્પીયો ચાલકે નજીવી બાબતે રીક્ષા ચાલકને લમધાર્યો

### કાર રિક્ષામાં અથડાતા ગાડી સરખી ચલાવવાનું કહેતા જ ઉશ્કેરાયેલા શખ્સે ઢીકાપાટુનો માર મારી ધમકી આપી

**અબતક, રાજકોટ**

જામનગર રોડ પર સ્કોર્પીયો રીક્ષામાં અથડાતા યુવકે ગાડી જોઈને ચલાવવાનું કહેતા સ્કોર્પિયોચાલક અને તેના મિત્રએ યુવક સાથે બોલાચાલી કરી, ગાળો ભાંડી, ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે યુવકે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

રીક્ષાચાલક રાજેશભાઈ ભરતભાઈ વાવેસા (ઉ વ ૩૫)(રહે શિવ શક્તિ સોસાયટી દ્વારકાધીશ પેટ્રોલ પંપ સામે, જામનગર રોડ)એ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં આરોપી તરીકે સંજય સોલંકી(રહે. પીપળીયા ગામ) અને સ્કોર્પીયો ચાલક(જીજે ૦૩ એનપી ન ૧૪૭૩)નું નામ આપ્યું છે.

યુવકે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૧ના રોજ સાંજના છ વાગ્યા આસપાસ રીક્ષા લઈ તેના ઘરે જતો હતો ત્યારે મનહરપુર દ્વારકાધીશ પેટ્રોલ પંપની સામે આવેલ મામા સાહેબના ખીજડા પાસે પહોંચતા સ્કોર્પીયો ચાલકે સ્કોર્પીયો રિક્ષામાં અથડાવી હતી. યુવકે રિક્ષા સાઈડમાં રાખી સ્કોર્પિયો ચાલકને ગાડી જોઈને ચલાવવાનું કહેતા સ્કોર્પીયો ચાલક અને તેનો મિત્ર ગાડીમાંથી ઉતરીને યુવક પાસે આવી તને રીક્ષા ચલાવતા આવડતું નથી. તેમ કહી ઝઘડો કરી ગાળો ભાંડી ઢીકાપાટુનો મારમાર્યો હતો. લોકોનું ટોળું ભેગું થઈ જતા બંને ત્યાંથી નાસી ગયા હતા અને જતા જતા જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. બનાવ બાબતે યુવકે તેના મિત્ર નરેન્દ્રસિંહ ગોહિલને વાત કરતા સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. બાદમાં સોસાયટીમાંથી જાણવા મળ્યું કે, તેમની સાથે બોલાચાલી કરનાર શખસ સંજય સોલંકી છે. આથી યુવાને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં આ બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# મંથન સતાસીયા મહાઠગ નીકળ્યો : અનેક લોકોને છેતરી લીધાનું સામે આવ્યું, વધુ એક ગુનો નોંધાયો

### રેસિડેન્સીયલના બદલે કોમર્શિયલ સોલાર લગાવી સબસીડી ન અપાવી ઠગાઈ આચરી

### પીએમ સુર્ય ઘર યોજના અંતર્ગત રૂ.૧.૫૦ લાખમાં ૩.૨૫ કિલોવોટ સોલાર પેનલની રૂ.૭૮ હજાર સબસીડી મળશે કહીં લોકોને ફસાવતો: ત્રીજો ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રાધાકૃષ્ણ સોસાયટી શેરીમાં રહેતાં દિપકભાઈ અને અશોકભાઈ સહિતના શહેરીજનોને રેસિડેન્સીયલના બદલે કોમર્શિયલ સોલાર લગાવી સબસીડી ન અપાવી છેતરતાં બી. ડિવિઝન, આજીડેમ બાદ ભક્તિનગર પોલીસ મથકમાં પણ આરોપી મંથન સતાસીયા સામે ગુનો નોંધાયો છે.

બનાવ અંગે આહિર ચોક પાસે રાધાકૃષ્ણ સોસાયટી શેરી નં.૧ માં રહેતાં દિપકભાઈ રામભાઈ બારડ (ઉ.વ.૩૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મંથન દિનેશ સતાસીયા (રહે.બોરીચા ગામ, જામકંડોરણા) નું નામ આપતાં ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ચાંદીકામનો વેપાર ધંધો કરે છે. એકાદ વર્ષ પહેલા ઓળખીતા મનસુખભાઈ ત્રાપસીયાએ તેના ઘરે સોલાર પેનલ નખાવેલ અને તેને સબસીડી મંજુર થઈ ગયેલ હોય જેથી તેના મારફતે કોઠારીયા રોડ સાંઈબાબા સર્કલ પાસે શ્રી ઈલેક્ટ્રીકટ વાળા મંથન સતાસીયાનો સંપર્ક કરેલ અને ઘરે સોલાર પેનલ નખાવવાનું નક્કી કરેલ અને બીજા દિવસે મંથન ઘરે આવેલ અને વાત કરેલ કે, સરકારની પી.એમ. સુર્ય ઘર યોજના અંતર્ગત રૂ.૧.૫૦ લાખમાં ૩.૨૫ કિલો/વોટ સોલાર પેનલ ફીટ કરી આપીશ અને તેમા તમને રૂ.૭૮ હજાર સબસીડી મળશે. જે વાત કરતા સોલર પેનલ નાખવાનુ તેની સાથે નક્કી થયેલ અને મંથનના કહેવાથી સોલર પેનલ પેટે તેને રૂ.૧.૪૦ લાખનો બેન્ક ઓફ બરોડાનો ચેક તા.૧૦ ના એપેક્સ એન્ટરપ્રાઈઝ નામનો મંથન સતાસીયાને ચેક આપેલ હતો. એક મહિનામાં સોલાર પેનલ ફીટીંગ કરવાનું જણાવેલ હતું. બીજા દિવસે આ મંથનએ ચેકના નાંણા ઉપાડી લીધેલ હતા. છએક મહિના બાદ આ મંથન સતાસીયાએ ઘરે સોલાર પેનલ ફીટ કરેલ અને પીજીવીસીએલનું મીટર પણ ફિટીંગ થઈ ગયેલ જેના આશરે એકાદ મહીના બાદ પણ મંથનના કહેવા મુજબ રૂ.૭૮ હજાર સબસીડી બેન્ક ખાતામાં જમા થયેલ ન હતાં.

જેથી મંથનનો સંપર્ક કરતા સરખો જવાબ મળેલ નહી. ત્યારબાદ જવાહર સોસાયટીમાં રહેતાં અશોકભાઈ રાદડીયા સાથે સંપર્ક થયેલ અને જણાવેલ કે, મે પણ મંથનભાઈ પાસે પીએમ સુર્ય ઘર યોજના હેઠળ સોલર પેનલ ફીટ કરાવેલ અને રૂ.૧.૫૦ લાખ આપેલ છે. પરંતુ સબસીડીના રૂ.૭૮ હજાર જમા થયેલ નથી. બાદમાં તેઓએ પીજીવીસીએલની ઓફીસ ખાતે ગયેલ અને જાણવા મળેલ કે, આ મંથન સતાસીયાએ પીએમ સુર્ય ઘર યોજનાના ઓનલાઈન પોર્ટરમા માહીતી અપલોડ કરેલ નથી. જેથી સબસીડી મળવા પાત્ર નથી. જે બાદ મંથનને આ બાબતે ફોન કરી જાણ કરતા સરખો જવાબ આપેલ નહી. જેથી અન્ય સોલાર પેનેલ ફિટીંગનું કામ કરતા વ્યક્તિ સાથે વાત કરતા તેને સોલાર પેનલના સિરીયલ નંબર ચેક કરીને જણાવેલ કે, તમારી સોલાર પેનલની પ્લેટના સીરીયલ નંબર તથા બીલના સીરીયલ નંબર અલગ છે. તમોને રેસીડેન્શીયલની જગ્યાએ કોમર્શિયલ પેનલ ફીટ કરી આપેલ છે. અશોકભાઈને પણ કોમર્શીયલ પેનલ ફીટ કરેલ છે. જેથી સબસીડી મળવા પાત્ર નથી. જાણવા મળેલ કે, આ મંથનએ અન્ય લોકોને પણ આવી રીતે સોલર પેનલ ફીટીંગ કરી આપેલ પરંતુ કોઈને સબસીડી મળેલ નથી અને તે તેની દુકાન ખાલી કરી જતો રહેલ છે. જેથી આરોપીએ સબસીડી મળવા પાત્ર પીએમ સુર્ય ઘર યોજનાની સોલર પેનલ નાખવાનુ કહી વિશ્વાસમાં લઈ સબસીડી પાત્ર રેસીડેન્શીયલની જગ્યાએ કોમર્શીયલ પેનલ ફીટ કરી નાખી કુલ રૂ.૧.૫૬ લાખની છેતરપીંડી આચરતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગે ભક્તિનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયા બાદ પીએસઆઈ વિ. એલ.રાઠોડ અને ટીમે તેની શોધખોળ આદરી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપીએ શહેરના કુલ ૭ લોકો સાથે ઠગાઈ આચરી છે. જે મામલે અલગ અલગ પોલીસ મથકમાં ગુનો પણ નોંધાયેલ છે.

# ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ નીતિરાજસિંહ જાડેજાનું સન્માન

### વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ગણતરી કલાકોમા ગેગરેપ વિથ લૂંટનો ભેદ ઉકેલ્યો

**અબતક, રાજકોટ**

વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાયો હતો.ત્રણ અજાણ્યા ઈસમોએ સગીરાના મિત્રને પકડી રાખી સગીરા સામૂહિક શારીરિક અત્યાચાર કર્યો હતો. આરોપીઓ સગીરાનો મોબાઈલ ફોન લૂંટીને ફરાર થયા હતા.આ બનાવને ગંભીર પ્રકારનો ગુનો હોવાથી વડોદરા પોલીસની ટીમે ૪૮ કલાકમાં ૪ લાખ કોલ ટ્રેસ, ૪૫ કિમીમાં ૧૧૦૦ સીસીટીવી તપાસી ગણતરીના કલાકોમાં કેસ ઉકેલી ૩ આરોપીઓને શોધી કાઢ્યા હતા. લોધિકા તાલુકાના ઢોલરા ગામના વતની અને વર્ષ ૨૦૧૦ ની પીએસઆઈ તરીકે પસંદગી પામેલા નીતિરાજસિંહ જાડેજા દ્વારા પથમ પોસ્ટિંગ બીલખા ખાતે બાદ જુનાગઢ આર આર સેલ અને ભાવનગર એલસીબી ખાતે ફરજ બજાવી હતી. જ્યાં કરોડોના હીરાની લૂંટનો ભેદ ઉકેલયો હતો જેમાં તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વડોદરા ખાતે



સામુહિક દુષ્કર્મ અને લૂંટ જેવા ગંભીર બનાવનો ગણતરીના દિવસોમાં જ ભેદ ઉકેલ ત્રણ આરોપીને ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. ગુનાની ગંભીરતા ધ્યાને લઈ પોલીસે કરેલી ત્વરિત કામગીરીને રાજ્ય સરકારે બિરદાવી હતી. આ કેસમાં ઉત્કૃષ્ટ, નિષ્ઠાપૂર્ણ અને સાહસિક કામગીરી બદલ પ્રશંસનીય કામગીરી કરનાર નીતિરાજસિંહ જાડેજા સહિત ૧૬ પોલીસ કર્મચારી અને અધિકારીઓને રાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા જેને પગલે સમગ્ર ક્ષત્રિય પરિવાર અને પોલીસ બેડામાં ખુશી નો માહોલ છવાયો છે.

# રૂ.૧૭.૫૦ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો

**અબતક, રાજકોટ**

રાજકોટમાં પ્રોમિસરી નોટ લખી આપવા સાથે ઉછીના લીધેલા રૂા. ૧૭.૫૦ લાખ પરત કરવાનો ચેક રિટર્નના કેસમાં અદાલતે આરોપીનો નિર્દોષ છૂટકારો ફરમાવ્યો છે. આ કેસની હકીકત મુજબ, રાજકોટના રાજેશકુમાર જમનાદાસ મકવાણાએ જય આશાપુરા એન્ટરપ્રાઈઝના પ્રોપ્રાઈટર નરેન્દ્રસિંહ ભાવુભા જાડેજા પાસેથી કુલ રૂા. ૩૫ લાખ છીના લીધેલા અને તે અંગેની પ્રોમિસરી નોટ પણ કરી આપી હતી. ત્યારબાદ રાજેશભાઈએ રૂા. ૧૭.૫૦ લાખનો ચેક નરેન્દ્રસિંહને આપેલ હતો, જે ચેક બેંકમાંથી 'લખનારના ખાતામાં અપૂરતી રકમ'ની નોંધ સાથે પરત થયેલ. તે અંગે લીગલ નોટિસ છતાં રાજેશભાઈએ રકમ ભરપાઈ નહિ કરતા નરેન્દ્રસિંહે રાજકોટની અદાલતમાં નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરીયાદ દાખલ કરી હતી. આ કેસ ચાલવા ઉપર આવતા ફરીયાદીએ સોગંદ ઉપર જુબાની આપવા ઉપરાંત રાજેશભાઈએ લખી આપેલી પ્રોમિસરી નોટ, અસલ ચેક રિટર્ન મેમો, નોટીસ સહિતના દસ્તાવેજી પુરાવા રજુ કર્યા હતા. બાદમાં આરોપીના એડવોકેટ અશ્વીનભાઈ ગોસાઈએ ફરિયાદીની વિગતવારની ઉલટ તપાસ બાદ અદાલતમાં દલીલમાં જણાવેલ કે ફરીયાદી તેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શક્યા નથી તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાને રજૂ રાખીને તકરારી જે ચેક આરોપીએ ફરિયાદીને દેવા પેટે આપેલ હતો તેનો કોઈ પુરાવો આ કામમાં રજુ થયેલ નથી, તેમજ ફરીયાદીએ કરાવેલ પ્રોમિસરી નોટ મુજબ પણ આરોપીએ પરત આપવાની તારીખ પહેલા ચેક નાખી દીધેલ છે વગેરે દલીલો ધ્યાને લઈ કોર્ટે આરોપી રાજેશકુમાર જમનાદાસ મકવાણાને ચેક રિટર્નના કેસ માં નિર્દોષ છોડવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ પીયુષભાઈ શાહ, અશ્વીનભાઈ ગોસાઈ, કશ્યપ વિરેન્દ્રભાઈ ઠાકર, નીતેશભાઈ કથીરીયા, ચિત્રાંક વ્યાસ, નીવીદ પારેખ, રવિ મુલીયા, નેહાબેન વ્યાસ, બીનાબેન પટેલ, હર્ષીલભાઈ શાહ, ભાવીન રૂઘાણી, રાજુ ગોસ્વામી, સચીન ગોસ્વામી, રીનાબેન સરના રોકાયા હતા.

# દેશી દારૂનો વેંપલો કરતી બે મહિલાઓ રાજકોટમાંથી હદપાર

**અબતક, રાજકોટ**


દેશી દારૂનો વેંપલો કરતી બે મહિલાઓને રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી બે માસ માટે હદપાર કરી જૂનાગઢ અને જામનગર ખાતે મોકલી દેવાઈ હતી. જેની સાથે શાપર(વે.) પોલીસે આખા વર્ષ દરમિયાન કુલ આઠ શખ્સોને હદપાર કરાવ્યા હતા.

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બર અનુંસંધાને કાયદો અને વ્યવસ્થા ની સ્થિતિ જળવાઈ રહે તેના માટે જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા અસામાજિક પ્રવૃત્તિ કરતા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ડીવાયએસપી કે જી ઝાલાના માર્ગદર્શન હેઠળ શાપર(વે.) પોલીસ મથકના પીઆઈ આર બી રાણાએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહી પોતાના આર્થિક લાભ માટે દેશી દારૂના હાટડા શરૂ કરી પ્રજાજનોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પહોંચાડતી બે મહિલા બુટલેગર આલીબેન્ક દેવસુરભાઈ વાલા(ઉવ ૪૨ રહે. તળાવના કાંઠે, મફતિયાપરામાં, કોટડાસાંગાણી) અને ડિમ્પલબેન ધર્મેશભાઈ વાઘેલા (ઉવ ૩૫ રહે. કોઠારીયા સોલવંટ, ત્રણ માળીયા ક્વાર્ટર્સ, બ્લોક નં.-૩૩૩, ક્વાર્ટર નં.-૬૮, રાજકોટ) વિરુદ્ધ હદપારી દરખાસ્ત તૈયાર કરી હતી. જે દરખાસ્તને એસડીએમએ મંજુર કરતા બંને મહિલાઓને અટકાયતમાં લઈ રાજકોટ શહેર-જિલ્લામાંથી બે મહિના માટે હદપાર કરી આલીબેનને જૂનાગઢ અને ડિમ્પલબેનને જામનગર જિલ્લા ખાતે મોકલી દેવાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, શાપર(વે.) પોલીસ દ્વારા વર્ષ ૨૦૨૫ માં કુલ આઠ અસામાજિક તત્વોને હદપાર કરવામાં આવ્યા છે.

# અંગદાન મહાદાન / અમદાવાદની સિવિલે ગત વર્ષમાં ૫૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરીને ડંકો વગાડ્યો

## સરકારી હોસ્પિટલમાં ૬૦% દર્દીઓને આયુષ્માન કાર્ડ હેઠળ મળી મફત સારવાર



**અબતક, અમદાવાદ**

ગુજરાત આજે મેડિકલ ક્ષેત્રે દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં 'અંગદાન મહાદાન'ની ભાવના દરેક લોકો સુધી પહોંચી છે. તેમજ અંગદાન પ્રત્યે લોકોની જાગૃતિ પણ વધી છે. આ જનજાગૃતિનો સીધો લાભ જરૂરિયાતમંદ દર્દીઓને મળી રહ્યો છે, જેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ અમદાવાદ સિવિલ હોસ્પિટલની IKDRC સંસ્થાએ પૂરું પાડ્યું છે. સંસ્થાએ આ વર્ષે ૫૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટનો આંકડો પાર કરીને દેશની તમામ સરકારી હોસ્પિટલોમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. જે તબીબી જગતમાં એક ઐતિહાસિક સિદ્ધિ ગણાય છે.

ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સના નિષ્ણાતોના મતે, રાજ્યમાં કિડનીની બીમારીઓ ભયજનક રીતે વધી રહી છે. સૌથી ચોંકાવનારી વિગત એ છે કે કિડની ફેલ થનારા દર્દીઓમાં ૭૫% લોકો ૪૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો છે. ડો. પ્રાંજલ મોદીએ આ અંગે ચેતવણી આપતા જણાવ્યું છે કે, આધુનિક સમયની બેઠાડુ જીવનશૈલી, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને ખાનપાનની અનિયમિત આદતો યુવાનોની કિડની પર સીધો પ્રહાર કરી રહી છે.

વર્ષ ૨૦૨૪ માં જ્યાં ૪૪૩ કિડની ટ્રાન્સપ્લાન્ટ નોંધાયા હતા, ત્યાં વર્ષ ૨૦૨૫ ના અંત સુધીમાં આ આંકડો ૫૦૨ સુધી પહોંચવાનો અંદાજ છે. આ વર્ષે સૌથી વધુ ટ્રાન્સપ્લાન્ટ સરકારી હોસ્પિટલોમાં થયા છે, જે તબીબી માળખાની મજબૂતી અને દર્દીઓના વધતા વિશ્વાસનું પ્રતીક છે. કુલ ટ્રાન્સપ્લાન્ટમાં 30% કિસ્સામાં 'શબ દાતા'દ્વારા અંગો પ્રાપ્ત થયા છે, જેમાં અન્ય રાજ્યોના દર્દીઓને પણ જીવનદાન મળ્યું છે.

ટ્રાન્સપ્લાન્ટ જેવી મોંઘી સારવાર હવે સામાન્ય માણસની પહોંચમાં છે. ડેટા દર્શાવે છે કે આ વર્ષે થયેલા કુલ ટ્રાન્સપ્લાન્ટમાંથી ૬૦% જેટલા ઓપરેશન PM-JAY (આયુષ્માન કાર્ડ) યોજના હેઠળ વિનામૂલ્યે કરવામાં આવ્યા છે. આમ, આર્થિક સંકડામણ અનુભવતા પરિવારો માટે સરકારની આ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

તબીબી નિષ્ણાતોનું કહેવું છે કે કિડની રોગો પર કાબૂ મેળવવા માટે વહેલું નિદાન, નિયમિત કસરત અને સ્વચ્છ, પોષણયુક્ત આહાર અપનાવવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો લોકો આ આદતો રાખે, તો ડાયાલિસિસ કે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાની જરૂરિયાત ઘટી શકે છે. તેમ છતાં, અંગદાન દ્વારા કોઈની જીવનમાં ખુશી લાવી શકાય છે. આવી વિચારધારા અને સક્રિય જાગૃતિને કારણે ગુજરાત આજે મેડિકલ ક્ષેત્રમાં માટે ઉદાહરણરૂપ રાજ્ય બની ગયું છે.

અમદાવાદ સ્થિત 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસિઝિસ એન્ડ રિસર્ચ સેન્ટર'એ તબીબી ક્ષેત્રે એક અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરીને સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું છે. આ સંસ્થાએ દેશભરની તમામ પબ્લિક હોસ્પિટલોની શ્રેણીમાં પ્રથમ સ્થાન મેળવીને પોતાની એક આગવી અને મજબૂત ઓળખ પ્રસ્થાપિત કરી છે. કિડની ઈન્સ્ટિટ્યૂટની આ અવિરત સેવા અને શ્રેષ્ઠ કામગીરી આજે અંગ પ્રત્યારોપણની રાહ જોતા હજારો દર્દીઓ માટે આશાનું નવું કિરણ બનીને ઉભરી છે. અત્યાધુનિક સુવિધાઓ અને નિષ્ણાત

(અનુ. આઠમા પાને)

### કિડની ટ્રાન્સપ્લાન્ટ હાઈલાઈટ્સ

**કુલ ટ્રાન્સપ્લાન્ટ (૨૦૨૫): ૫૦૦ (૫ વર્ષમાં ૬૫% વધારો)**

- **જાતિ:** ૭૩% પુરુષ ૨૭% મહિલા
- **રહેઠાણ:** ૬૬% ગુજરાત ૩૪% અન્ય રાજ્ય
- **ઉંમર:** મુખ્યત્વે ૨૦ થી ૪૦ વર્ષ
- **મૃતક દાતા:** 30% ટ્રાન્સપ્લાન્ટ
- **સ્વેપ ટ્રાન્સપ્લાન્ટ:** ૯૦ સર્જરી
- **રોબોટિક સર્જરી:** ૪૩ સર્જરી
- **સરકારી સહાય (PM-JAY):** ૩૧૮ દર્દીઓને લાભ

# ગુજરાતની સાંસ્કૃતિક ધરોહરને પ્રતિબિંબિત કરતું વર્ષ ૨૦૨૬નું રાજ્ય કેલેન્ડર વિમોચન કરતા મુખ્યમંત્રી

**ઓટોમોબાઈલથી ડાયમંડ સુધીના ઉદ્યોગો અને પટોળાથી રોગાન ચિત્રકળા સુધીની લોકકલાનો સમાવેશ**

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજ્ય સરકારના વર્ષ ૨૦૨૬ના કેલેન્ડરનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ અવસરે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં 'આત્મનિર્ભર ભારત, આપણું ગૌરવ - વોકલ ફોર લોકલ' થીમ આધારિત આ કેલેન્ડરને નિહાળી મુખ્યમંત્રીએ આનંદ અને પ્રસન્નતા વ્યક્ત કરી હતી.



વર્ષ ૨૦૨૬નું આ રાજ્ય સરકારનું કેલેન્ડર ગુજરાતની ઔદ્યોગિક શક્તિ અને સાંસ્કૃતિક ધરોહરને એકસાથે રજૂ કરે છે. કેલેન્ડરમાં ઓટોમોબાઈલ ક્ષેત્ર, રાસાયણિક ઉદ્યોગ, ઔષધ ઉદ્યોગ, સિરામિક ઉદ્યોગ, સેમિકન્ડક્ટર તેમજ હીરા ઉદ્યોગ જેવા રાજ્યના મહત્વના ઔદ્યોગિક ક્ષેત્રોને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે.

આ સાથે જ ગુજરાતની સમૃદ્ધ પરંપરાગત કલા અને હસ્તકલા પણ આ કેલેન્ડરમાં આકર્ષક રીતે રજૂ કરવામાં આવી છે. તેમાં પાટણના પટોળા, કચ્છની હસ્તકલા, પિઠોરા ચિત્રકળા, બાંધણી, રોગાન ચિત્રકળા તેમજ અકીક કારીગરી જેવી વિશ્વવિખ્યાત લોકકળાઓને સ્થાન આપવામાં આવ્યું છે, જે રાજ્યની સાંસ્કૃતિક ઓળખને ઉજાગર કરે છે.

આ કેલેન્ડર દ્વારા સ્થાનિક

(અનુ. આઠમા પાને)

# જયંતી ભાનુશાલી હત્યામાં મનજી ભાનુશાલીને કોર્ટે આરોપી બનાવતા કેસમાં નવો વળાંક

**ભાજપના અગ્રણી જયંતી ભાનુશાલીની ટ્રેનમાં ફિલ્મી ઢબે ગોળી મારીને હત્યા નીપજાવવામાં આવી હતી, એક આરોપી મહારાષ્ટ્રની યરવડા જેલમાં હત્યા નીપજાવાઈ**

**અબતક, ગાંધીધામ**

અબડાસાના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાલીના ચાલતી ટ્રેને થયેલા હત્યાકાંડના સાત વર્ષે વળાંક આવ્યો છે. અબડાસાની રાતા તળાવ પાંજરાપોળના સ્થાપક મનજી ખેતશી ભાનુશાલી ઉર્ફે મનજી બાપુને કોર્ટે આરોપી બનાવ્યા છે.મનજી બાપુને આરોપી બનાવવા થયેલી અરજીને ભચાઉ સેશન્સ કોર્ટે મંજૂર કરી તેમની સામે સમન્સ કાઢીને ટ્રાયલ ફેસ કરવા



સ્પેશિયલ પીપી તુષાર ગોકાણી

હુકમ કર્યો છે. અબડાસાના પૂર્વ ધારાસભ્ય અને પ્રદેશ ભાજપના અગ્રણી જયંતી ભાનુશાલીની કચ્છથી અમદાવાદ જતી વેળાએ ટ્રેનમાં ફિલ્મી ઢબે ગોળી મારીને હત્યા નીપજાવવામાં આવી હતી. આ પ્રકરણમાં ૧૩ લોકોની અટક બાદ જામીન પર છૂટયા હતા જે પૈકી એક આરોપી મહારાષ્ટ્રની યરવડા જેલમાં હત્યા નીપજાવાઈ હતી. આ પ્રકરણ પૂર્ણતાના આરે છે,

(અનુ. આઠમા પાને)

# રાજ્યના ૭.૧૭ લાખ વિદ્યાર્થી ધો.૬માં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ આપશે

**મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ પણ આ જ પરીક્ષાના આધારે વિદ્યાર્થીઓને અપાશે**

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આવેલી જ્ઞાનશક્તિ, રક્ષાશક્તિ સ્કૂલ અને જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ માટે ૩૧ જાન્યુઆરીના રોજ લેવાનારી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ માટે સમગ્ર રાજ્યમાંથી ૭.૧૭ લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગતવર્ષની સરખામણીમાં આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં ૮૯ હજારનો વધારો થયો છે. આ વખતે પણ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તકની એકલવ્ય મોડલ સ્કૂલ અને સૈનિક શાળાઓમાં પણ આ જ કોમન એન્ટ્રન્સ ટેસ્ટના આધારે વિદ્યાર્થીઓને ધો.૬માં પ્રવેશ ફાળવવામાં આવશે. પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં ૨૭૨૯ કેન્દ્ર પર પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક સત્રથી જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ અને રક્ષાશક્તિ સ્કૂલ્સમાં ધો.૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજના માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરિટના આધારે સ્કોલરશીપ યોજના શરૂ કરવામાં આવેલી છે. વર્ષ ૨૦૨૫-૨૬થી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તકની શાળાઓ એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ અને સૈનિક શાળામાં પણ આ જ કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરિટમાં સમાવેશ થયેલા આદિજાતિ વિદ્યાર્થીઓને ધો.૬માં પ્રવેશ આપવામાં આવે છે, જે અનુસાર આગામી પરીક્ષા બાદ પણ પ્રવેશ ફાળવવામાં આવશે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધો.૧થી ૫નો અભ્યાસક્રમ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ, રક્ષાશક્તિ સ્કૂલ્સ અને ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તકની શાળાઓ (એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કૂલ્સ અને સૈનિક શાળા)માં

(અનુ. આઠમા પાને)

# સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલોના ૩૮ હજાર આચાર્યને "નેતૃત્વ"ની તાલીમ અપાશે

**પ્રથમ તબક્કામાં ૧થી ૩ જાન્યુઆરી દરમિયાન પ્રાથમિક સ્કૂલો માટે અને ૬થી ૮ જાન્યુઆરી દરમિયાન માધ્યમિક સ્કૂલોના આચાર્યો માટે તાલીમ યોજાશે**

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આવેલી ૩૮૫૩૫ સ્કૂલોના આચાર્યોને શાળા 'નેતૃત્વ' માટેની તાલીમ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક તથા માધ્યમિક સ્કૂલોના આચાર્યોને આ તાલીમ આપવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૧થી ૩ જાન્યુઆરી દરમિયાન પ્રાથમિક સ્કૂલો માટે અને ૬થી ૮ જાન્યુઆરી દરમિયાન માધ્યમિક સ્કૂલોના આચાર્યો માટે તાલીમ યોજાશે. તાલીમમાં એનઈપીમાં આચાર્યની ભૂમિકા, સર્વેક્ષણમાં સારૂ પરિણામ મેળવવા માટેની તૈયારી, વર્ગખંડમાં ભણાવવાની નવતર પદ્ધતિ જેવા મુદ્દાઓનો સમાવેશ કરાયો છે. ૨૦૨૭માં આવનારા નેશનલ એચિવમેન્ટ સર્વેમાં રાજ્યનું પ્રદર્શન સુધરે તે માટે આ તાલીમનું આયોજન કરાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ જીસીઈઆરટી દ્વારા 'નેતૃત્વ'ની તાલીમ અપાશે. બે તબક્કાની તાલીમ દરમિયાન શિક્ષણમંત્રી ડો. પ્રદ્યુમ્ન વાજા, રિવાબા જાડેજા દ્વારા બાયસેગના માધ્યમથી રાજ્યોના તમામ આચાર્યોને તાલીમના પ્રથમ દિવસે સંબોધિત કરવામાં આવશે. આચાર્યો માટે શાળા 'નેતૃત્વ' અંગેની તાલીમમાં સ્કૂલ લીડરશીપની લાક્ષણિકતા અને તે સંબંધિત અગત્યની બાબતો, નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ અનુસંધાને આચાર્યોની ભૂમિકા, નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક-૨૦૨૩ આધારિત અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા એટલે કે વર્ગખંડમાં ભણાવવાની પદ્ધતિમાં નવતર પેડાગોજીનો ઉપયોગ, નેશનલ એચિવમેન્ટ સર્વેના આગામી સર્વેક્ષણમાં ગુજરાત રાજ્ય ઉચ્ચ પરિણામ મેળવે તે માટેની તૈયારી, પરખ

(અનુ. આઠમા પાને)

**ગુજરાતમાં નકલીનો રાફડો**

# નકલી વેન્ટિલેટર અને ડિગ્રી બાદ હવે, નકલી નોટોમાં પણ ગુજરાત નંબર-૧: ડો. મનીષ દોશી

**નકલી નોટોનો કારોબાર એ માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ દેશની આર્થિક સુરક્ષા અને સ્થિરતા સામે ખતરારૂપ**

**અબતક, રાજકોટ**

નકલી નોટોનો કારોબાર એ માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ દેશની આર્થિક સુરક્ષા અને સ્થિરતા સામે મોટો ખતરો છે. કોંગ્રેસ દ્વારા રજૂ કરવામાં આવેલા તાજેતરના આંકડાઓ મુજબ, ગુજરાત આ ગેરકાયદે પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું હોય તેવું જણાય છે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું છે કે, ભાજપ શાસનમાં ગુજરાત નકલી ચલણી નોટોનું હબ બની ગયું છે. કેન્દ્ર સરકારે ૨૦૧૬માં નોટબંધી વખતે કરેલા દાવાઓ કે નકલી નોટોનો કારોબાર બંધ થશે,છેલ્લા દાયકામાં ગુજરાતમાં નકલી નોટોનો ગેરકાયદે કારોબાર અનેકગણો વધ્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાંથી ૧૭૬.૪૨ કરોડની ૩૨,૭૩,૧૪૧ જેટલી માતબર નકલી ચલણી નોટો ઝડપાઈ છે. વર્ષ ૨૦૨૨માં તો રેકોર્ડબ્રેક ૩૦ લાખથી વધુ નકલી નોટો પકડાઈ હતી, જેનું મૂલ્ય ૧૫૦ કરોડ રૂપિયા હતું. દેશભરમાં પકડાતી નકલી નોટોમાં ગુજરાતનો હિસ્સો રાષ્ટ્રીય સ્તરે સૌથી વધુ રહ્યો છે છે. એક તરફ ગુજરાતમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાય છે, ઝેરી દારૂ વેચાય

(અનુ. આઠમા પાને)

# સાયબર ફ્રોડના કિસ્સામાં 'ગોલ્ડન અવર' અત્યંત મહત્વપૂર્ણ: ૫૦% કેસોમાં રિકવરી

**રાજ્યમાં છેલ્લા એક મહિનામાં નોંધાયેલ ૧૨૧ કરોડના ઓનલાઈન ફ્રોડમાં પોલીસને તાત્કાલિક જાણ કરાતા ૬૧ કરોડની રકમ પરત મેળવવામાં સફળતા**

**અબતક, રાજકોટ**

ગુજરાતના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે ઓનલાઈન નાણાકીય છેતરપિંડી સામે લડવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. આંકડા સૂચવે છે કે, છેલ્લા મહિનામાં ૧૯૩૦ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર નોંધાયેલા કેસોમાં લગભગ ૫૦% રકમ રીકવર કરવામાં આવી છે. છેલ્લા માસમાં સાયબર ફ્રોડના કેસોમાં ૧૨૧ કરોડ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. જે પૈકી રૂ.૬૧ કરોડની રકમ મેળવવામાં સફળતા મળી હતી.

છેલ્લા બે દિવસના ડેટાએ સમયસર પ્રતિભાવની અસરકારકતા પર પ્રકાશ પાડ્યો હતો. રવિવારે, ૧૯૩૦ હેલ્પલાઈને ૧,૪૭૫ કોલ મળ્યા હતા. જેમાં ૬૮૫ નાણાકીય સાયબર છેતરપિંડી સંબંધિત



હતા. તે દિવસે કુલ ૧.૫૭ કરોડ રૂપિયાની છેતરપિંડીની રકમ સફળતાપૂર્વક પરત મેળવવામાં આવી હતી.

સોમવારે, હેલ્પલાઈનને ૨,૩૭૪ કોલ મળ્યા હતા. જેમાં ૧,૧૧૫ નાણાકીય છેતરપિંડી સંબંધિત હતા. જેમાં રૂ.૧૦.૫૪ કરોડ રૂપિયાની છેતરપિંડીમાંથી અધિકારીઓની ત્વરીત કાર્યવાહી કરી આશરે રૂ. ૯.૦૪ કરોડ એટલે કે ૮૫% રકમ પરત મેળવવામાં આવી હતી.

૨૯ ડિસેમ્બરના રોજ નોંધાયેલા ડિજિટલ અરેસ્ટકેસમાં તાત્કાલિક પ્રતિભાવને કારણે અધિકારીઓએ ૭.૧૨ કરોડ રૂપિયામાંથી ૭.૧૧ કરોડ રૂપિયા પરતમેળવ્યા હતા. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે નાગરિકોને સાયબર છેતરપિંડી અંગે તાત્કાલિક ૧૯૩૦ હેલ્પલાઈનનો સંપર્ક કરવા વિનંતી કરી છે અને ભાર મૂક્યો છે કે 'ગોલ્ડન અવર' દરમિયાન ઝડપી રિપોર્ટિંગ ભંડોળ વસૂલાતની શક્યતાઓમાં નોંધપાત્ર વધારો કરે છે.

**ચાર બજ ગયે લેકિન પાર્ટી અભી બાકી હૈ**

# આજે થર્ટી ફર્સ્ટનો જલવો, કાલથી અંગ્રેજીઓનું નવું વર્ષ

**રાતે બારના ટકોરે નાચગાન, કેક કટીંગ, ખાણી-પીણી ઉપરાંત પ્રવાસ પર્યટન કરીને પરંપરાગત રીતે નવા વર્ષની ધમાકેદાર ઉજવણી કરવામાં આવશે**

**અબતક, રાજકોટ**

અંગ્રેજી કેલેન્ડરના અંતિમ માસ ડિસેમ્બરની અંતિમ તા.૩૧ ડિસેમ્બરની રાતે એટલે કે આજે સૌરાષ્ટ્ર સહિત દેશભરમાં ઠેર-ઠેર યુવાનો દ્વારા નાચગાન, કેક કટીંગ, ખાણી-પીણી ઉપરાંત પ્રવાસ પર્યટન કરીને પરંપરાગત રીતે ધમાકેદાર ઉજવણી કરવામાં આવશે. આ નિમીત્તે રાજકોટ શહેર ઉપરાંત સૌરાષ્ટ્રમાં આવેલ હોટલ, ગાર્ડન રેસ્ટોરન્ટ, ફાર્મ હાઉસ, કોમ્યુનિટિ હોલમાં પરિવારજનો અને સમવયસ્ક મિત્રવર્તુળ સાથે યુવાનો મોટી સંખ્યામાં જશ્ન મનાવવા માટે ઉત્સાહભેર ઉમટી પડશે.

રાજકોટ શહેર અને જિલ્લાના યુવાનો ૨૦૨૫ના વર્ષના અંતિમ દિવસ ૩૧ ડિસેમ્બરને વિદાયમાન આપવા માટે તેમજ ૨૦૨૬ ના વર્ષને હરખભેર આવકારવા માટે પ્રવર્તમાન કમ્મરતોડ મોંઘવારીને વિસરી જઈને પણ ભારે ઉત્સુક જણાઈ રહ્યા છે. એક બાજુ અંગ્રેજી માધ્યમની કેટલીક શૈક્ષણિક સંસ્થાઓમાં નાતાલના મહાપર્વને અનુલક્ષીને ગત તા.૨૫ ડિસેમ્બરથી પડેલા મિની વેકેશન અંતગર્ત અસંખ્ય પરિવારજનો, સ્વજનો તેમજ સમવયસ્ક મિત્ર વર્તુળ સાથે પ્રવાસ પર્યટને જવા નિકળી ગયા છે. નાતાલના મિની વેકેશનની મોજ માણવા માટે દ્વારકા, સોમનાથ, સ્ટેચ્યુ ઓફ યુનિટિ, ડાકોર, અંબાજી, મોઢેરા, બહુચરાજી, શિરડી, મહાકાલ(ઉજજૈન),શ્રીનાથદ્વારા સહિતના નામી અનામી ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોએ સહેલાણીઓનો પ્રવાહ અવિરતપણે વધી રહ્યો છે. વર્ષ દરમિયાનના અનેક ખટ્ટમીઠા, યાદગાર અને અવિસ્મરણીય સંભારણાઓ ઉપરાંત અનેક સારા નરસા બોધપાઠ સાથે આજે રાત્રીના ૧૨ ના ટકોરે ૨૦૨૫ નું વર્ષ વિદાય લેશે. નૂતન વર્ષે અસંખ્ય નવીનતમ આશા, ઉમ્મીદો, અપેક્ષાઓ અને નવા ઉમંગ સાથે કાલે ૨૦૨૬ના વર્ષનો પ્રથમ સૂર્યોદય થશે. સાંજથી

(અનુ. આઠમા પાને)

## સૂર્ય નમસ્કારની ઊર્જા લઈ નવા વર્ષની શરૂઆત કરશે યુવા ધન

**જે નાગરિકો કાર્યક્રમમાં જોડાશે, તેમને પ્રોત્સાહન રૂપે ડિજિટલ પ્રમાણપત્ર આપવામાં આવશે**

નવું વર્ષ માત્ર તારીખ બદલાવાનો ઉત્સવ નથી, પરંતુ જીવનશૈલી સુધારવાનો અવસર પણ છે. આજના દોડધામભર્યા જીવનમાં યુવાનો માનસિક અને શારીરિક રીતે સક્ષ્મ બને તે હેતુથી વર્ષ ૨૦૨૬ના પ્રથમ સૂર્યોદયને નવી ઉર્જા અને સ્વાસ્થ્ય સાથે આવકારવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ એક અનોખી પહેલ કરવા જઈ રહ્યું છે. લાખો ગુજરાતીઓ એકસાથે સૂર્ય નમસ્કાર કરી 'સ્વસ્થ ગુજરાત'ના સંકલ્પ સાથે નવા વર્ષના શ્રીગણેશ કરશે. ૧ જાન્યુઆરીએ સવારે

(અનુ. આઠમા પાને)

